કુમાર


આવતી કાલનાં નાગરિકોનું માસિક

સંસ્થાપક : રવિશંકર રાવળ · વર્ષ ઓગણત્રીસમું અંક પહેલો · જાન્યુઆરી ૧૯૫૨ · સળંગ અંક ૩૩૭

તંત્રી · બચુભાઈ રાવત



ગુલદાવદીનાં ફૂલ : અમદાવાદમાં ભરાએલા આંતરરાષ્ટ્રીય ફોટોકલાપ્રદર્શનમાં સુવર્ણ પદક પામેલું ચીની કલાકાર ચુંગ-સામ ત્સોઈનું ચિત્ર



વર્ષાભીની

અમદાવાદના આંતરરાષ્ટ્રીય ફોટોકલા પ્રદર્શનમાં ગુણપ્રશંસા પામેલું
ચીનના શ્રી એસ. એચ. દાનનું ચિત્ર

કલાત્મક ફોટોગ્રાફીના વિકાસ અને પ્રચાર માટે અમદાવાદમાં છેલ્લાં પંદરેક વર્ષથી મોખરાનો ફાળો આપી રહેલા, ત્યાંના સૌથી અગ્રણી (વય અને પ્રવૃત્તિ બંને દૃષ્ટિએ અગ્રણી) મંડળ 'નિહારિકા'એ ગઈ તા. ૨૬મીથી ૩૦મી ડિસેમ્બર દરમ્યાન ત્યાં ભરેલા બીજા આંતરરાષ્ટ્રીય ફોટો-કલા પ્રદર્શનમાં રજૂ થએલી થોડી ચુનંદી કૃતિઓ આ અંકમાં આપી છે. દુનિયાભરના પાંચે ખંડના ૨૯ જેટલા દેશોના નિષ્ણાત ફોટોકલાબાજોની મળેલી ૮૦૪ જેટલી કૃતિઓમાંથી, પીઢ કલાકાર પરીક્ષકોએ ચૂંટેલાં જે ૨૦૬ ચિત્રો તેમાં રજૂ થયાં હતાં તે પૈકી ગુણ-પ્રશંસા (સર્ટિફિકેટ ઑવ મેરિટ) પામેલા આ ચિત્રમાં પ્રકાશ અને છાયાની અટપટી લીલાને કૅમેરાની કલા જે સામર્થ્યથી રજૂ કરી શકે છે તેની પ્રતીતિ મળશે. સુડોળ મુખાકૃતિવાળી ચીની યુવતીના મંદ હાસ્યની જ નહિ પણ તેણે ઓઢેલા પ્લાસ્ટિકના પારદર્શક રેઇનકોટની ભિનાશની પણ કમનીય કુમાશ તેમાં ઊતરી છે.

કુમાર
જાન્યુઆરી ૧૯૫૨
અંક ૩૩૭

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો


કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મા તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: ચૌદ આના



સ્વતંત્ર ભારતના રાજવહીવટમાં પ્રજાનું પ્રતિનિધિત્વ

આઝાદી મેળવ્યા બાદ આપણા રાજકારણમાં આ માસમાં એક **અતિ મહત્ત્વનો પ્રસંગ આવ્યો છે:** હવે પછીનાં પાંચ વરસ માટે આપણો રાજવહીવટ ચલાવવા સારુ આપણા પ્રતિનિધિઓ ચૂંટી મોકલવાનો. **તે માટે** આ દેશમાં જે ચૂંટણી હમણાં થઈ રહી છે તેની જંગી ચૂંટણી દુનિયાભરમાં અગાઉ કદી થઇ નથી. રાજકીય વ્યવસ્થા **માટે ભારતને अ, ब, क અને ड** એવાં ચાર પ્રકારનાં કુલ ૨૮ રાજ્યોમાં વહેંચી નાખવામાં આવ્યો છે. એમાં મૂળ હતા તે જ મુંબઇ, મદ્રાસ, પંજાબ, બિહાર, (પશ્ચિમ) બંગાળ વગેરે પ્રાંતોને अ પ્રકારનાં રાજ્યો ગણ્યાં છે. સૌરાષ્ટ્ર, રાજસ્થાન ને મધ્ય ભારત જેવા, નાનાંનાનાં રજવાડાંવાળા વિભાગોને સંયુક્ત કરીને રચેલા તથા મૂળનાં કાશ્મીર ને હૈદરાબાદ જેવાં મોટાં દેશી રાજ્યોને ब વર્ગમાં ગણાવ્યાં છે. क વર્ગમાં હાલ કમિશનરોના અમલ નીચે રખાએલાં પહેલાંનાં પાછલી હરોળનાં કચ્છ, અજમેર, કુર્ગ, મણિપુર જેવાં રાજ્યો છે. દિલ્હીનો પણ क પ્રકારમાં જ સમાવેશ કર્યો છે. આંદામાન નિકોબાર ટાપુઓને ड પ્રકારમાં મૂકી તેના પર સીધો દિલ્હીનો અમલ રાખ્યો છે. આમ કુલ ૨૮ રાજ્યોમાંથી ૧૭,૪૬,૯૯,૪૨૮ મતદારો દ્વારા દિલ્હીના લોકગૃહમાં બધા મળી ૪૯૯ સભ્યો ચુંટાઇને આવશે; જ્યારે રાજ્યોની પોતપોતાની ધારાસભા માટે પ્રજા બધા મળીને કુલ ૩૦૫૭ સભ્યો ચૂંટશે. કયું રાજ્ય કયા વર્ગમાં છે, તથા તે લોકસભામાં ને ધારાસભામાં કેટકેટલા પ્રતિનિધિઓ ચૂંટી મોકલશે, એ બધું ઉપર આપેલા નકશામાં દર્શાવ્યું છે.



કમલપત્રમાં અશ્રુબિન્દુ — ચિત્રકાર · સ્વ. અવનીન્દ્રનાથ ઠાકુર

પ્રાતઃકાળમાં કમળના પત્ર પર ટપકી પડેલાં તુષારબિંદુ એ વિદાય થતી રાત્રીએ સારેલાં વિયોગનાં અશ્રુ છે. એ કલ્પનાને કલાકારે અહીં મૂર્તિમંત કરી છે. પણ એ માત્ર કલ્પના નથી. ભારતનું સ્ત્રી તત્ત્વ કેટલું આર્દ્રતાપૂર્ણ અને મૃદુ છે તેનો ચિતાર અસાધારણ કૌશલપૂર્ણ રેખાંકન અને રંગોની ઋજુતાથી એમાં નિરૂપીને કલાનાં સર્વ અંગોને સંપૂર્ણ પ્રકાશ આપ્યો છે. એ સ્ત્રીપાત્રમાં અચૂકપણે ભારતનો નારીદેહ પ્રતીત થાય છે. દુઃખભારે વિહ્વળ અને વિયોગથી વ્યથિત એનું મુખમંડળ અલંકારમંડિત છતાં ભાવોર્મિઓથી કંપી રહ્યું છે એ તેના કંઠની, બાહુની અને વક્ષસની રેખાઓમાં ધ્વનિત થાય છે. પાછળ ધીરેધીરે રૂપાનો રંગ ઊપડે છે તેની આડે આ શ્યામલાનું રૂપસૌંદર્ય અનેરો વિરોધ કરે છે : જાણેકે પશ્ચિમની કળાને આવરવા મથતી ભારતની કલાલક્ષ્મી! અગર તો પોતાને વિદાય આપતા જગતને અશ્રુબિંદુનો સંદેશ આપતા કલાકારનાં એ ઊર્મિ તો નહિ હોય? કે પછી એ કલાકારના પરલોકપ્રયાણ પર અશ્રુ સારતી ભારતી લાગે છે? —ર. મ. રા.



ચિંતન ચિત્રકાર: શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી (કલાકારના સૌજન્યથી)

મુજ હે વિધાતા
(શાલિની-વસંત)

મુજ હે વિધાતા !
તેં આલેખી ભાલમાં અંધ લિપિ
એનાં રહસ્ય ઉકલે જયમ કાલ જાય.
જીવું તેની ન્યાળું છું નિત્ય રીતિ,
કેવી ક્ષણેક્ષણતણી પલટાય કાય !
ઝૂઝું તથૈવ તવ નિર્મિત માર્ગ મારા.

આવે તેને હર્ષથી હું વધાવું,
ને સૃષ્ટિ તો ય રચતો મનથી મનસ્વી.
તેં આલેખી જિંદગી આ, હું તારું
આંકું ભવિષ્ય પુરુષાર્થ વડે યશસ્વી.
ને આપણા ઉભયની લલકારું ગાથા.

રાજેન્દ્ર શાહ.

સાંઈ !
(પદ)

પાઇ પ્યાલી તેં સાંઈ! અમોને અમલ ચડયા ઘન ઘેરા.
આ મનનાં ઈંધણુ સળગાવ્યાં નાખ્યા ડુંગર ડેરા. પાઈ૦
આંખ મિંચી અંધારાં બાંધ્યાં ફૂટી સૂરજ સરવાણી,
એક આસને બેસી સફરી અરબી ઘોડી પલાણી,
કુરનિશ કરતા ઝુકયા હજૂરે કૈંક નવાબ નમેરા—પાઈ૦
નામ રહ્યું ના, ધામ ગયું તે કોણ જોરુ ને છોરૂ ?
જિતી બાજી આ છેલ્લીવેલી-જ્યાં નિજનું મૂકયું મોરૂ;
ઉડે અમારાં ઝુલ્ફાં પાગલ જાણે મોજી બટેરા—પાઈ૦
ઈલમની લકડી દીધી સાંઈ ! ધૂળમાં નાવ ચલાવી,
અલકમલકની આંખો જુએ કાઠની ગાય દુઝાવી;
પરકમ્મા કરતાં તુજ સાંઈ છૂટી ગયા ભવફેરા—પાઈ૦

પ્રિયકાન્ત મણિયાર

જિવ્યા ઘણું તમે—
(પૃથ્વી સૉનેટ)

જિવ્યા ઘણું તમે, જિવ્યા વરસ વ્યાશી,—ઓછું નથી;
ગણો અગર કાર્ય ને જીવન તો ય ઓછું નથી.
પુરાણ હયપીઠથી જીન ન અંત લગ ઊતર્યું;
શમ્યા ન પથડાબલા, નહિ યુવાની હેષા શમી.

તમે ગુરુ હતા, તપઃપૂત, અટંક સત્યાગ્રહી;
ડગ્યો જરઠ દેહ, કિન્તુ લગીરે ન બુદ્ધિ ડગી;
ભલે શ્રમ પડે અને ધી લથડે, ચડે ને પડે
પરંતુ ન અસત્યને પદ કદાપિ માથું નમે.

પ્રચંડ નગથી વહી સતત શી કલાજાહ્નવી
કદી મધુર મર્મરે, કદીક ઉગ્ર આવેગથી
તટે ઉભય વારિરાશિ છલકાવતી વેગથી
કરી ફૂલફલાઢ્ય ગુર્જરગિરાની ક્ષેત્રાવલિ.
તમે ઘણું જિવ્યા, મજાલ સ્યૂંલની ભલા કેટલી ?
×'વિનશ્વર બધું, અનશ્વર કલા મહા એકલી.'

જયન્ત પાઠક



બ. ક. ઠા.ને
(પૃથ્વી-સૉનેટ)

જુની જ ડમણીમહીં શિખરિણી* ચઢી ઊતરી,
અનુક્રમી રહ્યાં બધાં ય પગલાં પુરા પંથના;
વિષાદ ઘટમાળનો કદિક મંદ આક્રાંત*થી
વિલાપી ઉર ઠારતાં; વિવિધ અંગના સંગમાં—
વસંતતિલકા* પતીત, ઉપજાતિ* જાતિહીના,
દમામભર માલિની*, લલિત શાલિની* સ્રગ્ધરા*,
કદી દ્રુતવિલંબિતા*, કદીક મંજુભાષિણી* વા,
—લઈ ભટકતા, ન કયાંય ઘર માંડી રહેતા કદા.

પ્રચેતસભર્યાં વિશિષ્ટ તવ સ્પષ્ટ વ્યક્તિત્વને
ગમ્યું ન ઘસડાવું એવી વણઝાર સંગે, અને
મથી રસવિહોણી પૃથ્વી* પર ચાસ પાડયા નવા,
અને પ્રથમ ઝાપટે જળવિહોણી એ ભોંયથી
સુગંધ પમરી, સુધા ઉભરી, શી મુદા નિર્ઝરી !
કરામત કરી થીધો નવલ ફાલ પૃથ્વીશ તેં !

જસુ શાહ

× બ. ક. ઠા.ની કલાવિષયક એક સૉનેટ (અનુવાદ)ની પ્રથમ પંક્તિ : કે આ જગતમાં બધું નાશવંત છે; અગર છે માત્ર મહાકલા.

* છંદોના નામના શ્લેષ:ગુજરાતી કવિતામાં પૃથ્વી છંદનો લગભગ નવો અને રસ તથા ઓજથી ભરેલો વાપર શરૂ કરનાર તરીકે લેખવીને આપેલી અંજલિ: 'બધા જૂની ડગણીથી પુરાણા ચીલે ચાલ્યા જતા હતા—કોઈ વાર ઘટમાળનો વિષાદ મંદ આક્રાંત(મંદાક્રાંતા)થી વ્યક્ત કરતા; અને જુદીજુદી સ્ત્રીઓ—પતિત વસંતતિલકા, તથા જાતિહીના ઉપજાતિ (નબળી રચનાઓ)ને તો કોઈ દમામભર માલિની, લલિત શાલિની... વગેરે (છંદો)ને લઈ ભટકયા કરતા ને એકેની સાથે ઘર માંડી નહોતા રહેતા (સ્થિર સાધના નહોતા કરતા). તારા ચેતનાભર્યાં વિશિષ્ટ વ્યક્તિત્વને એમ વણઝારમાં ભટકવું ન ગમ્યું અને એક સ્થળે ક્ષેત્રબદ્ધ થઈ રસવિહોણી પૃથ્વી પર (જૂની પડતર જમીન પર-પૃથ્વી છંદ પર) મથી (સ્થિરતાથી સાધના કરીને)નવા ચાસ પાડયા.પરિણામે પહેલી જ ઝાપટે એ કુંવારી ધરતીમાંથી કેવી સુગંધ પમરી, સુધા ઊભરી, મુદા નિર્ઝરી !

કવિતા (અનિયતકાલિક) માટે પૈસા ને પૃચ્છા આવ્યા જ કરે છે. પણ એ તો 'અનિયત'કાલિક છે! પ્રકટ થયે આ પાના પર તરત ખબર અપાશે.

સ્વ. કલાગુરુ ડૉ. અવનીન્દ્રનાથ ઠાકુર

અને એમની આપકથા

'જ્યાં લગી હિંદમાં ભૂમિજાત કવિઓ ને કલાકારો નથી પાકચા ત્યાં લગી હિંદી રાષ્ટ્રીયતા વિષે આપણે ભ્રમમાં રહીશું એ કદાચ પાલવશે. પણ જે ઘડીએ હિંદમાં કલાનો નવપ્રાણ પાંગર્યો તે જ ઘડીએ. પછી ભલે એ દેશની રાષ્ટ્રીય પરિસ્થિતિ ગમે તેવી હશે તોપણ, એ પોતાને પીડી રહેલી ગુલામીની જંજીરો તોડીને ફગાવી દેશે એ નક્કી માનજો.'

એક અંગ્રેજ વિદ્વાને આજથી પચાસેક વરસ પર, ઈ. ૧૯૦૩માં લખેલા આ શબ્દો સાચા પાડવાનું સદ્‌ભાગ્ય એક જ— ટાગોર કુટુંબના બે નગીનાઓ–કવિવર રવીન્દ્રનાથ અને કલાચાર્ય અવનીન્દ્રનાથ–ને લલાટે લખાયું હતું એ જેમ વિધાતાનો કૃપાકટાક્ષ હતો, તેમ એ પણ વિધાતાનો કરુણ કટાક્ષ છે કે, એક કાળે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી ફુલ્લકુસુમિત થઈ રહેલા અને દેશની સંસ્કારિતાનાં વિવિધ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભાનાં અજવાળાં પાથરતા એ જ ટાગોર કુટુંબની શિરમોર પ્રતિભા રૂપ, એ જ કલાકાર અવનીન્દ્રનાથ ટાગોરનો અસ્ત થતાં આજે એ સઘળું તેજ વિલીન થઈ ગયું છે. અવનીન્દ્રના અવસાનની સાથે ટાગોરોનો સુવર્ણયુગ ખતમ થાય છે!

કલકત્તાના ગીચ અને ધમાલભર્યા રાજમાર્ગોમાંથી ફંટાતી દ્વારકાનાથ ટાગોર લેઇન નામની એક સાંકડી શેરીના અંતભાગે, એક વિશાળ ને એકાંત ચોરસ ચોકમાં બગીચાની ત્રણ બાજુએ મોટાં વિશાળ ભવનો આવેલાં હતાં. રોમન ઢબના ઊંચા થાંભલાઓથી મંડિત પશ્ચિમી સ્થાપત્યશૈલીએ બંધાએલાં એ જોરાસાંકો ભવનના ઓરડાઓ શુદ્ધ હિંદી પ્રણાલિનાં ઉપસ્કર, બેઠકો, પડદા, સુશોભનો, પાત્રો વગેરેથી સજેલાં હતાં. એ ત્રણમાંથી એકમાં, રવીન્દ્રનાથના ભવનની બરોબર સામેના ભવનમાં બે કલાકાર ભાઇઓ—ગગનેન્દ્રનાથ અને અવનીન્દ્રનાથ—રહેતા. ત્યાં ઊંચી પડછંદ કાયાવાળા, મજબૂત બાંધાના ને રોમનોના જેવા લાંબા ઝભ્ભા ઝુલાવતા ફરતા અવનીન્દ્રનાથને જોતાં અજાણ્યાને એ દેખાવે તો કલાકાર કરતાં કોઈ યોદ્ધા જેવા લાગે. પણ એનું અંતરંગ અત્યંત પટુકરણ હતું. એની પીંછી રેખાની રાગિણીઓ ને રંગના જાદુ પકડતી ને પ્રગટાવતી. સૂચનમાત્રથી કથનનો મર્મ વ્યક્ત કરતી ભારતીય માંડણી, જાપાની પીંછીની કુમાશ ને ઇરાની શૈલીના ઓપથી ઓજવંતાં એનાં ચિત્રોએ આખી દુનિયામાં ભારતીય સંસ્કારનો ડંકો વગાડી દીધો હતો. ઈ. ૧૯૧૪માં પારીસમાં ભરાએલા પ્રદર્શનમાં રજૂ થએલાં એનાં ચિત્રો જોઈ બડેખાં ફ્રેન્ચ કલાવિવેચકો પણ એકીઅવાજે પોકારી ઊઠેલા કે તે માત્ર ભારતનો જ નહિ પણ જગતનો એક મહાન કલાકાર છે. અને રોઈટરે દુનિયાભરમાં સમાચાર ચમકાવ્યા કે 'એક બીજા ટાગોરની જ્વલંત ફતેહ.'

અફસોસ! એ અવનીન્દ્રનાથ આજે નથી. એ સુંદર હિંદી ઉપસ્કરો ને મૂર્તિઓ, પાત્રો ને પરદાઓ, કશું રહ્યું નથી. વેળાની વળતી છાંયડી એવી આવી કે હિંદની સંસ્કારસમૃદ્ધિના એ અવશેષો અને જાદુઇ હવા ફેલાવતાં એમનાં ચિત્રોનો મહામૂલો સંગ્રહ એમને લોહીની પેઠે વેચી નાખવો પડયો. આ ભારતદેશનું રાષ્ટ્રીય સ્મારક થવા યોગ્ય એ જોરાસાંકો ભવનનું મકાન પણ વેચાઇ ગયું—એટલું જ નહિ, પાયામાંથી સાફ થઈ ગયું. રાજભવન જેવા એ મહાલયમાંથી નિર્વાસિત થઇને એમને જીવનના આખર ભાગમાં કલકત્તાથી પાંચ માઈલ દૂર, બરાકપોર ટ્રંકરોડ પર બડાનગર ખાતે ગુપ્તુનિવાસ નામના એક સાદા મકાનમાં રહેવા જવું પડયું, જ્યાં ગયા ડિસેમ્બર (૧૯૫૧)ની પાંચમી તારીખની રાત્રે સાડા દસે ૮૧ વર્ષની વયે એમનું અવસાન થયું.

ગઈ સદીના અંત ભાગમાં અંગ્રેજ અમલના 'સુખ'નું ધારણ જ્યારે દેશ પર સંપૂર્ણપણે ફરી વળ્યું હતું ત્યારે, સમસ્ત પ્રજાજીવન તેમાં ડીંગરાઇ ગયું હતું. "યુનિવર્સિટીઓમાંથી બહાર પડતા માણસો પારકાં બીબાંની છાપ જેવા પોપટિયા ને સંસ્કૃતિશૂન્ય બની નીકળતા; રામાયણ-મહાભારતનો મોંઘો સંસ્કારવારસો વિસરાઇને શેકસ્પીઅર ને ઇલિયડનો પટપટારો મચી રહ્યો હતો; હિંદી સંગીત હારમોનિયમમાં સમાઈ રહેતું હતું; ભારતીય પોષાકો ને અલંકારો જંગલી ગણાતા; પરદેશીઓ જ્યારે અહીંના છિન્નભિન્ન કલાઅવશેષોને મોંઘા ગણીને પોતાનાં સંગ્રહાલયો માટે ખેંચી જતા હતા ત્યારે હિંદીવાન પોતાની એ જ કળાલક્ષ્મીનો અનાદર કરી પરદેશી ઓલીઓ ખરીદી રહ્યો હતો; અજંટા, ઇલોરા કે સાંચીની કલાપતિભા ઉપર કાળની ધૂળના પોપડા જામી ગયા હતા ને રાજપુત તથા મુઘલ સમયનાં ચિત્રો ગામડી મનાઇને રાજા રવિવર્માની છાપો વખણાતી હતી; કલ્પના, પ્રેરણા કે આંતરદર્શનને ક્યાં ય અવકાશ જ રહ્યો ન હતો.

આવી હતપ્રભ મનોદશામાંથી ભારતવર્ષને પોતીકા સંસ્કારને માર્ગે વાળનાર એક સમર્થ નર બંગાળમાં પાક્યો. તેણે હિંદની પ્રાચીન કળાની શુદ્ધ પરંપરાનો તાર શોધી બતાવ્યો, પ્રકાશમાન લક્ષણાઓથી દીપતાં ચિત્રો વડે દેશની કલાલક્ષ્મીની પુનઃ પ્રતિષ્ઠા કરી અને મહાન ભારતીય કલાની દીક્ષા પામેલા યુવાન ચિત્રકારોનું દળ ઊભું કરી એ પ્રાચીન સંસ્કારની પ્રેરણાના નવા પાશથી દેશને રંગી દીધો. એ સમર્થ કલાવિભૂતિ તે અવનીન્દ્રનાથ ઠાકુર. એમનું જીવનવૃત્ત ભારતના પ્રત્યેક યુવાનના જીવનને પ્રસાદ અને પ્રેરણા આપે એવું છે." આજથી ચોવીસ વર્ષ ઉપર 'કુમાર'ના ૫૮મા અંકમાં એ આવી ગયું.

બંગાળના ગર્ભશ્રીમંત જાગીરદાર મહારાજા દ્વારકાનાથ ટાગોરના એક પુત્ર દેવેન્દ્રનાથ અને બીજા પુત્ર ગિરીન્દ્રનાથ. દેવેન્દ્રનાથના સૌથી નાના પુત્ર રવીન્દ્રનાથ; અને ગિરીન્દ્રનાથના પુત્ર ગુણેન્દ્રનાથ. એ ગુણેન્દ્રનાથને ત્યાં ઈ. ૧૮૭૧ના ઑગસ્ટની ૭મી તારીખે, વિ.સં. ૧૯૨૭ની જન્માષ્ટમીને દિવસે કલકત્તામાં દ્વારકાનાથ ટાગોર લેઈનમાં આવેલા જોરાસાંકો ભવનમાં અવનીન્દ્રનાથનો જન્મ થયો. આમ, કવિવર રવીન્દ્રનાથના એ પિતરાઈ ભત્રીજા થાય.

કોઈ મોટા રાજકુટુંબ જેવાં વૈભવ અને પ્રતિષ્ઠા ધરાવતા ટાગોરોની એ ત્રણે પેઢીમાં ઉચ્ચ આર્ય સંસ્કાર, ઉત્તમ કેળવણી અને અસાધારણ જ્ઞાનજિજ્ઞાસાની સાથે દરેકમાં કોઈ ને કોઇ કલાનો તંતુ પાંગરતો આવ્યો હતો. એટલે અવનીન્દ્રનાથની પ્રતિભાની પાછળ પુષ્ટ પરંપરાની ભૂમિકા હતી. એમના દાદા ગિરીન્દ્રનાથ અચ્છા

ચિત્રકાર હોઇને યુરોપીય ઢબે નિસર્ગદૃશ્યો ચીતરવામાં એમની સારી નામના હતી. ઉપરાંત તે નિષ્ણાત સંગીતજ્ઞ ને નાટ્યકાર હતા અને બંગાળી લોકનાટ્ય 'જાત્રા' માટે એમની રચેલી અનેક કૃતિઓ એ કાળે અત્યંત લોકપ્રિય થઈ હતી. પિતા ગણેન્દ્રનાથ ઉમદા ફોટોકલાકાર હોવા ઉપરાંત જે અનેકવિધ રસવિષયો ધરાવતા તેમાં બાગબાની ને પુષ્પઉછેરના નિષ્ણાત હતા ને પોતાના બગીચામાં ઉછેરેલાં પુષ્પો પર વિવિધ પ્રદર્શનોમાં ઈનામો મેળવેલાં. અવનીન્દ્રનાથના મોટા ભાઇ ગગનેન્દ્રનાથ તો લાક્ષણિક કલાકાર હતા જ. આ વાતાવરણમાં નાના 'અવન' (જે લાડકા નામે એ બોલાવાતા)ની શક્તિઓ બહુ સરળતાથી ખીલતી આવી. પાંચ વરસની વયે 'નૉર્મલ સ્કૂલ'માં ભણવા મૂકેલા, ત્યાં એક શિક્ષક એક અંગ્રેજી શબ્દનો ખોટો ઉચ્ચાર કરતા હતા તે આગ્રહપૂર્વક સુધારવા માંડતાં માર પડયો ને ઘેર જ શિક્ષણ લેવા માંડયુ. તે પછી આઠ કે નવની ઉંમરે અકસ્માત કુટુંબને ચન્દ્રનગર પાસે આવેલી ચંપદાણીની વાડીઓ પર રહેવા જવાનું થયું. ગંગાકિનારા પરના સો વીઘાં જમીનના એ વિસ્તાર પર મોર, બતક, બગલાં, અનેક સુંદર પંખીઓ તથા હરણ અને બીજાં પ્રાણીઓનો પાર નહોતો. વળી રંગબેરંગી પુષ્પગુચ્છો ને રૂપસુંદર ગાલીચાઓથી મંડિત ત્યાંના મકાનના એક ભાગમાં ભૂતનો વાસ મનાતો'બાલકલ્પનાને ઉત્તેજે એવા આ ગહન-સુંદર વાતાવરણે અવનીન્દ્રના મનોવેગને ભભકાવી દીધો અને પિતાની પેન્સિલો ને પીંછીઓ વડે તેણે ચિત્રો ચીતરવા માંડયાં. એવામાં અચાનક,એમના પર અપાર હેત રાખનાર પિતાનું અવસાન થયું અને એ ઘાને હૃદયમાં ભરીને કુટુંબ સાથે એમને કલકત્તા પાછા આવવું પડયું.

ત્યાં આવીનેસંસ્કૃત કૉલેજિયેટ શાળામાં શિક્ષણ લેવા માંડયું ને નાનપણથી જ સંસ્કૃત તરફના વલણ, વાચન ને પ્રેમને લીધે તેમાં અસાધારણ શક્તિ દાખવી.સરસ્વતી સ્તવનનું કાવ્ય રચવાની એક હરીફાઇમાં પ્રથમ ઇનામ મેળવ્યું અને અવારનવાર સુંદર કવિતાઓ રચીને તથા સુશોભિત ચિત્રો વડે તેને શણગારવા માંડી. માત્ર અંગ્રેજી નબળું હતું તે પાછળથી સેન્ટ ઝેવીઅર કૉલેજમાં (૧૮૯૦માં) દાખલ થઈને પાકું કરી લીધું. આ જ અરસામાં, વીસેક વર્ષની વયે ભુજંગભૂષણ ચૅટરજીની પુત્રી સુહાસિનીદેવી સાથે તેમનું લગ્ન થયું.

૧૮૯૨–૯૪માં 'સાધના'માસિકમાં કરેલાં ચિત્રો અને રવીન્દ્રનાથના નાટક 'ચિત્રાંગદા'નાં આલેખનો પછી રવિ કાકાના આગ્રહથી તેમણે લખવા માંડયું.અને કદાચ તેમની પીંછીની યે પહેલાં તેમની શબ્દશક્તિએ લોકોનું ધ્યાન વિશેષ ખેંચ્યું. 'શકુંતલા,' 'ખીરેર પુતુલ' (માવાની પૂતળી,)'રાજકાહિણી,' 'ભૂતપત્રીર દેશ,' 'નાલક,' 'પથવિપથે.' 'નદીનારે, સમુદ્ર તીરે, ગિરિશિખરે.' આદિ બાલભોગ્ય પુસ્તકોમાં કિશોર કલ્પનાઓને ચગાવે તેવી તેમની શબ્દજાદુગરી અદ્ભુતરીતે વિલસી છે અને સમૃદ્ધ તથા શોભનમંડિત શબ્દચિત્રણા માટે બંગાળી સાહિત્યમાં એ બધાં પુસ્તકો મશહૂર છે. સાથેસાથે તેમણે સંગીતની તાલીમ પણ લેવા માંડી. ઇસરાજ બજાવવાના તો તે ઉસ્તાદ હતા અને રવીન્દ્રનાથને 'અવન'ના ઈસરાજ સાથે પોતાનાં ગીતો ગાવાનું ખૂબ ગમતું.



કલાચાર્ય ડૉ. અવનીન્દ્રનાથ ઠાકુર તેમની સિદ્ધિના મધ્યાહ્ને (ફોટો · હુર્લીમાન)

ઈ. ૧૮૯૭માં તે કલકત્તાની સરકારી કળાશાળાના વાઈસ પ્રિન્સિપાલ અને ઈટાલિયન કલાકાર સિનોર ગિલહાર્ડીના સંપર્કમાં આવ્યા અને તેમની પાસેથી કળાનું રીતસરનું શિક્ષણ લીધું. એ જ ગાળામાં ચાર્લ્સ પામર નામે અંગ્રેજ કલાકારે કલકત્તામાં સ્ટૂડિયો ખોલ્યો. તેની પાસે ત્રણ કે ચાર વરસ એમણે સખત પરિશ્રમ કરીને યુરપીય પદ્ધતિની ચિત્રણા સંપૂર્ણપણે હાથ કરી લીધી. તેની પ્રતીતિ તેમનાં પ્રારંભકાળનાં ઑઇલ પેઇન્ટિંગ તથા પેસ્ટલ તસ્વીરોમાં મળે છે.

ઈ. ૧૯૦૦માં અવનીન્દ્રનાથને મોંઘીર જવાનું થયું.ત્યાં એમની કળાએ જુદું જ વલણ લીધું. ત્યાંના ગંગાઘાટ પરના હિંદુ જીવનની લીલા તેમણે જળરંગો (વૉટર કલર)માં ઉતારવા માંડી અને પોતાની જ કલ્પનાથી 'કૃષ્ણલીલા'નાં જે કેટલાંક ચિત્રો કર્યાં તે મિ. પામરને



[illegible] પર ૧૯૨૦માં દોરેલો અવનીબાબુનો સ્કેચ (રવિશંકર રાવળ)

બતાવતાં એ ખુશ થઈ ગયો અને કહ્યું કે 'તમે લોકો નાહકના અમારા અનુકરણમાં પડો છો. તમારી સંસ્કાર-પરંપરા અને જીવનલીલા તો સમૃદ્ધ છે. તેને જ વ્યક્ત કરો.'

આ ટકોરે અવનીન્દ્રનાથને વિચાર કરતા કરી મૂક્યા, અને એ જ અરસામાં એક મહત્ત્વનો બનાવ બન્યો. જોરાસાંકો ભવનના પુસ્તકાલયમાંથી પુરાણી હિંદી-ઈરાની ઢબે ચીતરેલું એક હસ્તલિખિત પુસ્તક એમને હાથ આવ્યું. તેની અદ્ભુત લિપિકલા અને અપ્રતિમ સૌંદર્યમંડિત રંગાવટ તથા ચિત્રણાએ એમની કલ્પનાને સળગાવી મૂકી, અને જીવનમાં કદી નહિ અનુભવેલી એવી ચિત્રોની અભિનવ સ્વપ્નસૃષ્ટિ તેમની નજર આગળ સાકાર થવા લાગી.

બસ. આજની ઘડી ને કાલનો દહાડો. ત્યારથી એમણે 'જોવું તેવું ચીતરવું'ની પશ્ચિમી શૈલી છોડી દીધી અને કલ્પનાભોમમાં રમી રહેલી સૌંદર્યસૃષ્ટિને સ્મૃતિના બળે જેવી આવે એવા અપરૂપ આકારે ઉતારવા માંડી. પછી તો એ 'ભારતીય કલાના સર્વ ભંડારો ફંદી વળ્યા. અજંતાની પ્રેરણા લીધી, રાજપુત કમલનું લાલિત્ય પકડ્યું, મુઘલ કલમની સુકુમારતા હાથ કરી, બૌદ્ધ સાધુના જેવી ભાવસૃષ્ટિ કેળવી, ને યુરોપીય કલાના સંવિધાનની તેમાં મિલાવટ કરીને એ સર્વનો અદ્ભુત સુમેળ પ્રકટાવી એમણે ચિત્રકળાનાં નવાંનવાં ક્ષેત્રોમાં સિદ્ધની પેઠે જે કલમ ચલાવી એ જોઈ ભલભલા કલાકોવિદો એમની પ્રશંસા કરી ઊઠયા.'

આ જ અરસામાં કલકત્તા કલાશાળાના આચાર્યપદે મિ. ઈ. બી. હૅવેલ નામનો એક નૂતન દૃષ્ટિનો અંગ્રેજ આવ્યો. ભારતીય કલાલક્ષ્મીની સમૃદ્ધિ તેને પહેલેથી જ રોમાંચિત કરી ગઇ હતી. તેનામાં સાચા કલાકારની દૃષ્ટિ, ઋષિ જેવું અંતર્જ્ઞાન અને મહારથીની દક્ષતા હતાં. એટલે અવનીન્દ્રનાથની પ્રતિભા જોતાવેંત તેણે તેમનો સંપર્ક સાધ્યો અને સરકારી કલાશાળામાં હિંદી પરંપરાનું શિક્ષણ સ્થાપવાના પોતાના સાહસમાં એમનો સાથ માગ્યો. તે પછીથી અવનીન્દ્રનાથ એ કલાશાળાના ઉપાચાર્ય થયા. એ બંનેની જોડીએ ભારતીય કલાલક્ષ્મીની પુનઃસ્થાપના કરવા માટે, પ્રચંડ વિરોધવંટોળ સામે અડગ રહીને કેવો પરિશ્રમ કર્યો, એમાં આજના પીઢ કલાકાર નંદલાલ બસુથી માંડીને લગભગ બસો જેટલા ભારતીય કલાના શિષ્યો કેમ તૈયાર કર્યા, અને એ કલાના પુરસ્કાર અર્થે મોટાભાઈ ગગનેન્દ્રનાથના સહકારથી કલકત્તામાં 'ઓરીએન્ટલ આર્ટ સોસાએટી' સ્થાપીને કલા પ્રચાર માટે કેવા ભગીરથ પ્રયત્નો કર્યા તેની કથા તો સુપરિચિત છે. નોકરીની મુદત પૂરી થયે હૅવેલ ઇંગ્લંડ ગયા ત્યારે અવનીન્દ્રનાથને કલાશાળાનું આચાર્ય પદ સોંપતા ગયા. કલકત્તા યુનિવર્સિટીએ એમને 'વાગીશ્વરી વ્યાખ્યાતા' તરીકે કલા પર વ્યાખ્યાનો આપવા આમંત્ર્યા. એ વ્યાખ્યાનો તથા 'ભારત શિલ્પ' અને 'કળાના ષડંગ' (છ અંગ) નામે બે રત્ન સમાં પુસ્તકોમાં કળાની જે વિશદ અને વિદ્વત્તાપૂર્ણ મીમાંસા એમણે કરી તેથી પ્રસન્ન થઇ કલકત્તા યુનિવર્સિટીએ એમને ડૉક્ટર'ની પદવીથી વિભૂષિત કર્યા ને અંગ્રેજ સરકારે એમને 'સી.આઈ.ઈ.'ના ખિતાબથી નવાજ્યા.

'સ્મૃતિ અને ધ્યાન વડે સમાધિમાં જે દર્શન થાય તે જ સ્વયંભૂ અને મૌલિક ચિત્રદર્શન ગણાય, એ હિંદી કલાના મૂળ સૂત્ર ઉપર ભારતીય કલાનું નવમંડાણ કરીને એમણે કલાના પરિવ્રાજકો જેવા અસંખ્ય શિષ્યોની પરંપરા ઊભી કરી. કલાનાં સંશોધનપૂર્ણ એમનાં વ્યાખ્યાનો આજે હિંદી કલાના પાઠ્યગ્રંથો બન્યા છે. ભારતીય કલાનું આજે સર્વત્ર જે પૂજન ને સન્માન થાય છે તેનો મુખ્ય યશ કલાના ઉષઃકાલના એ પૂજારીને છે, અને ભારતીય કલાના ઇતિહાસમાં તેમનું નામ એક તેજસ્વી નક્ષત્રની પેઠે પ્રકાશવંતું રહેશે.'

કવિવર રવીન્દ્રનાથે લખેલી 'જીવનસ્મૃતિ'ની જેમ એમણે પણ પોતાના ઘડતરકાળનાં સ્મરણો ત્રણ પુસ્તકોમાં આપ્યાં છે: 'આપન કથા', 'જોરાસાંકોર ધારે' અને 'ઘરોયા'. એમાંનાં છેલ્લાં બે, તે લખાવતા ગયા તેમતેમ વિખ્યાત બંગાળી ચિત્રલેખા શ્રીમતી રાણી ચંદે લખી લીધેલાં પ્રસિદ્ધ થયાં છે. એમાં ગઈ સદીના અંત ભાગના બંગાળના જીવનનું દર્શન, રાજશાહી ટાગોર કુટુંબનું વિદ્યાવ્યાસંગી વાતાવરણ, તેમાં ઊછરતાં તેજસ્વી બાળકોની સંગીત, સાહિત્ય, ચિત્ર આદિ પ્રવૃત્તિઓનો ઉદ્ભવ, તેમાં ફાળો આપનાર દેશી વિદેશી સંસ્કારસ્વામીઓનો પરિચય, વગેરે એ સંસ્કાર સાધનાનાં રંગદર્શી સ્મરણો છે. શ્રી રમણિક મેઘાણીએ શ્રીમતી રાણી ચંદની ખાસ અનુમતિ મેળવીને તે 'કુમાર' માટે અનુવાદિત કર્યાં છે, જે ઉચિત ચિત્રસામગ્રી સાથે તેમજ ક્વચિતક્વચિત અવનીન્દ્રનાથની ચૂનંદી કલાકૃતિઓ સાથે આ વર્ષમાં આવવાં શરૂ થાય છે.

જ્યારે હજી સ્મૃતિના અંકુરો ફૂટતા હતા એવા તદ્દન શિશુકાળનાં સંસ્મરણોનો આ નીચેનો પહેલો હપતો 'આપન કથા'માંથી શ્રી ત્રંબકલાલ શુક્લે અનુવાદિત કરેલો આપ્યો છે.

૧ પદ્મ દાસી

રાત્રિના અંધકારમાં વૃક્ષઝુંડની વચ્ચે ઇશાન ખૂણામાં આવેલું અમારું ત્રણ માળિયું ઘર નાનકડું દેખાય છે. (અનુ૦ પૃ. ૨૯મે)

અવસર ચૂક્યા મેહુલા

એ મથાળું પણ જેનો વિભાવ વ્યક્ત કરવા અસમર્થ છે એવી વાર્તા

લેખક
ચુનીલાલ મડિયા



જુવાનજોધ દીકરાને ખંધોલે ઉપાડીને તે કેટલોક પંથ કાપી શકાય?

આગલાં સ્ટેશનો પરથી જ ગાડી મોડી થતી આવતી હતી ને એમાં વળી વાંકાનેર જંકશને ક્રૉસિંગમાં અરધો કલાક પડી રહી તેથી ઉતારુઓ અકળાઈ ઊઠ્યા: 'આ કાઠિયાવાડની ગાડીઓ! આના કરતાં તો રગશિયાં ગાડાં વાજેવાજ જાય.'

'દુનિયા આખી સુધરી પણ ગાડીઓ સુધરી નહિ. બસો બે રજવાડાંની બાપુશાહી ગઈ, પણ બાપુની ગાડી તો હતી એવી જ રહી—અધરણીનાં પગલાં ભરતી હાલતી હોય એવી.'

'પણ આંહી એના કોઇ પિયરિયાંનાં સગલાં આવીને પગલે પગલે પૈસા મેલે એમ નથી!' કોઈએ કટાક્ષમાં કહ્યું. અને એ કટાક્ષનો પણ ઉત્તર આપનાર એક ઉતારુ નીકળ્યો: 'પૈસા તો, આ ટિકિટ કપાવી ત્યારના બાળી જ બેઠા છીએને! બનેવી મટીને સાળા થયા પછી તો એના જ ઓશિયાળા. મન ફાવે ત્યારે વીરમગામ પહોંચાડશે.'

ઓતરા-ચીતરાનો ઉકળાટ તો ડબામાં સહુ ઉતારુઓને હુતાશણી તળે માટલામાં ઘૂઘરી બફાય એમ બાફી રહ્યો હતો, એમાં વળી આ માનસિક ઉકળાટ ઉમેરો કરતો હતો. કદાચ આ બેવડી વરાળ સ્ટેશન માસ્તર અને ગાર્ડના મગજ સુધી પહોંચી હશે, તેથી જ આખરે રહીરહીને પણ 'લાઇન ક્લીઅર' અપાઈ અને લીલી ઝંડી ફરકી.

મેં રાહત અનુભવી. વળતે દિવસે સવારમાં જ મારે એક ચાલુ નવલકથાનો હપ્તો કંપોઝમાં આપવાનો હતો. એ મેં છેક જેતલસર જંકશનથી લખવા માંડેલો પણ હજી પૂરો થયો નહોતો. ગાડી ઊભી રહે ત્યારે બફારો વધી જતો અને હવે તો એમાં આ પ્રવાસીઓનો બબડાટ પણ ઉમેરાતો હતો. આવા અનેકવિધ કલબલાટ આડે કાંઈ લખાતું નહોતું. પણ હવે વાંકાનેર વળોટ્યા પછી વીરમગામ સુધીમાં ચાલુ પ્રકરણ પતાવી નાખીશ એવી ધારણા હતી ત્યાં સુરેન્દ્રનગર સ્ટેશને ફરી એ જ આફત શરૂ થઇ. અહીં તો શંટિંગને પરિણામે આખી ગાડીના ત્રણ ટુકડા થઇ ગયા અને એ ટુકડાને સાવ છુટા વાયા મૂકીને એન્જીન તો કોણ જાણે ક્યાં ગાયબ થઇ ગયું. ખાસ્સા એક કલાક સુધી ડબ્બા આવી છિન્નભિન્ન અવસ્થામાં જ પડ્યા રહ્યા. હવે તો, છેક વાંકાનેરથી અકળાઈ ઊઠેલા ઉતારુઓની અકળામણે માઝા મૂકી.

'સ્વરાજ મળ્યું તો ય આપણા હાલ તો ત્રણ પવાલાં ને ત્રણ પવાલાં જેવા જ રહ્યા.'

'સીમાડા ભૂંસી નાખ્યાની ને એકમ કર્યાની મોટીમોટી વાતું કરે છે. ઠાલું થૂક ઉડાડવા જેવું—'

'એકમની તો વાત કરશો મા. ઓલી ચોપડી નથી વાંચી?—એકમ નહિ પણ અમાસ છે, અમાસ.'

'ગાડી નથી હાંકી શકતાં એ લોક રાજકારભાર શું હાંકવાનાં હતાં!'

આ બધો રોષ છેક જ અકારણ હતો એમ પણ કેમ કહેવાય? સ્ટેશન પર એવી તો નીંભર સ્વસ્થતા દેખાતી હતી કે જાણે કે ટ્રેઇન

જેવી કાંઈ ચીજ ઊભી જ ન હોય ! ગાર્ડ, ટી. ટી. ઇ. અને સ્ટેશનના માણસો ટી-સ્ટૉલ પર ઊભાઊભા ઊનાંઊનાં ભજિયાંની જયાફત ઉડાવતા હતા; ઉતારૂઓ ઘડિયાળમાં જોયા કરતા હતા અને ગણતરી કર્યે જતા હતા: 'બે કલાક ને આડત્રીસ મિનિટ લેઈટ થઈ ! હજી તો કોણ જાણે કેટલી વાર પડી રહેશે.'

મારું નવલકથાનું પ્રકરણ અરધે આવીને અટકયું હતું. બેંતાળીસ પ્રકરણ સુધી પહોંચેલી કથામાં નાયક-નાયિકાને પહેલી જ વાર–આ પ્રકરણમાં જ–મેં ભેટો કરાવ્યો હતો. મિલનસ્થાન તરીકે ભારે જહેમત લઇ સુંદર ઉપવનનું ચિત્રણ કર્યું હતું. બન્ને વિરહાત્માઓને શાતા આપવા માટે ને પ્રસંગને અનુરૂપ વાતાવરણ જગાવવા સારુ યાદ આવી શક્યાં તેટલાં સુંદર પુષ્પોની સુવાસ ઊભી કરી હતી. હવે, આગલા હપ્તાને અંતે આપેલા વચન 'વધુ રસિક ભાગ આવતે અંકે' અનુસાર બન્ને પાત્રો વચ્ચે રસિક સંવાદ કરાવવાનો હતો. પણ આખા ડબ્બામાં ચાલી રહેલા કાળા કકળાટ વચ્ચે નવલકથામાં રસિક સંવાદ જામી ક્યાંથી શકે ? અને હવે તો મને પણ લાગવા માંડયું હતું કે આ કકળાટ વ્યાજબી હતો. દોઢ કલાકે માંડમાંડ એન્જિન આવ્યું અને એ પછી પણ પા કલાકે અણે વ્હિસલ વગાડી.

ગાડી ઊપડી તો ખરી, પણ ઉતારૂઓના જીવ ઊચક થઈ ગયા. સૌને ભય પેઠો હતો કે વીરમગામથી મુંબાઈના મેઇલનું કનેક્શન નહિ મળે. અને જે ગતિએ ગાડી ચાલતી હતી એ જોતાં પણ એમ લાગતું હતું કે આ મોડું થયેલું ભરતિયું ગાડું જરૂર મિસકનેક્શન કરાવશે.

'મુંબઇનો મેઈલ આનાં ઉતારૂને લીધા વિના ન જાય. મોડું થાય તો રાહ જુએ, પણ કનેક્શન તો મેળવે જ.' કોઈએ આશાવાદી સૂર કાઢયો.

'અરે એ જમાના ગયા. હવે તો મુંબઇની ગાડી એક મિનિટ પણ વધારે નથી ખમતી. એ તો બ્રોડ ગેજની ગાડી છે, બ્રૉડ ગેજની.'

'હું તો દર અઠવાડિયે મુંબઈની ખેપ કરું છું. મારે ઘણી ય વાર વીરમગામ ટાંટિયા ઘસતાં પડયું રહેવું પડે છે.'

આ છેલ્લી ઉક્તિએ ફરી સૌને ગભરાવ્યાં. ફરી પૂર્વવત્ કકળાટ જામ્યો. આ વખતે તો, ગાડી મોડી થવાનાં અગમ્ય કારણોમાંના એકની કોઇકે શોધ પણ કરી: 'તમે જાણતા નથી ? મારા વાલીડા આ ગાર્ડ, વીશીવાળાઓના મળતિયા હોય છે. હાથે કરીને મિસ-કનેક્શન કરાવે ને ઉતારૂ આખી રાત પડયા રહે. વીશીવાળાને કમાણીમાં તડાકો થઈ જાય. એમાં ગાર્ડનો અરધોઅરધ ભાગ હોય.'

આ નવી જાહેરાતે તો સૌને એવાં ઉશ્કેરી મૂકયાં કે ગાર્ડ પર ગાળો જ વરસવા લાગી. ગાર્ડમાંથી આખા રેલવેતંત્ર સુધી ને ત્યાંથી છેક સરકાર સુધી વાત વિસ્તરી અને વીરમગામના દીવા દેખાતાં સુધીમાં તો 'આખી સરકાર સડેલી છે'નું ભરતવાક્ય ઉચ્ચારાઈ ગયું.

ગાડી પ્લૅટફૉર્મ પર આવતાં જ મજૂરોએ સમાચાર આપ્યા કે મુંબઇનો મેઈલ ઊપડી ગયો છે ! મેઇલ ઊપડી જ ગયો છે અને હવે બીજો કોઈ આરોવારો નથી એ વાસ્તવિકતાનું ભાન થતાં ઉતારૂઓનો બધો જ શારીરિક તેમજ માનસિક ઉકળાટ ઓસરી ગયો.

હવે તો સવારે મળનારી એક્સપ્રેસની પ્રતીક્ષા કરવા માટે અમે ચાર જણાઓએ પ્લૅટફૉર્મ પર જ પાથરણું પાથરીને ગંજીપો કાઢયો અને હુકમબાજી માંડી દીધી. આમે ય, ગાડી ચૂકી જવાને લીધે મારી નવલકથાનું પ્રકરણ વળતી સવારે સમયસર પહોંચે એમ નહોતું તેથી અને વળી, નાયક-નાયિકાના પ્રથમ જ મિલનના આલેખનમાં ઉતાવળ કરાવાનું લાજિમ ન ગણાય એમ લાગવાથી મેં આગળ લખવાનું માંડી વાળ્યું હતું. નાયક-નાયિકાને પડતાં મૂકી હું પણ હોંશભેર આ રાજારાણી અને ગુલામ વગેરેની પત્તાંની સૃષ્ટિમાં જોડાયો હતો.

રમતાં રમતાં, આ મિસકનેક્શનને કારણે કાન ક્યાંક્યાં મહત્ત્વનાં કામ રઝળી પડયાં એના હેવાલો પણ રજૂ થતા હતા. અમારા સાથીઓમાં એક ભાઇ શેરબજારના મોટા ખેલાડી હતા. આ અઠવાડિયે એમને મોટી ખોટ ગઇ હતી અને આવતી કાલે થનારા વલણમાં શાખ ટકાવી રાખવા તેઓ રકમની જોગવાઇ કરવા કાઠિયાવાડ ગયેલા. હવે આવતી કાલે, છતી રકમે પોતે વલણ પતાવવા પહોંચી નહિ શકે એ બદલ તેઓ વિમાસણ અનુભવી રહ્યાં હતા: 'આબરુના કાંકરા થાશે.'

'કાંઈ કાંકરા નથી થાતા. રકમ બચી ગઇ એમ ગણોને ભલા માણસ !' એક જણે હસીને પેલા શેરબ્રોકરને આશ્વાસન આપ્યું. દિવસના ઉકળાટ અને કકળાટ પછી રાતના શાંત વાતાવરણમાં ઉતારૂઓની રમૂજવૃત્તિ ખીલી હતી: 'લેણદારોને કહી દેજો કે મિસકનેકશન !'

અને સહુ ખડખડાટ હસી પડયા.

'પણ ભાઇસાબ, મારે તો મિસકનેક્શન પણ કહેવાય એમ નથી.' મહિને રોકડા પંચાવનનો મહાન પગાર મેળવનાર, મૂળજી જેઠા મારકીટના એક ગુમાસ્તાએ ગંભીર અવાજે કહ્યું: 'મારે તો આજે જ દુકાને હાજર થઇ જવાનું હતું એને બદલે હવે પરમ દિવસે પહોંચાશે. શેઠ દુકાનનો ઉંબરો નહિ ચડવા દિયે.'

'શેઠ શું, શેઠના બાપને ય સંભળાવી દેવું: મિસકનેકશન.'

નાટકના કૉમિકપ્રવેશોમાં વારેવારે ઉચ્ચારાતા તકિયા–કલામની જેમ આ 'મિસકનેકશન' શબ્દ પણ વિશિષ્ટ હાસ્ય પ્રેરતો હતો.

'મારે તો મુંબઈ તાર મેલવો પડશે.' એક ગૃહસ્થ બોલ્યા. 'કાલ સવારમાં તો મારા ભાણેજને જનોઇ આપવાનું મુહૂર્ત છે. મારા વિના એ બટુકને કાશીએ જતો રોકશે કોણ ?'

'બટુક ભલેને કાશીએ જતો ! તમારે કહી દેવું કે મામાનું મિસ-કનેકશન !' શેરબ્રોકરે કાળીનો બાદશાહ ઊતરતાં હર્ષાવેશમાં કહ્યું.

'એવાં મિસકનેકશન તે કાંઈ ચાલતાં હશે !' પેલા ગૃહસ્થ વધારે ગંભીર બની બોલ્યા: 'આ કાંઈ શેરબજારના વલણની વાત થોડી છે ? આ તો સંસારના વહેવારની વાત. સરઅવસરે હાજર ન રહીએ તો જિંદગીભરનાં મેંણાં રહી જાય ને સગાંસગાં વચ્ચે છેટાં પડી જાય.'

'સાચી વાત છે.' અત્યાર સુધી સાવ મૂગા રહેલા–અને તેથી જ કદાચ બાજી ઉપર બાજી જીતી રહેલા–એક આધેડ ઉમરના ઓછા-બોલા અને ઉદાસીન વેપારીએ કહ્યું: 'અવસર ચૂકયા મેહુલા કાંઇ અમરતું નહિ કહેવાતું હોય. સારેમાઠે અવસરે આવીને ઊભા રહે એનું નામ સગા. આ તમે જનોઈ અપાઈ ગયા પછી બીજે દિવસે જઇને ઊભા રહેશો એ શું કામના ? અવસર ચૂકયા મેહુલા,—'

એકજ શ્વાસે, એક જ કહેવત બબ્બે વાર ઉચ્ચારી નાખનાર આ માણસ કહેવતોનો રસિયો હશે એમ જાણીને મને મારી નવલકથાને લાભ થશે એ દૃષ્ટિએ એનામાં રસ જાગૃત થયો. દરમિયાન એના ચોકડીના એકાની ઊતરમાં એ એકાને મેં લાલના હુકમ વડે કાપ્યો એટલે પેલા શેરબ્રોકર બરાડી ઊઠયા: 'ચોકડીનું મિસકનેકશન !'

ગાડી ચૂકી જવાથી આવતી કાલે વલણમાં પોતે મોટી રકમની ચૂકવણીમાંથી ઊગરી જશે એ ખ્યાલે આ સટોડિયો એટલો આનંદી ઊઠયો હતો કે વાતેવાતમાં–ને ઉત્તરોત્તર મોટે અવાજે–મિસકનેકશન-ના બરાડા પાડતો જતો હતો. અમે પંદરસત્તર બાજી રમ્યા એ દરમિયાન બે વાર ચા પી નાખી હતી. એનાં પ્યાલારકાબી ભેળાં કરવા આવેલા ચાવાળા છોકરાએ એક ખૂટતી રકાબીની શોધ કરી ત્યારે પણ આ શેરબજારિયાએ જાહેર કર્યું: 'કપ અને રકાબીનું મિસકનેકશન !'

'તમારા આ મિસકનેકશન શબ્દ ઉપર તો મારે એક વાર્તા લખવી પડશે.' મેં કહ્યું. હુકમ બાજીની આટલી લાંબી હારજીત દર-

નવલિકા-નાટિકા

હરીફાઈનું પરિણામ

ગયા વર્ષના ફેબ્રુઆરીથી ડિસેમ્બર સુધીના ૧૧ માસ દરમિયાન 'કુમાર'માં આવેલી વાર્તા-નાટિકાઓ પૈકી શ્રેષ્ઠ કૃતિ માટેનું

રૂપિયા ત્રીસનું ઈનામ

શ્રી 'સારંગ' બારોટને

'પ્રેમસગાઇ' અને 'લખણુ ન બદલે લાખા' એ બે વાર્તાઓ માટે આપવાનું. તેના નિર્ણાયક પ્રા. અનંતરાય રાવળે ઠરાવ્યું છે. શ્રી બારોટનેઅમે અભિનંદન આપીએ છીએ અને પ્રા. રાવળનો આભાર માનીએ છીએ.

એ જ હરીફાઈ
આ વર્ષે પણ ચાલુ રહે છે

તેમાં (૧) ૧૯૫૨ના આખા વર્ષ દરમ્યાન 'કુમાર'માં આવેલી મૌલિક ટૂંકી વાર્તાઓ તેમજ નાટિકાઓ પૈકી શ્રેષ્ઠ નીવડનારને રૂ. ૩૦)નું ઇનામ અપાશે; (૨) આ પારિતોષિક 'કુમાર'ના ચાલુ પુરસ્કાર ઉપરાંત અપાશે; (૩) કૃતિ મોકલવાની છેલ્લી સમયમર્યાદા ૩૧મી ઑક્ટોબર સુધીની ગણાશે; **પણ કૃતિઓ વહેલી આવશે તેટલી તેના પ્રકાશન માટે સમયના ગાળાની સવિશેષ તક રહેશે.**

૧૯૫૧નો કુમાર-ચન્દ્રક

શ્રી બકુલ ત્રિપાઠીને
તેમની હળવી નિબંધિકાઓ માટે

આપવાનું નિર્ણાયક-સમિતિએ ઠરાવ્યું છે એ જણાવતાં અમને હર્ષ થાય છે. સમિતિનો અમે આભાર માનીએ છીએ અને ભાઇ બકુલ ત્રિપાઠીને અભિનંદન આપીએ છીએ.

નિર્ણાયકસમિતિ
પ્રા. રામનારાયણ પાઠક
પ્રા વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
પ્રા. અનંતરાય રાવળ

★



શ્રી બકુલ ત્રિપાઠી

પાછલાં વર્ષોના ચન્દ્રક ધારકો



સ્વ. ડૉ. હરિપ્રસાદ   શ્રી પુષ્કર ચંદરવાકર   શ્રી યશોધર મહેતા



શ્રી રાજેન્દ્ર કે. શાહ   શ્રી બાલમુકુન્દ દવે   શ્રી નિરંજન ભગત   શ્રી વાસુદેવ કે. ભટ્ટ

મિયાન અમારી વચ્ચે કોઇ ઇન્ટ્રોડ્યુસરની આવશ્યકતા વિના જ એકબીજાની પ્રાથમિક ઓળખવિધિ થઇ ગઈ હતી. મારે ભાગે આવેલા ઓછાબોલા ભેરુ મૂળ તો બર્મામાં મોટીમોટી ચાવલ મિલોના માલિક હતા. પણ લડાઈ દરમિયાન બર્મા પરના જાપાની આક્રમણ વખતે માંડલેથી મણિપુરને માર્ગે પગપાળા હિજરત કરીને હિન્દ આવ્યા ત્યારે સાથે એટલું તો નાણું ઊસરડતા આવેલા કે હવે ફરી એમને બ્રહ્મદેશનાં દર્શન કરવાની જરૂરત જણાતી નહોતી અનેપોતાના મૂળ વતન કાઠિયાવાડમાં જ નિવૃત્ત જીવન ગાળી રહ્યા હતા.

'તમારે વાર્તા લખવી હોય તો હું તમને સાવ સાચી વાત કહું. અમારે બર્મામાં એક બાપ-દીકરા વચ્ચે આવું મિસકનેકશન થઈ ગયું હતું. એનો જોટો તો તમને ક્યાંય નહિ જડે.' મિસકનેકશન શબ્દને યથામતિ ઘટાવીને આ ઓછાબોલા માણસે મને ઑફર કરી.

બાપ-દીકરાના સંબંધનો ઉલ્લેખ સાંભળી મારું કુતૂહલ વધ્યું. આમે ય, મારી નવલકથાના આજે લખવા માંડેલા પ્રકરણમાં મેં નાયકને એના બાપ સાથે ઝગડો કરાવીને-ગૃહત્યાગ કરાવીને-પેલા ઉપવનમાં નાયિકા પાસે મોકલેલો તેથી કથાને અંતે બાપ-દીકરાના આ બગડેલા સંબંધો શી રીતે સુધારી લેવા, કે પછી એ સંબંધો બગડેલા જ રહેવા દઈને આજકાલના મોસમ મુજબ નાયકને શ્વસુર-ગૃહે ઘરજમાઈ તરીકે જીવનમાં થાળે પાડવો એની મૂંઝવણ આજ બપોરથી મને પજવી રહી હતી. આવી સ્થિતિમાં, મારા જોડીદાર ખેલાડીએ મૂકેલી ઑફર સહુની સાથે મેં પણ સહર્ષ સ્વીકારી લીધી.

એમણે અજબ સ્વસ્થતાથી પોતાની કથની કહી સંભળાવી:

'અમે બર્મામાં હતા ત્યારે સૂરજીશેઠ કરીને એક વેપારીની જિંદગીમાં આવો જ કિસ્સો બની ગયો. પીંમનામા શેઠની મોટીમોટી ચાવલની મિલો ચાલતી. પીંમનાનો રાજા કહેવાય એવી સૂરજીશેઠની સાહ્યબી હતી, પણ બર્મા પર જાપલાં ત્રાટક્યાં ને ભલભલાની સાહ્યબી આથમી ગઈ ને લખપતિ માણસ સાવ ભિખારી જેવા બની ગયા.'

જાપાનીઓ માટે આમણે યોજેલા 'જાપલાં' શબ્દપ્રયોગે સહુને હસાવ્યા...અહેવાલ આગળ ચાલ્યો:

'માંડલેના કિલ્લા ઉપર બૉમ્બ પડ્યા ને આપણા હિન્દી વેપારીઓ ચેતી ગયા કે હવે જીવતા રહેવું હોય તો ઘરભેગા થઈ જવામાં માલ છે. ચારે કોર 'ભાગો, ભાઈ ભાગો' થઇ પડ્યું. એમાં અમે કાઠિયાવાડીઓ સૌથી શૂરા નીકળ્યા. અમે લોકો બર્મામાં આવ્યા ત્યારે સૌથી પહેલા હતા ને ભાગવામાં ય સૌથી પહેલા નીકળ્યા. સૂરજીશેઠે ઘરખાટલાને તો જાપલાંના ભણકારા વાગ્યા ત્યારથી જ દેશભેગો કરી દીધો હતો. પોતે અને પોતાનો જુવાન દીકરો ચાંપશી બે જ જણા પીંમનામાં બાકી રહ્યા હતા. ભાઈ, લખમીની મધલાળ તો જાણો છો ને? સોનાના કટકા જેવી ચાવલની મિલનો મોહ સૂરજીશેઠથી કેમે ય કર્યો છૂટતો ન હતો. પણ જાંઈ કરતાં જીવ વધારે વહાલો કહેવાય છે. માંડલે પડ્યું પછી શેઠને સમજાયું કે જાન બચ

ગઈ લાખો પાયે. શિર સલામત તો પઘડિયાં બ્હોત એમ ગણીને, જીવતાં હોઇશું તો મિલ તો ઘણી ય જડી રહેશે એમ સમજી બાપ-દીકરો અમારી ભેગા હિજરતમાં ભળ્યા.'

અત્યાર સુધી મૂગા રહેલા આ માણસની જીભ હવે પીપળાના પાનની જેમ ઊપડી હતી.

'પણ ભાઈ, આ હિજરત જોઇને તો આંખમાં લોહી આવે એવું હતું. જેના ધણીને આંગણે ચારચાર મોટર ગાડીઓ ચોવીસે કલાક ઊભી રહેતી, ધરતી ઉપર જેણે કોઈ દી પગ નહોતો મેલ્યો એ બાપ-દીકરો પીંમનાથી પગપાળા અમારી સાથે હાલી નીકળ્યા. વાહન તો સંધાંય સરકારે જપ્ત કરી લીધાં હતાં. આપણાં જ વાહનમાં ગોરા સાહેબો ને એની મઢમો નાસભાગ કરતાં હતાં ને આપણે હિંદીઓ સૌ ટાંટિયાતોડ કરતાં હતાં. બૉમ્બમારાએ ખાનાખરાબી કરી નાખી હતી. રસ્તા ઉપર મડદાં ખડકાયાં હતાં. એ મડદાં ઉપર થઈને મોટરો ચાલી જતી હતી. મરેલાં માણસોને કચડીને અમે જીવતા માણસો હિજરત કરી જતાં હતાં. રસ્તે ખોરાક ખૂટ્યાં તેથી જે ચીજ હાથ આવે એ અમે આરોગી જતાં હતાં. પીવાનું ચોખ્ખું પાણી પણ મળતું નહોતું. આટલી આફત જાણે હજી અધૂરી હોય એમ માથેથી વરસાદ ત્રાટક્યો. મડદાં ગંધાઇ ઊઠ્યાં ને અમારા હિજરતીઓમાં કૉલેરો ફાટી નીકળ્યો. અંતરિયાળ દાક્તર તો ક્યાંથી જડે? દાક્તરોને તો બધાને બ્રિટિશ સરકારે લશ્કરમાં જોડી દીધા હતા. અમે જેમતેમ કરીને એક ગામમાંથી કૉલેરાનાં ઇન્જેક્શન મેળવ્યાં. પણ ઇન્જેક્શન આપે કોણ? પણ કહેતાં નથી કે આપદ્‌કાળે બધી ય બુદ્ધિ સૂઝી જાય? અમે પણ એકબીજાને ઇન્જેક્શન આપવા માંડ્યાં. ઇન્જેક્શનની વહેંચણીમાં ય પડાપડી થઇ. કોઈની ભેગાં પાંચ માણસ હોય એને માંડ બેત્રણ ઇન્જેક્શન આવ્યાં ને કોઈ તો સાવ રહી જ ગયાં.

'આમ, અમે જીવતા મોતમાંથી બચવા માંડલેથી મણિપુર જતાં હતાં એવામાં સૂરજીશેઠના દીકરા ચાંપશીને કૉલેરા લાગુ પડી ગયો.

'સૂરજી શેઠને તો ભારે મૂંઝવણ થઈ. કાંઈ વાહન તો મળે એમ નહોતું, ને જુવાનજોધ દીકરાને ખંધોલે ઉપાડીને તે કેટલોક પંથ કાપી શકાય? ને માંદા માણસની સારવાર કરવા બેઠું રહેવાનું પણ પોસાય એમ નહોતું. કઈ ઘડીએ જાપાનના બૉમ્બ વરસે એ કહેવું મુશ્કેલ હતું. વળી, અમે બધાં કાઠિયાવાડીઓએ ભેગા થઇને જે કાફલો કાઢ્યો હતો, એમાંથી એ છૂટા પડી જાય તો બીજો સથવારો ક્યાંથી જડે? ડુંગરા વીંધીવીંધીને ઇમ્ફાલ પહોંચવાનું એકલદોકલ માણસનું ગજું નહિ.

'એક રાતે ચાંપશી બેશુદ્ધ થઈ ગયો. જીવ તાળવે ચોંટ્યો હોય એમ લાગતું હતું. હાથપગ તો ખોટા પડી ગયા હતા. તાળવે જરાક તપાટ લાગતો હતો. સવાર પડતાં તો એણે દેહ છોડી દીધો. જુવાન-જોધ કંધોતર દીકરો આમ અંતરિયાળ હાલ્યો ગયો એટલે સૂરજીશેઠને ઘા તો ભારે વસમો લાગ્યો. પણ આવી આફત ટાણે લગાણે હાય દયને રોવા થોડું બેસાય? જીવ ચપટીમાં લઇને સહુ દેશ ભેગાં થાતાં હતાં એમાં મરેલા માણસને દેન દેવા પણ કોણ રોકાય? સૂરજીશેઠે વિચાર્યું કે બનવાકાળ મિથ્યા ન થાય, એમ થવાનું હતું એ તો થઇ ગયું. હવે તો હું હેમખેમ હિન્દુસ્તાન ભેળો થાઉં ને જતે દિવસે જીવતો હોઈશ તો વળી ફરી આ ધરતી પર પગ મેલીશ ને નસીબમાં માંડી હશે તો પીંમનાની મિલું પાછી હાથ કરીશ. આમ વિચારીને એમણે તો ચાંપશીનું મડદું એક ઝાડીમાં મૂકીને માથે ધોતિયું ઓઢાડી દીધું—અહીં ખાપણ તો ક્યાંથી કાઢવું?—ને આપણો કાફલો આગળ વધ્યો.

'પછી તો અમે મણિપુરને મારગે રઝળતાં રખડતાં હિન્દ આવ્યાં. ત્રણ વરસે લડાઈ પણ બંધ પડી. સૂરજીશેઠને દીકરો ખોયાનો પણ ધીમેધીમે વિસમી ગયો. કહેતાં નથી, દુઃખનું ઓસડ દહાડા! પણ નસીબમાં માંડ્યું હોય એ મિથ્યા કેમ થાય? બર્માથી સમાચાર આવવા શરૂ થયા કે તરત ખબર પડી કે ચાંપશી તો હજી જીવે છે! માન્યામાં ન આવે એવી વાત હતી. પણ સૂરજીશેઠે તપાસ કરાવી તો ખબર પડી કે ચાંપશીનું મડદું ઝાડીમાં સુવડાવ્યું ત્યારે એને તાળવે જીવ ટકી રહ્યો હતો. એની જીવાદોરી લાંબી હશે તે એ રસ્તેથી જાપાની ટૂકડી નીકળી ને આ માણસ નજરે ચડ્યો. કોઈ જાસૂસ અહીં છૂપવેશે સૂતો છે એમ સમજીને એને કેદ પકડ્યો. મિલિટરીના દાક્તરે એનાં દવાદારૂ કર્યાં ને ચાંપશી તો સાજોસારો થઈ ગયો!

'જાપાનવાળાની યુદ્ધકેદીની છાવણીમાંથી ચાંપશી સુભાષબાબુ-ની આઝાદ હિંદ ફોજમાં જોડાયો ને આરઝી હકૂમતમાં આગળપડતો ભાગ લીધો. એણે પોતાની ચાવલ મિલનો પણ કબજો લઈ લીધો ને આરઝી હકૂમતને નાણાંની મદદ કરી. આ આરઝીના સમાચાર હિંદ આવ્યા ત્યારે જ સૂરજીશેઠે પોતાના દીકરાનું નામ સાંભળ્યું.

'સૂરજીશેઠ તો હરખાતાહરખાતા બર્મા પહોંચ્યા. પણ ચાંપ-શીએ તો સગા બાપનું મોઢું જોવાની જ ના પાડી. એણે તો સંભળાવી દીધું કે તું મારો બાપ જ નથી! આપણી વચ્ચે હવે બાપ-દીકરાનો નાતો રહ્યો જ નથી. તેં તો મને મરેલો ગણીને ફેંકી દીધો હતો. હવે તું મારો બાપ શાનો ગણાય? બાપે દીકરાને ઘણુંય સમજાવ્યો, પણ દીકરાના મનમાં કોણ જાણે કેવી નિંગઠ ગાંઠ બંધાઈ ગઈ હતી કે કેમેય કરી છૂટી જ નહિ. સૂરજીભાઇ રોતારોતા દેશમાં પાછા આવ્યા. આમ, અવસર ચૂક્યા મેહૂલા જેવી વાત થઇ ગઈ.'

પેલા ગૃહસ્થે પૂર્ણાહુતિ કરી. તુરત શેરબ્રોકર બરાડી ઊઠ્યા: 'આ પણ બાપ–દીકરા વચ્ચેનું મિસકનેક્શન!'

પણ આ વખતે હસવાના હોરા કોઇમાં રહ્યા નહોતા.

મોડી રાત્રે અમે રમત બંધ કરી જરા આડેપડખે થયા ત્યારે આ આખીય ઘટના હું વાગોળી રહ્યો હતો. મને થયું, આ સત્ય ઘટના છે અને સત્ય ઘણી વાર કલ્પના કરતાં ય વધારે ચોંકાવનારું હોય છે એ સાચું. પણ આ સત્ય કથામાંથી વાર્તા ઊભી કરી શકાય એમ નથી. એમણે જે રીતે કથની કહી સંભળાવી એ સ્વરૂપમાં જ લખી કાઢું તો તો એમાંથી એક સમાચારનો હેવાલ-રિપોર્ટ જ-તૈયાર થાય. એથી વધુ કશું જ નહિ. અને એ આખી કૃતિ, આજકાલ ગુજરાતમાં કહેવાતી સત્ય કથાઓ ને સત્ય ઘટનાઓનો જે કચરાટોપલિયો ફાલ ઊતરી રહ્યો છે એમાં જ દફન થઈ જાય. કલાકૃતિમાં—ને એમાં ય ખાસ કરીને ટૂંકી વાર્તામાં થોડીક કલ્પના તો હોવી જોઈએ. સત્ય ઘટનાની સામગ્રીમાં પણ થોડુંક તો કલ્પનાતત્ત્વ ઉમેરવું જ જોઈએ.

'કાં ભાઈ, ઊંઘ નથી આવતી?' પેલા બર્મી ગૃહસ્થે મને પૂછ્યું.

'ના.' મેં કહ્યું.

'શા વિચારે ચડી ગયા છો?'

'તમે કહી એ સૂરજીશેઠની વાત ઉપર.'

'તમે એની વાર્તા લખશો?'

ખરેખર લખવા જેવી છે, પણ એમાં હજી કાંઇક ખૂટતું લાગે છે.'

ગૃહસ્થ ફિક્કું હસ્યા. એ હાસ્યમાં આંસુની ભારોભાર છાંટ હતી.

આવી કરુણ કથનીને પણ હું નિષ્ઠુર લેખક કેવળ વાર્તા બના-વવાની દૃષ્ટિએ જ વાગોળી રહ્યો હતો એ વાતનું ભાન થતાં હું શર-માયો. છતાં કલ્પના તો એ દિશામાં જ હજી આગળ વધી રહી હતી. આમાંથી ફાંકડી, વેધક, ચોટદાર, તાકયાતીર જેવી કથા કંડારી કાઢવા માટે મને એક તુક્કો સૂઝ્યો. હિન્દુસ્તાન જનારા હિજરતીઓને કૉલે-રાનાં જે મર્યાદિત સંખ્યામાં ઇન્જેક્શનો મળેલાં (જુઓ પૃ. ૨૬મે)

છબછબતા પ્રકાશથી દેદિપ્યમાન સ્વપ્નભોમને ચિત્રોમાં ઉતારનાર ઇંગ્લંડનો અનોખો કલાકાર

જે. એમ. ડબ્લ્યુ. **ટર્નર**




છબછબતા પ્રકાશથી દેદિપ્યમાન સ્વપ્નભોમને, ઊજમાળાં દૃશ્ય-ચિત્રોમાં ઉતારીને એક અનોખી જ રંગભભકનો ઇંગ્લંડને આસ્વાદ કરાવનાર નામી કલાકાર જે. એમ. ડબ્લ્યુ. ટર્નરનો શતાબ્દી સંવત્સર એ દેશે ગઇ ૧૯મી ડિસેમ્બરે ગનાવ્યો. ઇંગ્લંડે અગાઉ કદી નહિ જોએલી એવી લાક્ષણિક રંગસૃષ્ટિ ઉપરાંત તેનાં ચિત્રોમાં બીજું પણ એક તત્ત્વ હતું. ઓગણીસમી સદીના આરંભમાં નેપોલિયની વિગ્રહોએ યુરોપને જે ધણધણાવી મૂક્યું હતું એ વાતાવરણમાંથી પીધેલાં આવેગ અને વિક્રમનાં તત્ત્વો પણ એ રંગસૃષ્ટિને ઉત્તેજિત કરતાં હતાં, જે ઇંગ્લંડને ખૂબ ભાવ્યાં અને ઇંગ્લંડે તેને પોતાના એક મહાન કલાકાર તરીકે બિરદાવ્યો.


એ. જોસેફ મિલાર્ડ વિલિયમ (જે. એમ. ડબ્લ્યુ.) ટર્નર મૂળ તો એક હજામનો છોકરો. ઇ. ૧૭૭૫ની ૨૩મી એપ્રિલે એનો જન્મ થયો. લંડનમાં કોવેન્ટ ગાર્ડન લત્તામાં એના બાપની હજામની દુકાન હતી. પણ બાળવયથી જ એનામાં ચિત્રપ્રતિભાનું વલણ જોતાં બાપે તેને એ દિશામાં ઉત્તેજન આપ્યું. ૧૭૮૯માં ૧૪ વર્ષની વયે લંડનની શાહી કલાસંસ્થા રૉયલ ઍકેડેમીની શાળામાં એને ભણવા મૂક્યો સાથેસાથે એક ટૉમસ માલ્ટન નામે સ્થપતિ કલાકારને ત્યાં પણ તે શીખતો. એટલે ટર્નરનાં શરૂનાં ચિત્રોમાં બાંધકામના ઇજનેરો કરે છે એવાં સ્થાપત્યશૈલીનાં આલેખનોની અસર સ્પષ્ટ છે. જોકે તેમાં પણ, મનની કોઇ અપરૂપ સૃષ્ટિને ઉતારવા મથતો હોય તેવી અનોખી અદા અને રંગાવટ તરી આવે છે. તેના ઉદાહરણ રૂપ 'રૅડલી હૉલ'નું ચિત્ર આની પછીના પાને આપ્યું છે.

પણ એ તો એની પા પા પગલી હતી તે પછી તો પોતાની લાંબી જિંદગીમાં વિકાસ ને ઉન્નતિનાં એક પછી એક પગથિયાં એ ચડતો જ ગયો છે અને છેક છેલ્લી ઘડી સુધી એણે પીછી મૂકી નથી. એવું પહેલું પગથિયું તે, અઢારમી સદીના અંત ભાગમાં વીસીનાં વર્ષો દરમ્યાન કરેલા પ્રવાસમાં તેને થએલું પ્રથમ સાગરદર્શન. સમુદ્રના ભવ્ય ગાંભીર્ય અને આવેગભર્યા પછાડાએ તેના પર પ્રથમ દર્શને જ જે સચોટ છાપ પાડી તે એનાં જીવનભરનાં ચિત્રોમાં ઊતર્યા જ કરી છે.

અત્યાર સુધી તે વૉટર કલર—જળરંગો-થી જ ચિત્રો કરતો. હવે તેના હાથ પર તૈલરંગો-ઑઇલ કલર-ની શૈલી ચડી. અને ચડતાં વેંત તેની પ્રારંભકાળની ઇજનેરી આલેખન-શૈલી વિલય પામી. વિકાસપંથનો તેનો પ્રવેગ એટલો ઝડપી હતો કે ૧૭૯૯માં ચોવીસ વર્ષની વયે તો તે શાહી કલાસંસ્થા રૉયલ ઍકેડેમીના પ્રાવેશિક સભ્યપદમાં—એટલે એસોશિયેટ તરીકે લેવાયો અને ૧૮૦૨માં સત્તાવીસમે વર્ષે તો તેને સંપૂર્ણ ઍકેડેમીશિયન બનાવવામાં આવ્યો. એ જ વર્ષે એણે



પોલીફીમસ નામના દૈત્યને આંધળો કરી થાપ આપીને નાસી છૂટતો ગ્રીક બલવીર યુલિસિસ: એ ગ્રીક ગાથામાં વર્ણવેલી ભયાનક સાહસોથી ભરેલી રોમાંચક કલ્પના-સૃષ્ટિને સમર્થરીતે સાકાર કરતું આ દૃશ્યચિત્ર ઇંગ્લંડની પ્રજાનાં મોંઘાં કલા-રત્નોમાંનું એક ગણાય છે. (ઇંગ્લંડની નૅશનલ ગૅલેરીના ટ્રસ્ટીઓના સૌજન્યથી)



'હૅરો હીલ': ટર્નરના પ્રાથમિક કાળનું આ ચિત્ર અહીં એટલા માટે આપ્યું છે કે પાછળથી તે આવેશ અને ભવ્યતા-થી ભરેલાં ચિત્રો તરફ વળ્યો તેનો વિકાસ સમજી શકાય.

ફ્રાન્સ અને ઇટાલીનો પ્રથમ પ્રવાસ કર્યો, અને પરિણામે એ પોતાનાં ચિત્રોમાં આલ્પ્સ પર્વતની જે ભવ્યતાઓ ઉતારી લાવ્યો એવી તેની અગાઉ—બલ્કે હજી આજ સુધી કોઇ બ્રિટિશ કલાકાર લાવી શક્યો નથી.

૧૭૯૯માં ચોવીસની વયે તેની ભાવિ શૈલી ઘડનાર એક બીજો પણ બનાવ બન્યો. કુદરતનાં વિશાળ દૃશ્યોને આદર્શની ભવ્યતાનો ઓપ આપનાર સિદ્ધહસ્ત કલાકાર ક્લૉડ લૅારાં (Claude Lorrain)નાં ચિત્રો તેણે જોયાં. ભવ્યતા ઉતારવાની તેની શૈલીથી એ એટલો તો મુગ્ધ થયો કે લૅારાંને એણે જીવનના દીર્ઘકાળ સુધી પોતાના આદર્શ તરીકે સ્થાપી રાખ્યો. અને આ અસર પણ કોણ જાણે ખરા અવસરની નીવડી. એ વખતે નેપોલિયન સામેનાં યુદ્ધોમાં ઝઝી રહેલું ઇંગ્લંડ શૌર્ય ને વીરતાના વાતાવરણમાં ઝબોળાએલું હતું; ને કુદરતની ભવ્યતા ઉતારવાની ટર્નરની હથોટી એક એવી તો વિક્રમશીલ શૈલીમાં પરિણમી કે તેણે કરેલાં એ સમયનાં સાગરની ભવ્યતા અને સામર્થ્યનાં ચિત્રોમાં ઈંગ્લંડની પ્રજાએ પોતાની સમુદ્રશક્તિનું ગૌરવગાન જોયું, અને નેપોલિયન જેવા શત્રુ સામે ઝઝવાની પોતાની એકમાત્ર શક્તિને આમ આદર્શરંગી ચિત્રો દ્વારા ઉત્તેજનાર એ કલાકાર પર ઇંગ્લંડ ગાંડુ બની ગયું.

ત્યાર પછી ટર્નરે ખૂબ સફરો ખેડી, ખૂબ કામ પણ કર્યું. ૧૮૧૯માં એ ઈટાલી ગયો. ફરી ૧૮૩૧ અને '૪૦માં પણ એ ત્યાં ગયો. ૧૮૪૫માં એ ફ્રાન્સ ગયો. આ સફરોમાંથી તે મબલખ સ્કેચબુકો ને ચિત્રપાટીઓ ભરી લાવ્યો ને એમાંથી ઘણાં ચિત્રો કર્યાં.

ઇ. ૧૮૫૧ની ૧૯મી ડિસેમ્બરે, ૭૬ વર્ષના વયે તે અવસાન પામ્યો, અને પોતાના વસિયતનામાથી, પોતાના કબજામાં જે કાંઇ ચિત્રો, સ્કેચબુકો, આલેખનો વગેરે હતું તે બધું ઇંગ્લંડની પ્રજાને ભેટ કરતો ગયો. તેમાં પણ તે એક એવી શરત કરતો ગયો કે તેનું 'કાર્થેજની સ્થાપના' નામનું ચિત્ર તો હમેશાં ક્લૉડ લૅારાંની કૃતિ જોડે જ પ્રજા જુએ તેમ કરવું! એમાં ક્લૉડ જેવી નિસર્ગની ભવ્યતા ઉતારવા તે મથ્યો છે, એમ તેને લાગ્યું હશે.

જોકે મધુર સ્વપ્નભોગ જેવાં દૃશ્યો આલેખતાં ક્લૉડ લૅારાંનાં ચિત્રો કશી જ ઉગ્રતા વિનાનાં, પ્રશાન્ત માધુરીવાળાં છે. ટર્નર પણ પ્રકાશથી છબછબતી પોતાની અપરૂપ સ્વપ્ન-સૃષ્ટિને જ ઉતારવા મથ્યો છે, પણ એ સૃષ્ટિમાં શાન્તિની માધુરી નહિ પણ આવેગ ને ઉગ્રતાની ભભક હતી. ચિત્રને જોરદાર બનાવે એવી ધમધમાટભરી એકેએક વિગત એ ઠાંસીઠાંસીને પોતાનાં ચિત્રોમાં ભરતો અને તેમાં ઉત્તમ નાટ્યતત્ત્વ ઉતારતો: એટલી હદ સુધી કે જો તેની કલાદૃષ્ટિ ઊતરની હોત તો લોકોને એ ભૂતભડકામણું લાગત. પણ અતીતને ઉતારવાની તેની શક્તિ એટલી પારગામી હતી કે સામાન્યતા વટાવી જઇને કુદરતના સૌંદર્યની અણદીઠ ભભક ને ભવ્યતાને તે આપણી આગળ સાકાર કરી ગયો છે. તેણે ચિતરેલાં, વહાણોના સઢના લીરા ફડાડતાં દરિયાનાં ભીષણ તોફાન, ઓજસભર્યા અરુણોદયો ને રંગઢોળતી સંધ્યાઓ કુદરતમાં ખરેખાત તમને કદાચ જોવા ન મળે, પણ કોઇ રંગદર્શી કલ્પનાકથા કે ભવ્ય ગાથાના વાચનથી તમારી આગળ ખડી થતી સૃષ્ટિનો અનુભવ તમને ટર્નર સાક્ષાત કરાવી આપે છે.

ટર્નર વાતાવરણીય કલાકાર હતો. પારદર્શક રંગોમાં રસળતી વાતાવરણની માધુરીને ઉતારવાની તેની હથોટી કાંઈ એવી આગવી જ હતી કે તેની કોઈ શિષ્યપરંપરા યે સરજાઈ નથી. ને આજે તો કદાચ તેનું નામ પણ પુસ્તકોમાં જ વંચાતું હશે. પણ 'ઇમ્પ્રેશનિસ્ટ' અને 'મૉડર્નિસ્ટ' જેવી આજની ધૂંધળી અને અપરૂપ ચિત્રશૈલીઓનો પદસંચાર પણ ન હતો એવે વખતે, માનસભોગમાં રમતી રંગહવાને મુક્ત હાથે અને સાહસભરી અદાથી ઉતારીને આવેશ અને ભવ્યતાથી ભરેલી એક અણદીઠ સૃષ્ટિને એ જે મનભરરીતે સાકાર કરી ગયો છે તે ઇંગ્લંડના કલા-ઇતિહાસમાં અનોખું સ્થાન ધરાવે છે.

નવાં પુસ્તકો

નવજીવન પ્રકાશન મંદિરનાં

મહાદેવભાઈની ડાયરી (૫) વિષે હવે વધારે લખવું પડે તેવું નથી. માત્ર ગાંધીજીના જીવનના નિકટ પાસાને જ નહિ, પણ આજુબાજુના અને એ કાળના દેશના વાતાવરણને તથા લેખકના પોતાના અંતરંગને પણ ઓળખાવતી દસ્તાવેજી નોંધોથી ભરપૂર એ માળાના આ પાંચમા ભાગમાં રોલેટ સત્યાગ્રહ અને અસહકારના કાળમાં નિદ્રામાં સૂતેલા દેશને જગાડવાના ગાંધીજીના ઉત્કટ પ્રયત્નનાં દર્શન થાય છે. આવડા વિશાળ દેશમાં આવડી મોટી ક્રાંતિ ગાંધીજીએ કરી નાખી તેનું બયાન મહાદેવભાઈની મોહક શૈલીમાં આપણને આ ડાયરીમાં મળે છે. ૬૨૫ પાનાં, પાકું પૂઠું. સાત રૂપિયા; **ઉત્તરકી દીવારેં** કાકાસાહેબ કાલેલકરની 'ઓતરાતી દીવાલો'-નો હિંદી અનુવાદ ૦-૧૪-૦.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં

સનાતન ધર્મ: 'પંચશતી' નામે છપાએલો પાંચસો વચનોનો સંગ્રહ–સરળ ભાષાંતર સાથે. પ્રયોજક: સ્વ મણિલાલ નભુભાઈ દ્વિવેદી ૧–૦–૦; **સૌભાગ્ય-સુંદરી** અને બીજાં નાટકોનું નવનીત–કર્તા: કવિ મૂળશંકર હરિનંદ મુલાણી ૧–૮–૦; **આરોગ્યરક્ષા**: તંદુરસ્તી માટેના આચાર-વિચાર, દિનચર્યા, ઋતુચર્યા, આહાર-વિહાર અને રોજિંદા ઉપયોગી દ્રવ્યોના ગુણદોષની સમજ; **તુલસી રામાયણ**નાં મહાવાક્યો બીજી આવૃત્તિ–પ્રયોજક: ગોપાળજી ઓધવજી ઠક્કર ૦-૮-૦; **વિશ્વજ્યોતિ**: ગાંધી માહાત્મ્યની સીધી અને સરળ કવિતા–રચન ર: મંગળદાસ જ. ગોરધનદાસ ૦-૪-૦; **ચૂર્ણ-ઔષધી**: સો ચૂર્ણો બનાવવાની રીત તથા ઉપયોગ, પ્રયોજક: માધવ મો. ચૌધરી ૦-૪-૦.

મળોત્સર્ગ કરનારાં અંગો [૨]

ચામડી



લાગે છે કે કોઇ ખેતરમાં ઊગેલા આ ખૂંપા છે. પણ ખરું જોતાં તે આપણી ચામડીના એક બારીક ભાગનું અતિ મોટું કરી બતાવેલું દર્શન છે. ખૂંપા જેવા દેખાય છે તે વાળ છે.

કાયાની કરામત [૧૬]

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

કદી યે વિચાર સરખો કર્યો છે ખરો, કે આપણે ઉનાળામાં કે ગરમ પ્રદેશમાં હોઇએ યા ઠંડી ઋતુમાં કે હિમપ્રદેશમાં હોઈએ તોપણ આપણા શરીરની ગરમી વધતી કે ઘટતી કેમ નથી? આની આપણને પરવા નથી કારણકે એ તો શરીરની સામાન્ય સ્થિતિ છે.

ઉપવાસ કર્યા હોય કે ગરમ ખોરાક ખાધો હોય, આરામમાં હોઈએ કે ભારે શારીરિક શ્રમ ઉપાડયો હોય, કોઇ પણ સ્થિતિમાં આપણા શરીરની ગરમી ૯૮.૪ ફેરનહાઈટ અંશની આસપાસ એક-સરખી રહે છે. આમ વિવિધ વિષમ અવસ્થાઓની વચ્ચે પણ શરીરની ગરમીનું આવું વિસ્મયકારક સમતોલપણું જાળવનાર ચામડી છે.

કેળાં અને નારંગીની છાલની જેમ ચામડી શરીરના રક્ષણ માટે ઢાંકણ માત્ર નથી; પણ તે જીવંત અવયવ છે, જ્ઞાનેન્દ્રિય પણ છે. એની દ્વારા ગરમી, ઠંડી, ભાર, દબાણ, સ્પર્શ અને વેદનાનું આપણને જ્ઞાન થાય છે. મગજને બહારની દુનિયાનો ખ્યાલ આપનારું તે એક મહત્ત્વનું અંગ છે. શરીર પર શેતરંજી પેઠે પથરાએલી ચામડી શરીરનો મોટામાં મોટો અવયવ છે. કલેજા કે મગજથી બમણું તેનું વજન છે.

ચામડી સ્થિતિસ્થાપક છે. આથી જ તો આપણાં અંગ-ઉપાંગો વાંકાંચૂંકાં થઈ શકે છે અને બધી બાજુએ વળે છે. જોકે આની પણ અમુક મર્યાદા તો છે જ. તેના સતત હલનચલનના પરિણામે વરસો બાદ તેના પર કરચલી પડે છે. વળી કપાળની ચામડી પર જે રેખાઓ અંકાય છે, તે એ વ્યક્તિના જીવનનું, તેની લાગણીઓ મનોભાવ અને ચારિત્ર્ય દર્શાવે છે. સુખ ને પ્રસન્નતાની લાગણીઓથી મોંની ચામડીનું અમુક પ્રકારે હલનચલન થાય છે, આથી ત્યાં વિશિષ્ટ પ્રકારની રેખાઓ અંકિત થાય છે. એ જ રીતે દુઃખી, ઉદ્વેગી, વિચારક કે કઠોર માણસના કપાળમાં વિશિષ્ટ પ્રકારની રેખાઓ અંકાય છે. આ બધાંનું રહસ્ય ઉકેલતું 'મસ્તિષ્કશાસ્ત્ર' નામનું વિજ્ઞાન પણ છે.

ચામડીની રચના

ચામડી સૂક્ષ્માતિસૂક્ષ્મ કોષોની બનેલી છે. તેનાં બે પડ છે. ઉપલા પડને બાહ્ય ત્વચા (Epidermis અગર Cuticle) અને નીચલા પડને આંતરત્વચા (Dermis યા Corium) કહે છે. દાઝવાથી ફોલ્લો ઊઠે છે તે આંતર-ત્વચાથી જુદી પડીને ઉપસી આવેલી બાહ્ય-ત્વચાનો હોય છે. આ બે પડની વચમાં પાણી ભરાય છે. આંતર-ત્વચામાંથી માંસાંકુરો (Papillæ) ફૂટીને બાહ્ય ત્વચા સાથે જોડાયેલા હોય છે. આથી બન્ને પડોનું જોડાણ સખત ને ગાઢ રહે છે. પણ સાપ, ગરોળી, મગર, કાચંડા વગેરે સરિસૃપ વંશનાં (પેટે ચાલનારાં) પ્રાણીઓમાં નીચલા પડ ઉપર ઉપલું પડ ઓશીકા ઉપર ચડાવેલા ગલેફની જેમ સીધું અને સરળ ગોઠવાએલું છે. આથી દરમાં પેઠેલા સાપને પૂંછડીથી પકડી ખૂબ જોસથી ખેંચવામાં આવે તો કદીક તેની ઉપલી ચામડીની ખોળ સળંગ ઉતરડાઇ જઈ આપણા હાથમાં આવે છે!

બાહ્ય ત્વચા

આનાં પણ વળી બે પડ છે: બહારનું ને અંદરનું. તેમાં બહારનું પડ તો લગભગ મૃતઃપ્રાય જેવું જ છે. તેના કોષો પોષણ વગર સુકાઇ જઇ શીંગડાં જેવા કઠણ, પાતળા અને પારદર્શક બની ગયા હોય છે. આથી જ તે રસાયણો, જીવાણુઓ અને ઘસારા કે હથિયારની ઈજાઓથી આંતર-ત્વચાનું સારીરીતે રક્ષણ કરી શકે છે. આ જ ઉદ્દેશથી ચામડી જલાભેદ્ય પણ હોય છે. પણ તે એક જ દિશામાં. તેની અંદરથી પાણી (પરસેવા રૂપે) બહાર આવે છે, પણ બહારનું પાણી લેશમાત્ર અંદર જતું નથી. આખી પૃથ્વીમાં આવો ગુણધર્મી બીજો પદાર્થ નથી!


આપણા માથાના અને ધડના પાછલા ભાગમાં તથા હથેલી ને પગનાં તળિયાંમાં ઇજાઓ થવાની શકયતા વધારે હોવાથી ત્યાંની બાહ્ય ત્વચા ખૂબ જાડી હોય છે. ત્યાં સામાન્ય સોય ભોંકાય તો નથી નીકળતું લોહી કે નથી થતી કોઇ જાતની વેદના; ફક્ત ભાર કે દબાણની સંવેદના થાય છે. દિવસભરની કામગીરીમાં અને નહાવા-ધોવામાં ચામડીના કોષો ઘસાઇ જઈ, જરા પણ વેદના કર્યા વગર ખરી પડે છે અને તેનું સ્થાન અંદરના પડના કોષો આવીને લે છે. એ અંદરના પડમાં નવા કોષો બનતા જ રહે છે. જેમજેમ તે નવા બને છે તેમતેમ ત્યાંના જૂના કોષો ઉપર ધકેલાય છે, કે જે પછી વારંવાર ખર્યા કરે છે. આ રીતે ચામડીનું ઉપલું પડ તો વારંવાર ખરી પડી નવું બદલાયા જ કરે છે. તે નિત્ય-નવીન અને નિત્ય-યુવાન રહે છે.

અંદરના પડને લસી-પ્રવાહનું પોષણ મળે છે. આથી તેની સપાટી પરની ચામડી મખમલ કે રેશમ જેવી સુલાયમ, ગુલાબની પાંદડી જેવી કુમાશભરી, મૃદુ ને સ્નિગ્ધ હોય છે. જોકે આ સરખામણી અધૂરી લાગે છે. જો શરીર સારીરીતે જળવાયું હોય તો ચામડીનાં પોત અને સૌંદર્ય કદી બગડતાં નથી પણ ઉંમર વધતાં ઉલટાં ઓર વધે છે!

વળી ચામડીમાં રંગના કણો (Pigments) પણ આવેલા હોય છે. એ કણોની સંખ્યા ઉપર તેમજ રંગના વધારે-ઓછાપણા ઉપર કોઈ પણ વ્યક્તિના રૂપ-રંગનો આધાર રહેલો છે. વળી આના પ્રમાણનો આધાર ઋતુ અને ભૌગોલિક વસવાટ ઉપર અવલંબે છે.

એ રંગ-કણો શરીરના રક્ષણ માટે છે. તેમાં થઇને સૂર્યનાં કિરણો ચામડીમાં પ્રવેશી શકતાં નથી. આથી આંતરત્વચાને અને શરીરની પેશીઓને સૂર્યતાપની હાનિકારક અસરોથી રક્ષણ મળે છે. પૃથ્વીના જે ભાગોમાં સૂર્યનાં સીધાં કિરણો પડે છે ત્યાંના રહેવાસીઓને સૂર્ય-કિરણોની હાનિકારક અસરોથી બચાવવા કુદરતે તેમની ચામડીમાં રંગ-કણો વધારે મૂકેલા હોય છે. આથી તેમનો રંગ કાળો હોય છે. એ રંગકણોનું પ્રમાણ જેટલું ઓછું તેટલી ચામડી ઊજળી-ગોરી.

ચામડીના સ્વાભાવિક રંગ ચારપાંચ પ્રકારના છે. તેમાં મુખ્ય ગોરો અને કાળો રંગ. પછી તો એ બન્નેના વધતાઓછા મિશ્રણથી ચામડીના રંગો ઉપજે છે. ચામડીનો વાન કાળો હોય કે ગોરો, પણ તેનાં મનોહરતા આણનાર તો તેજ (Lustre) છે. સુશ્રુત એ તેજને 'પ્રભા' કહે છે. પ્રભા અને વાનના સંયોગથી શરીરની જે વિશેષતા



ચામડીના એક અતિશય નાના ભાગને અતિગણો મોટો છેદના રૂપમાં બતાવતી આ આકૃતિમાં આપણી ચામડીના અંદરની રચના દર્શાવી છે. શરીરનું રક્ષણ કરનારી તથા તેનું ઉષ્મામાન સદા એકધારું સાચવી રાખનારી કુદરતની એમાં અજબ કરામત છે.

દેખાય છે તેને 'છાયા' કહેવામાં આવે છે. છાયા જેમ વાન ઉપર પ્રભાવ નાખે છે તેમ તેની ખરાબીને છતી પણ કરે છે. પ્રભા વાનને અધિક પ્રકાશિત કરે છે. છાયા નજદીકથી દેખાય છે, જ્યારે પ્રભા દૂરથી.

શરીરની રાસાયણિક ક્રિયાઓની પેઠે રંગકણો પેદા કરનાર પણ આથવણો છે. જે પ્રાણીઓમાં આ આથવણોનો અભાવ હોય છે તે રંગવિહીન-ધોળાં (Albino) હોય છે. એમની આંખોમાં રંગકણો નહિ હોવાથી સૂર્યતેજ વધુ પ્રમાણમાં એમની આંખમાં પ્રવેશે છે. આ અસહ્ય સ્થિતિને ખાળવા માટે ધોળિયાં માણસો અને પ્રાણીઓ પ્રકાશમાં આવતાં આંખો ચૂંચળી કરીને જુએ છે.અતઃસ્રાવી ગ્રંથીઓની વિકૃતિને લીધે રંગ-કણોમાં આ ખરાબી થાય છે. આને પરિણામે માનવીને કોઢ થાય છે.

આંતર-ત્વચા

આ જ ખરી ચામડી છે, કારણ કે તે સચેતન છે. તેની જાડાઈ $\frac{1}{8}$ ઇંચથી માંડી $\frac{1}{4}$ ઇંચ જેટલી હોય છે. એના સૌથી ઉપલા થરમાં રક્તવાહિનીઓ અને જ્ઞાનતંતુઓ આવેલાં છે. વળી એમાં વાળનાં મૂળ, મેદસ્વી ગ્રંથીઓ (Sebaceous Glands) અને છેક નીચલા થરમાં સ્વેદ-ગ્રંથીઓ (Sweat Glands) આવેલી છે.

આ બધાં ત્યાં ખીચોખીચ અને વિપુલ પ્રમાણમાં ગોઠવાએલાં છે. જર્મનીના ડૉ. કહાનનાશબ્દોમાં તેનું વર્ણન આ રહ્યું: 'માત્ર પોસ્ટની ટિકિટ જેટલા કદની આપણી ચામડી ત્રીસ લાખ કોષોની બનેલી છે. તેમાં ૩૯ ઈંચ લંબાઇની રક્તવાહિનીઓ; ૧૫૯ ઈંચ જ્ઞાનતંતુઓ. ૧૦૦ સ્વેદગ્રંથીઓ અને ૭૫ મેદસ્વી ગ્રંથીઓ સમાએલી હોય છે.' અદ્ભુત ! આપણા દેહનાં અવયવોની રચના ને કાર્યશક્તિ એકએકથી ચડિયાતાં છે. દિવસભરમાં એક લાખ વખત ધબકતું મૂઠી જેટલા કદનું હૃદય! એક સેકંડમાં કરોડોની સંખ્યામાં લોહીકણો પેદા કરતું અસ્થિ-મજ્જા ! ચોવીસે કલાક કાર્યરત રહી દેહનાં વિષ અને વ્યય-દ્રવ્યોને ગાળનાર, સાઠ માઈલ લાંબી નળીઓવાળા ને છતાં ફક્ત અરધા રતલ વજનના બે મૂત્રપિંડો, અને આખા શરીરની અટપટી જીવનક્રિયાઓનું નિયંત્રણ કરનાર મગજ ! આ બધાંમાં સર્વોપરિ અદ્ભુત કોને લેખવું એ જ મૂંઝવનારી બીના છે.

ચામડીના થરોમાં અને બાહ્યત્વચાના કોષોની વચ્ચે તો પુષ્કળ જ્ઞાનતંતુઓના છેડા ગાંઠો વાળી પથરાએલા છે. આમાંના કેટલાક તો સ્પર્શનું જ્ઞાન આપનારા હોવાથી સ્પર્શ-ગોલકો(Tactile Corpuscles) કહેવાય છે. આંગળીઓનાં ટેરવાંમાં અને શરીરના જે ભાગમાં વાળ ન હોય ત્યાં આ ઘણી સંખ્યામાં છે. કેટલાક જ્ઞાનતંતુઓ તો ગરમી અને ઠંડીનું જ જ્ઞાન આપનાર હોય છે, અને એવા જ્ઞાનતંતુઓના છેડાઓ આપણી સમસ્ત ચામડીના થોડાથોડા ભાગોમાં પથરાએલા પડ્યા છે, કે જેની દ્વારા આપણને ગરમી, ઠંડી, દબાણ અને વેદનાનું જ્ઞાન થાય છે. વળી વાળના મૂળની આસપાસ પણ જ્ઞાનતંતુઓનું ઝૂમખું હોય છે. આથી ઘણાંખરાં પ્રાણીઓને તો વાળ દ્વારા પણ સ્પર્શ-જ્ઞાન થાય છે. બિલાડીવર્ગનાં પ્રાણીઓને મૂછ એ જ્ઞાનનો ઉમદા અવયવ છે એ જાણીતી બીના છે.

શરીરની ગરમી અને તેનું નિયમન

પણ ચામડીનું મહત્ત્વનું કામ તો શરીરની ગરમી નિયમનમાં રાખવાનું છે. શરીરની પેશીઓમાંના કાર્બોહાઇડ્રેટ ને ચરબી પદાર્થોનું હવામાંના પ્રાણવાયુ સાથે મિલન થવાથી સતત જ્વલન(oxidation) થયા જ કરે છે. આના પરિણામે ગરમી અને અંગારવાયુ તથા પાણી રાખરૂપે પેદા થાય છે. હેરી રૉબર્ટ્સ લખે છે કે 'માણસ ખાધાકર્યા વગર પથારીમાં પડી રહે તોપણ માંસપેશીઓ અને ગ્રંથીઓના કાર્યથી તેના શરીરમાં ૧૭૦૦ કૅલરી ગરમી પેદા થાય છે. આહાર બાદ અને દિવસભરના કામકાજથી એનું પ્રમાણ વધી જાય છે. પણ શરીરની એ ગરમીને સમધારણ રાખવા માટે વધારાની ગરમી ઝાડા-પેશાબ અને ઉચ્છ્વાસ દ્વારા તેમજ ૮૦ ટકા જેટલી તો ચામડી દ્વારા જ શરીરની બહાર નીકળી જાય છે.

શરીરની ગરમીની દૃષ્ટિએ પૃથ્વી ઉપરનાં પ્રાણીઓના બે મોટા વર્ગ છે: (૧) ગરમ લોહીવાળાં પ્રાણીઓ અને (૨) ઠંડા લોહીવાળાં પ્રાણીઓ. પહેલા વર્ગમાં આંચળવાળાં પ્રાણીઓ (માણસો પણ) અને પક્ષીઓ છે; જ્યારે માછલી, સર્પ વંશનાં પ્રાણીઓ અને દેડકા બીજા વર્ગમાં. ગરમ લોહીવાળાં પ્રાણીઓનાં શરીરમાં કુદરતે એવી કરામત કરી છે કે જેથી તેમનું લોહી ગરમ કે ઠંડી ઋતુમાં એકસરખું ગરમ રહે છે. જ્યારે ઠંડા લોહીવાળાં પ્રાણીઓમાં વાતાવરણના ઉષ્મામાન પ્રમાણે લોહીની સ્થિતિ રહે છે: ગરમ ઋતુમાં ગરમ ને ઠંડી ઋતુમાં ટાઢું. ઠંડી ઋતુમાં આ પ્રાણીઓનાં શરીરની અંદરની સ્થિતિ ખૂબ ઠંડી હોવાથી તેમનાથી કોઈ પણ પ્રકારની ચેતનાત્મક ક્રિયા થવી બીલકુલ સંભવી શકતી નથી. આથી એ દરમ્યાન તેઓ સુપ્ત

નિષ્ક્રિય અને લગભગ મુડદાં જેવાં રહે છે. પણ વાતાવરણ ગરમ થતાં જ તેમનામાં જીવન અને ચેતનાનાં ચિહ્નો પ્રકટે છે.

પણ માણસમાં તો (અને ગરમ લોહીવાળાં પ્રાણીઓમાં પણ) શરીરની ગરમીને એકધારી નિયમનમાં રાખવાનું કામ ચામડી ઉપાડે છે. આથી આપણા શરીરની ગરમી સદા યે ૯૮ થી ૯૯ ફેરનહાઇટ ડિગ્રી રહે છે—પછી ભલેને આપણે ધ્રુવપ્રદેશમાં હોઇએ કે સહરાના રણમાં; ઊંડે પાણીમાં હોઈએ કે હવામાં ઊંચે; ગરમ કપડાં સહિત હોઈએ કે અરધા ઉઘાડા. આ રીતે શરીરની ગરમીને સમધારણ રાખવાનું 'ઉષ્માસમધારક કેન્દ્ર' (Thermostat) મગજના પાછલા ભાગમાં આવેલું છે. ચામડીના જ્ઞાનતંતુઓના બધા છેડા ત્યાં જોડાએલા છે, અને તે, જરૂર પ્રમાણે, વધારે-ઓછી ગરમી પેદા કરવાનું કે દૂર કરવાનું ચામડી દ્વારા સંચાલન કરે છે.

ઠંડીની અસરથી માત્ર ચામડી જ ઠંડી થાય છે, શરીરની અંદરના ભાગો નહિ. ઠંડી લાગતાંવેંત તેની જાણ ચામડીના જ્ઞાનતંતુઓ દ્વારા ઉષ્માસમધારક કેન્દ્રને થાય છે. પરિણામે શરીરની માંસપેશીઓ વેગથી કામ કરવા માંડે છે. કેટલીક વાર તો એટલા બધા વેગથી કે આપણે ધ્રૂજવા માંડીએ છીએ. આની અસર મન ઉપર પણ થવાથી આપણે આપમેળે આમતેમ આંટા મારવાનું, હાથ હલાવવાનું કે હથેલીઓ ઘસવાનું કામ કરવા મંડી પડીએ છીએ. આ બધાને પરિણામે જ્વલનક્રિયા વધવાથી ગરમી પેદા થાય છે. પણ વાતાવરણની ખૂબ ગરમી વખતે શરીરમાં આથી ઉલટી ક્રિયા થાય છે, એટલે પેશીઓમાં જ્વલનક્રિયાની ગતિ મંદ થાય છે.


વળી ઠંડીની અસરથી ચામડીની રક્તવાહિનીઓ સંકોચાય છે. આથી ત્યાં લોહી ઓછું હોવાથી લોહીમાંથી વધુ ગરમી બહાર વહી જતી નથી. એથી ઉલટું, તાપની અસરનીચે ચામડીની રક્તવાહિનીઓ પહોળી થાય છે અને ત્યાં વધારે પ્રમાણમાં લોહી ધસી આવે છે. એ લોહીની ગરમી ચામડીની સપાટી દ્વારા પ્રસરણના (Radiation) નિયમ અનુસાર, વાતાવરણમાં ભળી જાય છે. પણ જો ગરમી વધારે પડતી હોય તો સ્વેદગ્રંથીઓ પણ કામ કરવા મંડી પડે છે અને વધારાની ગરમી પરસેવા દ્વારા બહાર વહી જાય છે.

પરસેવો

પરસેવો એ સ્વેદગ્રંથીઓનો સ્રાવ છે. સ્વેદગ્રંથીઓ ચામડીના નીચલા પડમાં ગોઠવાએલી છે. એ ગ્રંથી છે તો નલિકાનો વીંટળો જ. તેની આસપાસ રક્તવાહિનીઓનું જાળું વીંટળાએલું છે. ગ્રંથીમાંથી નીકળતી સ્વેદ નલિકા ચામડીના થરોમાં થઈ, ચામડીની સપાટી ઉપર ખુલે છે, જે ચામડીમાં છિદ્ર રૂપે દેખાય છે. આ બધી સ્વેદ-નલિકાઓ એકઠી કરીને છેડેછેડા જોડી લાંબી કરીએ તો છ માઈલ લાંબી થાય!

ચામડીમાં સર્વત્ર પથરાએલી આ સ્વેદ-ગ્રંથીઓની સંખ્યા વીસ લાખની છે. હથેલી અને પગનાં તળિયાંમાં તે વધારે સંખ્યામાં અને કદમાં મોટી હોય છે. આ હકીકત માનવજીવનના ઉગમ કાળમાં તે વૃક્ષોમાં વસવાટ કરતો તેના પુરાવા રૂપ લેખાય છે ઝાડ ઉપર ચડનારાં પ્રાણીઓ ઝાડ ઉપર ચડતાં લપસી ન પડે તે માટે તેમની હથેલી અને પગનાં તળિયાંમાં પસીનો થાય છે. તેમાં વળી ચિકાશ પણ હોય છે. એ ઉપરાંત બીજી બે જગાની સ્વેદ-ગ્રંથીઓ ધ્યાન ખેંચે એવી છે: કાનની અને બગલની. બગલની ગ્રંથીઓમાંથી વિશિષ્ટ પ્રકારની ગંધવાળો પસીનો છૂટે છે, જ્યારે કાનની નેળની સ્વેદગ્રંથીઓમાંથી કડવો, ચીકણો અને પીળા રંગનો સ્રાવ છૂટે છે, જેને આપણે કાનનો 'મેલ' કહીએ છીએ.

પરસેવો સામાન્યરીતે પણ હમેશાં થયા તો કરે જ છે. પણ તે



ઠંડીની અસરથી ચામડીની રક્તવાહિનીઓ સંકોચાય છે. આથી ત્યાં લોહી ઓછું હોવાથી લોહીમાંથી વધુ ગરમી બહાર વહી જતી નથી. જ્યારે તાપમાં રક્તવાહિનીઓ પહોળી થવાથી ત્યાં વધુ લોહી ધસી આવે છે. ઉપરના ચિત્રમાં ડાબી બાજુથી અનુક્રમે (૧) ઠંડીમાં (૨) સમધારણ હવામાનમાં અને (૩) ગરમીમાં રક્તવાહિનીઓનાં કદમાં જે ફેર પડે છે તે દર્શાવ્યા છે.

એટલો થોડો હોય છે કે ચામડીની સપાટી ઉપર આવતાં આવતાં તો ચામડીની ગરમીથી તેની વરાળ થઇ જાય છે. આથી તે નજરે પડતો નથી. પણ ચોવીસે કલાક તેનું પ્રમાણ દોઢથી બે રતલ જેટલું હોય છે. કસરત અને ખૂબ શ્રમ બાદ, તેમજ કેટલાક રોગોમાં, તથા ઉનાળાના ખૂબ તાપમાં આપણને પરસેવાના રેલા ઊતરે છે.

પરસેવો ચામડી ઉપરથી વરાળ થઇને ઊડી જાય છે. પાણીની જેમજેમ વરાળ થતી જાય છે તેમતેમ તે વધુ ગરમી શોષે છે. એ જ સિદ્ધાંત અનુસાર ચામડીની સપાટી પર પણ પરસેવાની જેમજેમ વરાળ થતી જાય છે તેમતેમ શરીરની ગરમી શોષાતી જાય છે. આમ ન થતું હોત તો શરીરમાંની ગરમી ખૂબ વધી જાત. પણ શરીરને ઠંડું રાખવાની કુદરતની આ કરામતથી આપણે એ ત્રાસજનક સ્થિતિમાં નથી આવી પડતા. આમ, ચામડી એ દેહ માટે રેફ્રીજરેટર જેવી છે.

પણ જ્યારે ગરમ વાતાવરણમાં ભેજ હોય ત્યારે પરસેવાની વરાળ થતી નથી. આથી આપણે પરસેવાથી રેબઝેબ થઈ બેચેની અનુભવીએ છીએ. ગરમી ભલે તેટલી હોય, પણ હવા જો સૂકી હોય તો પરસેવાની ઝટ વરાળ થઈ જાય છે અને આપણને બેચેની થતી નથી. ભેજવાળી હવા વખતે આપણે પંખા વતી બીની હવા શરીર ઉપર આવવા દઇએ છીએ. તે પરસેવાની વરાળ થવામાં મદદ રૂપ થાય છે.

ગરમી ઉપરાંત માનસિક આઘાતથી પણ પરસેવો થાય છે. ભયને લીધે 'સિમ્પૅથેટિક' જ્ઞાનતંતુઓની અસરથી પરસેવાનો સ્રાવ વધી પડે છે. ઉલટી વખતે પણ પરસેવો થાય છે તે પણ જ્ઞાનતંતુઓની ક્રિયાને લીધે. આ સ્થિતિ આવી પડે ત્યારે ચામડીની કેશવાહિનીઓ સંકોચાતી હોવાથી ચામડીને રંગ ફિક્કો થઈ જાય છે.

પરસેવામાં પાણી, ક્ષારો અને યૂરિયા હોય છે. તેમાંના આ યૂરિયાને લીધે ચામડીને 'ત્રીજું મૂત્રપિંડ' કહ્યું છે. પરસેવાના ક્ષારો ચામડી ઉપર બાઝે છે. આથી કદીક આપણને ચેળ પણ આવે છે. કપડાં પહેર્યાં હોય તો તેના ઉપર એ ક્ષારોના ડાઘા પડે છે. અતિશય પરસેવાને લીધે કપડાં ગંધાય છે તથા પીળા ડાઘ દેખાય છે તે પણ આથી. વાંદરાંનાં શરીર પર આ ક્ષારની પોપડી બાઝી જાય છે. તેઓ ખારા સ્વાદની એ પોપડી ઉખેડી સ્વાદથી ખાતાં હોય છે, જેને આપણે જૂ વીણી ખાતાં હોવાનું માનીએ છીએ.

પરસેવો આમ્લ ગુણધર્મી છે. આથી પરસેવાના લેપવાળા શરીર પર કૃમિ કે જીવાણુઓ બેસતાં છતાં ચામડી પર તે જીવતાં પણ નથી તેમ વૃદ્ધિ પણ પામતાં નથી. આ રીતે શરીરને હવામાંના જીવાણુઓથી રક્ષણ મળે છે. શરીરમાં આવી બીજી રક્ષણહરોળ જઠરરસની છે, જ્યાં આંતરડામાં જતા જીવાણુઓ નાશ પામે છે. (ચાલુ)



કમ્પાર્ટમેન્ટ લ્યો. અંદર દાખલ થઈ દરેકને જો પૂછી શકો તો કોઈ પૈસા લઈ નાસી છૂટે છે, તો કોઇ દુઃખિયારી સાસુના ત્રાસમાંથી છૂટે છે; કોઈ હૈયાફૂટી ધણીના જુલમ વેઠવા જતી હોય છે, તો કોઇ સગલીને દેશમાં તેડવા ઊપડતો હોય છે. કોઇએ કોરટનું લફરૂં કીધું છે, કોઇએ ખોટા માલનું ઈનવૉઈસ દીધું છે; કોઇએ કડવા ઘૂંટડા પીધા છે, તો કોઇએ કોઈના હાથમુચરકા બાંધી લીધા છે. કોઇ પરણનાર શોધવા નીકળ્યું છે, કોઇ છતે પાત્રે પરણી શકતું નથી. કોઇ કોઇ દવા મારફત નાણાંની શોધમાં છે; કોઈ છતે નાણે માગી દવા મેળવી શકતો નથી. એવી એવી બાર વ્યાધિઓ ને તેર ઉપાધિઓમાં કચરાતો રીબાતો, પીસાતો સંસારનો રગડો આમથી તેમ ઘૅચાયો જાય છે.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

હવે આપણે ત્રીજા દાયકાના પાછલા પંજાની ઝાપટ જોઇએ. એમાં પહેલાં ૧૯૨૯થી '૩૧–'૩૨ અને પછી '૩૨થી '૪૧ લઇશું.

પ્રિયંવદાની માંદગીમાં વલસાડ જરા ઉતાવળમાં પતાવી લીધું હતું. વડોદરામાં આપણે ઍંજિન શેડ યાને કારખાનામાં ભમ્યા હતા; વલસાડમાં રેલવે સ્ટેશન એટલેકે ટ્રાફિકમાં આવવાનું છે. ત્યાં બેચાર સારા માસ્તરો આવી ગયા. એમાંના એક નડિયાદના અક્ષયશંકર, પ્રો. કાન્તિલાલ પંડ્યાના વડીલ. માથે દરેક બાલ સફેદ; અને એ બાલે બાલે એકેક જખમ વેઠ્યો હશે. પણ સ્વભાવના ભલા, પરગજુ, પ્રામાણિક અને મહેનતુ સ્ટેશન માસ્તર. જૂના નડિયાદના સંસ્કાર એટલે વાચનનો શોખ. એમને અને પરાગજીને સારું બને. વાંચવા માટે ગમે ત્યાંથી એકાદી ચોપડી તો લાવે જ, અને પછી બંને જણા એના પર ચર્ચા કરે. એમાં 'સરસ્વતીચન્દ્ર' પણ ચર્ચાતો. ત્યારે અક્ષયશંકર ડોસા ઝીણવટથી વાત છણે અને પરાગજી બચ્ચાની માફક બેસીને બધું સાંભળે. આ નિશાળ બેસે તે પ્લૅટફૉર્મ પર, વેઈટિંગ રૂમની બહાર, યા વ્હીલરના બુક સ્ટૉલ ઉપર. આસપાસ જતા આવતા તો કૌતકથી બેચાર મિનિટ ઊભા રહી ગમ નહિ પડવાથી સરકી જતા. એમાં કોઈ વાર બરાબર જામી હોય ને ત્યાં ઍંજિન નીકળવાની ઘંટડી વાગે કે ગાયભેંસ કપાયાનો તાર આવે, તો જુઓ બંને જે કટાણાં મોં કરી છૂટા પડે તે! નોકરી તે નોકરી.

એમાં દિવસપાળી હોય ત્યારે તો ઠીક બેઠક જામે; પણ રાતપાળી હોય ત્યારે બને બબડે; કારણ ઘડીની ફુરસદ ન મળે. વલસાડ એવું વિચિત્ર સ્ટેશન છે કે ત્યાં આખી રાત ધમાલ ચાલુ જ રહે. તેમાં ય અગિયાર વાગ્યા પછી તો ગાડીની રમઝટ જ બોલે. સુરત લોકલ અગિયાર-સાડા અગિયારે મુંબાઇ જવા ઊપડે કે પછી મુંબઈથી ઊપડેલા ઘોડા ધમધમવા માંડે. સિંધ, ગુજરાત, કાઠિયાવાડ, દિલ્હી, મીરત અને ફ્રન્ટીઅર એમ પાંચ ગાડી ગઇ ન ગઈ, એટલામાં એ પાંચે મુંબઇ આવતી શરૂ થાય. એમ સાત-આઠ કલાકમાં દસ-બાર ટ્રેનો સરેરાસ અરધા પોણા કલાકને ગાળે આવેજાય. કંઈક વાર ક્રૉસિંગ પણ થાય. એ બધીનાં ઍંજિનો કારખાનામાં લેવાનાં ને નવાં લગાડવાનાં. વીસબાવીસ ઍંજિનોની હીલચાલ. ઘણી વાર તો રાતે ઊંઘ જ ન આવે. અને પરાગજી નાઇટ પર હોય તો તો ઘણી વાર ઘેરથી ચાર ડગલાં ચાલી નાખી આ બન્દા પ્લૅટફોર્મ પહોંચ્યા જ છે. ફક્ત એક જ રાતની ત્યાંની આવનજાવનનો અંદાજ કાઢો તો ય ગમે તે લેખકને ઢગલો પુસ્તકોનો મસાલો સહેજે મળી રહે. પછી નાટક લખો યા નવલ. નવલિકાનો તો ગંજ ખડકાય.

એક જ દિવસની જતી આવતી ગાડીઓ પૈકીની કોઇનો એક જ

એક રાતે અમે ઈધરઉધરની વાતો હાંકતા બેઠા હતા. ગાડીઓ આવ્યે જતી ને ઘંટા વાગ્યા કરતા. ચીમનલાલ મુનિમને રેલવેમાં ઓળખનારા 'મોટા ચીમનલાલ'થી ઓળખે. મારા બાપુજીનું નામ ચીમનલાલ તે 'નાના ચીમનલાલ'થી ઓળખાય. એ મુનીમ ચીમનલાલે મારા બાપુજી 'નાના ચીમનલાલ'ને રેલવેમાં નોકરીએ ચડાવવામાં સારી મદદ કરેલી. અને બંને ચીમનલાલનો સંબંધ છેવટ સુધી સારો. એ ઉંમરમાં મોટા તે વહેલા રીટાયર થયા અને ગ્રૅચ્યુઇટી વગેરે લઈ કંઈક વેપાર ખેડ્યો. પણ એમાં નસીબે કંઈ યારી આપી નહિ. એટલે પછી તો આરામનું જીવન ગાળતા. તે રાત્રે એક ગાડીમાંથી એ મોટા ચીમનલાલ ઊતર્યા, અને મધરાતે કયાં ચીમનલાલ (નાના)ને ત્યાં જઇ કોઇને જગાડું, એવું કંઈ મનમાં હશે, તે વેઇટિંગ રૂમમાં જઇને ત્યાંજ સૂઈ ગયા લેણાદેણી તો જુઓ! એ મળવા આવતા હતા અમારે ત્યાં; પણ મધરાતે એ સૂતા તે સૂતા જ! એ રૂમમાં સીધા ગયા તેની તો અમને ખબર જ નહિ: છેક સવારે જ ખબર પડી! વેઈટિંગ રૂમ કરતાં વધારે સારી બીજી માણસની આખરની આરામગાહ કઇ હોઈ શકે? 'આગગાડી'માં પેલું ભજન છે ને?–'કાળ ઘંટા બજાવે!'

એક વાર એમ જ અક્ષયશંકર, પરાગજી અને હું ટહેલતા હતા એવામાં ગુજરાત મેઇલ આવ્યો. ગાડી ઊભી રહેતાં એક ડબ્બામાંથી ગાર્ડ ઊતર્યો ને ધમાલ શરૂ થઈ ગઇ. માણસને અંદરથી ઊચકી લાવી શકાય એવો કોચ કે ખુરશી ત્યાં તો કયાંથી લાવે? વેઇટિંગ રૂમમાંથી જે કંઇ હાથ લાગ્યું એમાં એક બાઇને જેમતેમ બહાર કાઢીને ઑસ્પિટલમાં લઇ ગયા. પાલઘર અને વલસાડ વચ્ચે એ બાઈએ બાળકને જન્મ આપ્યો હતો! એમ, કોઈ કયાંની ટિકિટ કઢાવે છે, કોઇ કયાંથી રૂખસદ લે છે, કોઈ ચાલતી ગાડીએ પણ જિંદગી શરૂ કરે છે!

એક વાર વળી સવારે પ્લૅટફૉર્મ પર ફરતાં નાકા પર એક મોટી બોગી પડેલી જોઇ. હજી પરાગજી કહે છે કે આ લોથ વળી કયાંથી આવી, ત્યાં એની પાસે રાતનો 'રપોટ' આવી ગયો. એમાં લખેલું કે—

પણ એ વાંચે તે પહેલાં તો બોગીની એક બારી કોઈએ ખોલી અને બૂમ પાડી પૂછ્યું, 'કૌનસા સ્ટેશન હૈ?'

'બલસાર.'

'બલસાર? હૈ હૈ બલસાર? વ્હૉટ!'

એ હતા વાઈસરૉય સાહેબની કાઉન્સિલના મેમ્બર, સર.... રાતે ગાડી ગરમ થઇ ગએલી તે કોઇએ પૂરું જોયા કર્યા વિના કાપી કાઢી! પૈડાંની 'ઍક્સેલ હૉટ' એટલે આગળ લઈ જવાય જ નહિ. પણ આ ગોટાળો થયો તેનું શું? પેલા સર સાહેબે તો સવાર સમજીને રતલામ નાગદાની આશામાં ડોકિયું કર્યું હશે, પણ નીકળ્યું વલસાડ!

જો પછી અધિકારીઓ ખરે પગે દોડચા છે તે! પહેલાં તો ચા; પછી બ્રેકફાસ્ટ; દરમ્યાન તાર, મેસેજ ને પ્રૅફ્રીસ' અપાઈ; પૂછપરછ; અને બે ત્રણ કલાકને છેડે એવું નક્કી થયું કે એ કૅરેજને એક ઍંજિન લગાડી ઝટ દિલ્હી ભગાડો. મોડી રાતે તો પહોંચશે. બીજે દિવસે તો મીટિંગ છે, ને રસ્તે ચાપાણી, લંચ, ડિનર વગેરેની તારથી ગોઠવણ. પણ ઍંજિન તપતાં વાર લાગેને? ચારેક કલાકે મામલો ઠેકાણે પડચો. દરમ્યાન આપણે એકલા ગામમાં એરંડાપધાન, એટલે હિંમત કરી એમની સાથે વાતે વળગ્યા. પણ એથી કંઈ એમનો પિત્તો શાંત થાય ખરો? અને શાનો શાંત થાય? મૂલ દેખીતી હતી.

અગિયારેક વાગ્યે ગાડી ઊપડવાની હતી. એ બોગીનું ગરમ થએલું પૈંડુ ઠંડું તો પડચું હતું; પણ પાછો એને તાવ નહિ ચડી આવે એ માટે એને ઠંડુ રાખવા એની ઍક્સલ ગૅાક્સમાં ભારે ચીકણા તેલથી લસબસતી વેસ્ટના ડૂચા લપેટી સાવચેતી લીધી, અને કૅરેજના એ-બે માણસોએ સાથે જવું એમ પણ નક્કી થયું. ઉપરાંત એ-લો એક ડબ્બો, અને ગાડી દોડે તો કદી ઊછળે, એટલે વજન આપવા બીજા એ-બે ફાલતુ ડબ્બા લગાડી એક નાની ટ્રૈન બનાવી!

જૂના જમાનાનો ફર્સ્ટ-સેકન્ડનો કૅારીડોરવાળો અચ્છો ડબ્બો, એટલે બીજા ભાગમાં આપણે પણ ગોઠવાઈ ગયા. ઘેર જઈ જમી, રાતનું ખાવાનું બાંધી, પરાગજી સાથે બંદા પણ ઊપડચા. રાતે રતલામ ને બીજે દિવસે સવારે દિલ્હી. તે જ રાતે દિલ્હી એક્સ્પ્રેસમાં પાછા.

રેલવેની પણ એક અલાયદી સૃષ્ટિ છે. એના કરુણ અને કૌતુકી, રસિક ને રમૂજી કિસ્સાઓ ભેગા કરવા બેસીએ તો મહાભારત થાય.

વયોવૃદ્ધ અક્ષયશંકરે વાંચેલું સારું. ઉપરાંત થોડા વિચારક પણ હતા. એમનાથી ગાય, ભેંસ, બકરાં લોખંડી વૅગનોમાં ભરફનાળે ભરી લઈ જવામાં આવતા તે નહિ ખમાતું. ગુડ્ઝ યાર્ડમાં ઢોર બિચારાં ઘાસપાણી વિના તરફડે તે જોઈ એમનું હૃદય ચિરાઈ જતું. મને બરાબર યાદ છે. તે દિવસે અક્ષયશંકર ડોસા આંખોમાં પાણી ચમકાવી કહેતા, 'પરાગજી! બાબૂભાઈ! જોજોની, જમાનો એવો આવશે કે: આપણે પણ આ ઢોરની માફક ડબ્બામાં પુરાવું પડશે.'

થોડાં વર્ષો કેડે પ્રિન્સેસ સ્ટ્રીટમાં ત્રિપાઠીને ત્યાં કંઇક પુસ્તક લેવા હું ગયો: 'પરમસુખભાઇ છે કે?'

'અરે, પરમસુખભાઇ હોય કે ન હોય, હું છું ને? આમ આવો.'

જોઉં છું તો કાઉન્ટર પર અક્ષયશંકર કાકા! હાથમાં 'આગગાડી'! રીટાયર થયા પછી અહીં કામે લાગ્યા હતા. 'બધું બરોબર લખ્યું છે. પણ યાદ રાખજો ચન્દ્રવદન, જમાનો આથી યે ખરાબ આવશે.'

મને સંતોષ એટલો જ છે કે એ ખરાબ અવસર આવે એ પહેલાં જ એમણે વિદાય લઈ લીધી હતી.

સ્ટેશનથી જરા દૂર કારખાનું. એ કારખાનાના કારભાર દરેક ઠેકાણે સરખા. એ જ કલીમેનો, એ જ ફાયરમેનો, એ જ દરાવરો ને એ જ કૅાલબૅાય. એ જ એમની રોજિંદી રકઝક; રોજબરોજની જિંદગી. ટોપલાવાળાથી દરાવર સુધી ઘટમાળ ચાલ્યા જ કરે. પછી દરાવરખાનામાં જાઓ કે સફાઇખાનામાં જાઓ, અસ્પતાલમાં જાઓ કે કે અંજીનરીમાં જાઓ, બધે માનવ માનવ વચ્ચે જે એખલાસ-અંટસ જે વ્યવહાર-વિરોધ, જે દોસ્તી-દુશ્મનાવટ વગેરેના ઋણાનુબન્ધ ચાલ્યા જાય છે, એ હોવાના જ. ચારે ગમ એ પથરાએલા છે.

માત્ર એક કિસ્સો અહીં નોંધું છું. એ જો મારી અને મારા જેવા વીસપચીસની નજર સામે ન બન્યો હોત તો એ કોઇ માનત પણ નહિ.

લોકો-ઑફિસના પાંચસાત કલાર્કોમાં શેલત કરીને કલાર્ક હતા. એમની જરા લાંબી માંદગી ચાલી, અને છેલ્લી ઘડી આવી એવું લાગતાં એનાં સગાંવહાલાંને તાર કર્યા. ખરેખર, રાતે સાડા અગિયારની ગાડીમાં એનો ભાઈ સ્ટેશને ઊતરી પાંચ મિનિટમાં ક્વાર્ટરના ફળિયામાં પગ મૂકે છે, ને બિછાનામાં આતુરીએ આંખ મીંચી દીધી!

હવે તો શું? વાંસ-દોરડાં લાવી લૌકિક કરવાનું રહ્યું. પરાગજી એવા કામમાં પરગજુ તે દોડચાદોડચા બે'પાંચ જણને કહી આવ્યા અને બધી તજવીજ કરી આવ્યા. કલાકેકમાં બધો સરંજામ આવી ગયો અને લાશને બાંધવા જવાની તૈયારી કરવા સૌ ઊઠચા.

ઘરમાં એક બાજુ ખૂણામાં ઘરડી મા છે, બીજી બાજુ વિધવા વહુ છે, બાજુ પર ભાઈ છે, ને મરનારનાં બચ્ચાં છે. હવે છે શું? માયા પૂરી થઈ ગઈ. પણ ના. મઝા તો ત્યારે જ શરૂ થઈ. મક્કમતાથી ભાઈએ કહ્યું કે કોઈએ લાશને હાથ અડાડવાનો નથી! હું તો ઢેબકાઈ જ ગયો. મારા બાપુજી પણ ત્યાં, પેલા મુરબ્બી ડાહ્યાકાકા પણ ત્યાં, અને આ ભાઈસાહેબે જાણે લાશનો કબજો લઇ લીધો.

પરાગજી બહુ ઠંડા માણસ. એને બાજુ પર લઈ જઈ પૂછવા માંડચું કે 'ભાઈ, છે શું? લાશ નહિ લઇ જઇએ તો ભારે થતી જશે અને ઊંચકવાની આપણે છે.' પણ પેલા ભાઇસાહેબ તો કંઇ બોલે જ નહિ. એટલે પરાગજીએ અને મેં ઠાઠડી અંદર લીધી. અમારી પાછળ મારા બાપુજી અને ડાહ્યાકાકા દાખલ થયા. ત્યાં તો 'ખબરદાર!' કરીને રાડચ પાડી! જાણે ઘરનો માલિક જ એ. મારા બાપુજીએ કહ્યું કે 'ચાલો બાંધવા માંડો.' તો એ ઊછળ્યો: 'તમે છો કોણ? અને ખબરદાર જો એક ડગલું પણ આગળ વધ્યા છો તો "વાઢ, ભાઈ વાઢ!

મારા બાપુજીનો પિત્તો ઊછળ્યો. ત્યારે એણે તો પૂરું પોત પ્રકાશ્યું. ડાહ્યાકાકાએ કહ્યું કે 'તમે કોની સાથે વાત કરો છો તે જાણો છો? એ ચીમનલાલભાઇ છે. એમની નીચે તમારા ભાઈ કામ કરતા. એમણે ને એમના કુટુંબે તો એની દેખભાળ રાખી. અને તમને છે શું?'

ત્યારે ભાઈ જરા ઠંડા પડચા અને મગનું નામ મરી પડચું: 'ચાવી લાવો.' પછી મા-દીકરા વચ્ચે જે જામી છે! વચમાંવચમાં તાજી જ વિધવા થએલી વહુ ઉપર જે ઝાંસી છે! એ તો કોઈ નાટકમાંના ભલભલા ફારસના કિસ્સાને પણ ભુલાવે એવો બનાવ હતો.

માએ વહુને ભાંડી. દીકરાએ માને દીધી. વહુના હાથમાં ચાવી, તે ડાહી થઇ બોલે જ શાની?—રડચા ના કરે? કલાકેક સુધી ત્રણે પાર્ટીઓ સારીપેઠે આથડી. બહાર તો બરાબરનો મેળો જામી ગયો હતો. હું તો ડઘાઇને બેલ જ જોયા કરું. વચ્ચે ભાઈએ એક ખાસ્સું લાંબુ ભાષણ આપી દીધું. એ વખતે મારાથી નહિ રહેવાયું ત્યારે કટાક્ષમાં તાળીઓ પાડી. અરેરે, આપણે હિન્દુ, આર્ય, પ્રાચીન ભવ્ય ભૂમિના વારસ, સંસ્કૃતિના ઇજારદાર. હજી, પેલા બિચારાની આંખ મિચાયાને માંડ ત્રણચાર કલાક થયા નથી ત્યાં એના મુરદા ઉપર તાળીઓ બજી! કેટલો પાપી હું? મને પછી તો થોડો પસ્તાવો થયો. પણ પેલા ભાઇસાહેબ પર તો એવી ચીડ ચડી! કેટલીક પૂંજી? કેટલાં કાગળિયાં? લોકો ઑફિસમાં કલાર્ક, એનું પ્રૉવીડન્ટ ફંડ તો રેલવે આપે ત્યારે. અને લખપતિ હોત તો સો રૂપરડીમાં નોકરી શાનો કરતો હોત? પણ તે દિવસે મારી મતિ તો મૂઢ જ થઈ ગઇ હતી.

આખરે પરાગજીએ કાયદો હાથમાં લીધો. અક્ષયશંકર ડોસા પણ એમાં શામેલ થયા. એમણે એક જણને દોડાવ્યો અને કહ્યું કે જાઓ, પોલીસને બોલાવો. આ લાશ અહીં રાખી મૂકવી જોખમકારક છે! એમ, રાતે બે વાગ્યે, અનેક ડાચાકૂટ પછી સામૈયું નીકળ્યું. ઠાઠડી ઊંચકનારાઓમાં ત્યારે રામનું નામ બોલવાના રામે રહ્યા નહોતા.

હવે જરા રેલવે યાર્ડની બહાર નીકળીએ અને આમ અમલસાડ સુધી, ને આમ ધમડાછા ને પેલી પાર પારડી સુધીનાં આંબાવાડિયાં-

માં જરા ફરી આવીએ. ધમડાછાની ખાસ્સી મોટી દળદાર પણ ઘાટઘૂટ વગરની કેરીઓ તો સુરત સુધી મશહૂર, અને ખાસ કરીને મુરબ્બામાં ખૂબ ઉપયોગમાં લેવાય. એની વાડીઓમાં ફર્યાં. એ કેરીને લઇને તો કોઈ બાઇ જો જાડી હોય તો એને 'ધમડાછા જેવી' કહેતા. એ શબ્દપ્રયોગ આજે પણ સુરત બાજુ એટલો જ પ્રચલિત છે.

પરાગજી વગર તો પગ ફરે જ નહિ. અમલસાડમાં એણે કાળિયા આંબા બતાવ્યા હતા. એમ તો વાંસદા લાઇનમાં કાળા આંબા કરીને રેલવેનું સ્ટેશન જ છે. વળી શ્રાવણ મહીને જ ફળે એવો એક શ્રાવણી-ઓ આંબો; ઉપરાંત, આંબલીઓ, લીમડીઓ, જમખડ, પાણી વગર ઊગેલો, એવા જાતજાતના આંબા બતાવ્યા. પાણી ખેંચવાના કોસ બે પ્રકારના: રામૈયો ને સૂંઢિયો; એમાં રામૈયો બળદ માટે ઓછો તકલીફ કરનારો; એવું એવું ઘણું સમજાવ્યું. કેરીની જાત પારખવામાં એ પાવરધા, અને નવસારી–સચીન સુધીના આંબા એની ગણતરીમાં. એકેક પછી એકેક ખેતરાં ઓળંગતાં જાય અને એ જમીન, વાવેતર, અને એ બધું તો ઠીક પણ એના ધણીરણીની પણ કંઈક વાતો ઉકેલતા જાય. ધના પટેલની વાત એમણે જ કહી હતી.

પણે ભરત ભોમમાં, ઉગમણે નહિ પશ્ચિમે,
જ્યહીં સુરજ આથમે ત્યહીં હતું રૂડું ગામડું.

જોયું? કોણ જાણે પરાગજીએ ધના પટેલની વાત કરી અને પૃથ્વી છંદ એકાએક બહેકવા લાગ્યો! એ ખેડૂત; એને બે દીકરા; એક બહેન નામે રતન; અને કામે પણ રતન જ હતી:

અને રતન તો કની ઉગમણું થયાથી શરૂ
કરે વિવિધ કામ, જાય જરી એકલી ચોતરે,
કુવે, કદીક ખેતરે, નીંદણુ વાળવું ઝૂડવું,
ભરે કણસલાં, કરે તણખલાં તણું તાપણું,

...પણ હું ક્યાં આ ફરીથી 'રતન' લખવા બેઠો? એ વાત અહીં ચીતરી શીદને કંટાળો આપું? ટૂંકામાં મને એ કિસ્સો ગમ્યો, કારણ ભાઈબહેનના હેત-પ્રેમની એ વાત હતી. અને પૃથ્વીછંદમાં વણવાની મજા આવી. સુમતિ ત્યારે સાથે હતી, એટલે—'તને સુમતિ! લે ધરું,' લખી એ મેં એને અર્પણ કરી.

પારનેરા પાસેની વાડીઓ પણ ખૂંદી. નાનો પણ દક્ષિણ ગુજરાતનો ઘણો જાણીતો એ ડુંગરો. ઉપર ખાસ્સો કોટ, અને એમાં તેલનાં ટાંકાં. દૂરદૂર સૂરજને સાગરમાં ડૂબતો જોવાની ત્યાં શી મજા! સહેજે ચડી જવાય એવો પારનેરો પોતાની નાની બેન પાર નદીને સાગર-સાસરે વળાવવા આવ્યો, અને પછી પોતે એટલો સ્થૂલ, તે અહીં જ રહી ગયો અને ઉપર વસાહત જમાવી; એના ૩પરકોટમાં પાછળના ભાગમાં એક બારી છે, ત્યાંથી કોઇ મરાઠા રાજા ઘોડી કુદાવી નાઠો હતો; સુરત લૂટવા શિવાજીને છાવણી તેમજ સંરક્ષણ માટે આ ડુંગર ઠીક કામમાં આવ્યો હતો; એવી એવી એની વાતો સાંભળેલી.

પણ ત્યારે ગુજરાતમાં ડુંગરા પણ ક્યાં ઝાઝા છે તે? આબુ, પાવાગઢ, ગિરનાર, શેત્રુંજો, બરડો, પારનેરો,—બસ. બધા નાના નાના. એક સળંગ હારમાળા તો નથી જ. સાતપૂડાની ખરી, પણ એમાં ખાનદેશનો હિસ્સો વધારે; બાકી તો જોવા જેવી. નંદરબારથી થોડાક માઈલ ઉત્તરે જઈએ, અને તાપી નદી ઓળંગી તળોદા ગામ પહોંચીએ, પછી તો સાતપૂડો ચડવો હાથવેંત. અને એકાદ હારમાળા ઉલ્લંઘી, પછી તો જુઓ મજા! જે વનસ્પતિ ફાલે છે! એટલી તો સમૃદ્ધ છે એ જગ્યા! પણ આપણે ત્યાં ક્યાં પહોંચી ગયા? ડુંગરની વાત આવે ત્યારે સ્વાભાવિક દિલ ડોલવા માંડે છે. ડુંગરા સાથે વાત-ચિત કરવાનો કીમિયો તો ફ્રૅન્ક સ્મિથે શીખવ્યો. એની 'સ્પિરિટ ઑવ ધ હિલ' જરા વાંચી જશો ને, તો ખૂબ તાજગી મળશે.

પારનેરામાં એક આંબાવાડી ભૂલાભાઈ દેસાઈની. બીજા થોડા આંબા નીથલને કાંઠે બાંધેલા એમના બંગલાના બગીચામાં. એક ઉનાળામાં એ બંગલે અમારું અગિયારેક અડીમ ઘડીમોનું ટોળું ઊતરી પડ્યું હતું. એમાં ખાસ નામચીનોમાં સોલી બાટલીવાળા, સલીમ મર્ચંટ, શાવક નાણાવટી, દાદી, સુન્દર, લખુ, ઉપેન્દ્ર દેસાઈ વગેરે હતા. ભૂલાભાઇ બપોરે જમ્યા પછી દરબાર ભરતા. ખાઓ ફરો ગમે તેટલું, પણ બપોરે ઊંઘવાની રજા નહિ. ઊંઘ્યા તો મૂઆ જ છૂટ્યા. એ દરબારમાં જજ, જ્યુરી, સરકારી વકીલ, પ્રોસીક્યુ-ટર, જે ગણો તે ભૂલાભાઈ બેસતા. બંગલાને પહેલે માળે આવેલા દરિયા તરફના વિશાળ વરંડામાં ભોંયે પથારીઓ પથરાએલી જ રહેતી. ત્યાં ચાર આડા તકિયા મૂકી એમાં ગુનેગારને બેસવું પડતું. ગુનેગાર પોતે ચાહે તેને બચાવને માટે વકીલ કરી શકે; પોતે પણ બચાવ કરી શકે. મુકદ્દમો જમીને એકાદ વાગ્યે શરૂ થતો તે ચારપાંચ વા સુધી લંબાતો. પછી ફરવાને માટે છુટ્ટા. રાત્રે પાનાં ચાલતાં, નહિ તો પાછો મુકદ્દમો પણ ચાલતો.

એમાં, ધારો કે સલીમ મર્ચન્ટનો વારો છે, પ્રથમ તો ભૂલાભાઇ એના પર તહોમતનામું ઘડી કાઢે ને કહે, આવો બચ્ચાજી, બચાવ કરો. ટોળકીબાજોનો પૂરો સંપ. કોઈ ફૂટે નહિ. તહોમતનામામાં મોટે ભાગે આરોપીએ કૉલેજમાં કંઈ લફરું કર્યું હતું, યા તેની એ 'અફેર' ચાલુ છે, એવો આરોપ મુકાતો, અને ગુનેગારે તે આરોપ ખોટો સાબિત કરી છૂટી જવાનું.

પહેલાં તો અરધોએક કલાક ભૂલાભાઈ ટાહ્યલાં જ મારે. શું પહેરો છો, અમુક દિવસે શું પહેરેલું, પેલી ટાઈ ક્યાંથી લાવ્યા હતા વગેરેમાં કુટાવા દે. એમાં વચ્ચે એકાદો સફાઈથી ગુગલી આવી ગયો હોય, પણ ભાગ્યે જ કોઇને ખબર પડી હોય. અને પછી થોડી જ વારમાં બૉડી લાઇન શરૂ થાય, અને વિકેટના ફુરચા! કેટલીક વાર તો એવી મજા આવતી કે ગુનેગાર સાવ નિર્દોષ હોય,–અલ્લાનો માણસ, એકે છોકરીની સાથે વાતચિત તો શું પણ સામું યે જોતો ન હોય, છતાં ઉલટ તપાસમાં અટવાતાં બેચાર વાક્યો એવાં બોલી ગયો હોય કે ગુનો સાબિત થઇ જાય! ભૂલાભાઇ આખરમાં સમિંગ અપ કરે, અને બધાને પૂછે કે આ, આ, આ હકીકત એણે કબૂલ કરી છે. બધું જ લૉજિકલ. બધાએ કહેવું જ પડે કે હા જી આ શખ્સે લફરું કીધું જ છે!

ત્યારે અમે તો નાના, પણ એમની અદ્ભુત શક્તિનો પરચો જોઈ લીધો હતો. એકે બપોર કે એક પણ મુકદ્દમો નીરસ, ડલ નહિ. આરોપીને પીંજરામાં જે રીતે લબડાવે એમાં તો હસાહસ થતી. ભૂલાભાઈને ત્યાર બાદ મેં બહુ જાણ્યા-માણ્યા છે, એમની ઉલટ-તપાસના પરચા તો છેક આખર સુધી લાલ કિલ્લામાં પ્રમાણ્યા છે; પરંતુ એ તો આગળ ઉપર જોઈશું.

તે દરમ્યાન વળી એમને તથા એમના ચિરંજીવી ધીરુભાઈને તુક્કો સૂઝ્યો, તે કહે કે વલસાડ સ્કૂલ સાથે મૅચ રમીએ! નિશાળમાં તો રજા હતી, પણ વલસાડ જેવા ગામમાંથી અગિયાર નિશાળિયાઓ એકઠા કરવા એમાં શી મુસીબત? તે અંતે મૅચ ગોઠવાઇ. અને ભૂલાભાઈ અમ્પાયર બનીને ઊભા! વલસાડમાં નગરશેઠથી પણ વધારે એમની આબરૂ, તે લોક પણ ખાસ્સું મૅચ જોવા ચડી આવ્યું. ત્યાંના બારના પાંચદસ હોંસીલા વકીલો પણ પાઘોટાં પહેરી આવ્યા હતા.

આવાંબાઈ નશાળના કૉમ્પાઉન્ડમાં એકઠી થએલી બંને ગંજાવર ટીમ આગળ ભૂલાભાઈ સાહેબે એક નાનું ભાષણ કીધું: 'જુઓ ભાઇઓ, ક્રિકેટ જેવી રમતમાં આવડતની જરૂર છે, અને જેનામાં

શક્ત હોય તે જીતે. આ ટૉસ ફૉસ ફક્ત છાળી ચાન્સની રમત છે એમ કહેવું એ ખોટું છે. હું તો વલસાડનો રહીશ. અને તમે જે બહારથી આવ્યા છો તે તો મહેમાનો! એટલે સ્વાભાવિકરીતે મહેમાનોને દાવ લેવા કહેવું જોઇએ. માટે તમે દાવમાં જાઓ.'

ટૉસ એમ થયો. અમારી ટોળીના રમનારા ત્રણ-ચાર જણ; ધીરૂ, લખુ, હું ધારું છું ત્યાં સુધી વિજય મર્ચન્ટના મોટા ભાઈ કિસન-પછીથી કૃષ્ણરાજ—મરચંટ, એટલા તો સાઉન્ડ ખેલાડી. સામે નિશાળિયા પૂરા ન થતાં બે ત્રણ શહેરીઓ પણ બાંય ચડાવી ઊતરી પડચા હતા. મેં ત્યારે, નાનપણની છાલકાઇમાં, વીસેક જણને મોઢે 'હાઈસ્કુલમાં પહેલો જઈ એકવાર છેવટ સુધી નૉટ આઉટ રહ્યો હતો' એ વાત પચાસવાર કહી હશે, તે ભુલાભાઇ જેવાને કાનેથી છટકે કેમ?

'ચન્દ્રવદન! તમે ઓપનિંગ, ને સાથે સલીમ મર્ચન્ટ; ઊપડો—'

'પણ, ભાઇ! હું તો બૅટ પણ—' સલીમે કહ્યું. પણ ભૂલાભાઈ કહે, 'એ શું? મેં તો આખો ઑર્ડર નક્કી કરી જ રાખ્યો છે. ગઈ કાલે પેલી અદાલતમાં બપોરે ગુનેગાર ઠર્યાં, એની બધી સજા તો હજી બાકી છે! ગેટ અપ! ગો ઑન. ચાલો, બધા તાળીઓ પાડો!'

હિન્દુસ્તાનના બે ખરખમ બૅટ્સમૅન દાવ લેવા મેદાને પડચા! સામે ઈરાની બોલર, ફાસ્ટ તરીકે જાણીતો. એટલે સલીમને મેં કહ્યું કે તું ઓપન કર. પણ એ દોસ્ત માને નહિ: 'અરે સી.સી. મેં કયાં કદી—'

પણ ત્યાં તો ભૂલાભાઇ અમ્પાયરમાં આવીને ઊભા રહી ગયા હતા ત્યાંથી જ હુકમ નીકળ્યો: 'ચન્દ્રવદન, તમે આ બાજુ. ઓપનિંગમાં—'

પહેલો સૂસવાટો એમનો એમ ચારની બાઇ પર પહોંચી ગયો, એટલે ભૂલાભાઇ સાહેબે પિનલ કોડ કલમ બીજી કાઢી બતાવી, સામાવાળા કપ્તાનને બોલાવી કહ્યું, 'જુઓ ભાઈઓ, આપણે મૅચ રમવા નીકળ્યા છીએ; આ કંઈ મૅથેમૅટિક્સ નથી, સમજ્યા? એટલે ઓવર આશરાની, છ બૉલની નહિ! કદીક પાંચ પણ થાય અને કદી સાત પણ થાય!...' કબૂલ ભાઈ કબૂલ.

સુરતમાં બે ત્રણ માસ્તરો ક્રિકેટીયરમાં પણ ખરા. એમણે શીખવેલું તે પ્રમાણે અમે રમતા. પહેલો જે જાય, એણે કદી બૅટ ઉપાડવાનું જ નહિ. થીઅરી એવી કે એણે બોલરને થકવી નાખવાના! ગમે તેવા બૉલ આવે, તે ત્યાં જ દાબી દેવાના—બ્લૉક કરવાના! એમ બેત્રણ તો દબાવ્યા. પણ પછી એક સુરસુરિયું લેગન કટ લાગવાથી બે રનનું નીકળ્યું અને ઓવર પૂરી થઈ.

બીજો બોલર પણ એવો જ નીકળ્યો: ગોલંદાજ. અને સલીમે જે બૅટ વીંઝ્યું તે ચાર રન! બસ સાહેબ? આમ દસ થયા તો થયા. પછી દેખો આવતજાવન. ધીરુભાઇએ કંઇ બેચાર ફટકા માર્યા, પણ આગલો બત્રીસમાં પૂરો. એ હતો આન્ડ ટોટલ! આવો ગંજાવર સ્કોર કર્યા પછી અમારા અમ્પાયરે એક તાજૂગીની નવી કલમ કાઢી સામાવાળાઓને કહ્યું: 'જુઓ ભાઇ, આપણી હોમ ટીમ એટલેકે વલસાડની ટીમ બસો-પાંચસો રન કરવાની તાકાત ધરાવે એવી છે. આ મુંબાઈની ટીમ કંઇ પ્રૅક્ટીસ વગરની લાગે છે, યા તો એને અહીંનાં હવાપાણી ફાવતાં નથી. એને એક ઇનિંગ્સનો માર તો આપવો જોઈએ. એટલે એ લોકોને-આપણે હમણાં જ ફૉલો ઑન કરીએ, અને પછી જે રનો થાય તે અને પેલા બત્રીશ, ધારો કે સાઠેક થાય તે પછી તમે બેત્રણ જણા કરી નાખજો.

પણ ધીરૂભાઈ—લખુભાઈ માને નહિ: 'એ શું વળી?' બંને પડછંદ બોલર, અને આ તો આબરૂનો સવાલ, એટલે અમે જ ભૂલાભાઈ સાહેબની સુંદર રચનાને સૅબોટેજ કરી ફીલ્ડિંગમાં ઊતર્યાં. એમના પાંચ છ જણે મળી સાઠેક રન ઠોકી નાખ્યા. ત્યાં તો પછી લાઇટ જ ફેઇલ થાય છે કરી, મૅચ ડ્રોમાં લઈ, ત્યાં મેદાનમાં જ પેલી વકીલ મંડળી તથા બંને ટીમોએ મળી જ્યાફત કરી. ત્યાં ભૂલાભાઇ સાહેબે ખવડાવતાં પીવડાવતાં એક હોસ્ટને છાજે એ રીતે ક્રિકેટ પર જે ભાષણ કર્યું છે તેવું કદાચ લંડનમાં લૉર્ડ્ઝની ગ્રાઉન્ડ પર ટ્રમ્પરે કે ડબલ્યુ.જી. ગ્રેઇસે નહિ કર્યું હોય. એમાં જામ રણજીની બૅટિંગ, જેસોપની હિટિંગ, હૉબ્સ-સૅંડામની સ્ટાનવૉલિંગ, ઉપરાંત બાલુની બોલિંગ વિષે કંઈક ટુચકાઓ સંભળાવ્યા.

આના અનુસંધાનમાં ક્રિકેટની બીજી વાત હવે પછી. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૩૭મો
પોષ ૧૯૮૩

પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંની સામગ્રી આજે અમને યે કુતૂહલ જન્માવે છે, તો જેમણે એ અંક જોયો નથી તેવાવાચકોનેતોઘણોરસપ્રદનીવડવાસાથે, પચ્ચીસ વરસ જેટલા લાંબા ગાળા ઉપર પણ 'કુમાર' કેવું ઉચ્ચ કક્ષાનું હતું તેની વાનગી આપી રહે. એ અંકમાંથી શ્રી હરિનારાયણ આચાર્યની કલમે આલેખેલા, જગતના બે અપ્રતિમ મલ્લશિરોમણિ ઝિબિસ્કો અને ગામાના પરિચયમાંથી પ્રસ્તુત ભાગ અહીં ઉતારીએ:

'**સાંજ** હમણાં જ પડી હતી. છતાં અંધકાર એટલો તો ગાઢ હતો કે પોતાનો હાથ પણ જોઈ શકાતો ન હતો. શિયાળાના દિવસ અને કૃષ્ણપક્ષની રાત્રિ. તેમાં વળી આકાશ પણ વાદળાંથી ઘેરાએલું હતું. વચ્ચેવચ્ચે બરફ અને વરસાદનાં ઝાપટાં આવી જતાં. સર્વત્ર નિઃશબ્દ શાંતિ હતી. માત્ર કેદીઓને રાખવાના સ્થાનમાંથી હસવાના અવાજ આવતા હતા. એ નાના મકાનના આંગણાની વચ્ચોવચ્ચ પંદરવીસ ફૂટ ચોરસ જમીન ખાલી હતી. બાકીનો ભાગ સૈનિકોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. બરફ કે વરસાદની રજ પણ દરકાર વિના, ટાઢમાં થરથરતા સૈનિકો કોઇકના આગમનની રાહ જોતા લાગતા હતા. એટલામાં જેલનો દરવાજો ઊઘડ્યો અને બે ત્રણ સિપાહીઓ દુર્બળ દેખાતા એક મહાકાય કેદીને લઇ બહાર આવ્યા. એને જોતાં જ સૈનિકો બરાડા પાડી બિભત્સ મશ્કરીઓથી એનું સ્વાગત કરવા લાગ્યા. પણ એ તો મૌન અને ઉન્નત વદને ને દૃઢ પગલે ચાલતો પેલી ખાલી જગ્યામાં આવી ઊભો રહ્યો.

ચિંતા, ભૂખ, થાક અને ઉજાગરાથી આવેલી નિર્બળતા એના મોં ઉપર તરવરતી હતી. નિસ્તેજ નયનો ઊંડાં પેસી ગયાં હતાં, છતાં એમાં એકાગ્રતા અને નિશ્ચયબળની આછી ચમક જણાતી હતી. અપૂર્વ શાંતિથી એ ઊભો હતો. એના જીવનની અણીની પળ આ હતી. કેદીપણાનો છુટકારો મેળવવાનો ને પ્રાણાંતે પણ એ જતી ન કરવાનો એનો નિશ્ચય હતો.

એ ત્યાં ઊભો ન ઊભો, એટલામાં તો સૈનિકોમાંથી એક ભીમકાય પુરુષ ખુલ્લા શરીરે એની સામે આવી ઊભો. ભૂખ્યા વરૂની પેઠે પરસ્પરને તાકતા એ બે જણને જોઇ સૈનિકો શાંત થઈ ગયા. ત્યાં તો સર્વ શક્તિ એકત્ર કરી, ભયંકર ત્રાડ પાડી, વીજળીની પેઠે કેદી પેલાને ચોંટી પડ્યો. ને અર્વાચીન સમયનું પૃથ્વી પરનું સૌથી ભયંકર દ્વંદ્વયુદ્ધ ચાલુ થયું....

પોલંડના ક્રેકૉવ નગરમાં ઝિબિસ્કોનો જન્મ થએલો. ઑસ્ટ્રિયાની વીએના વિદ્યાપીઠમાંથી એકવીસમે વર્ષે એ પ્રથમ વર્ગનો ગ્રેડ્યુએટ થયો. એજ વર્ષના સપ્ટેમ્બરમાં પારીસમાં યૂરપ, અમેરિકા ને ઑસ્ટ્રેલિયાની ગ્રેકો–રોમન (ખડી) કુસ્તીની ચૅમ્પીઅનશિપ એ જીત્યો. બે વર્ષ વધુ અભ્યાસ કરી એ (બૅરિસ્ટર) થયો.

આ ઓછું વિસ્મયજનક છે? જે વર્ષે ગ્રેડ્યુએટ તે જ વર્ષે આખી ગોરી પ્રજાનો મલ્લવિદ્યાનો સમ્રાટ! વજન ઊચકવાનો અને કુશ્તી જેવો ભારે વ્યાયામ કરતા છતાં ય ત્રેવીસમે વર્ષે બૅરિસ્ટર.

પિતાની ઈચ્છાથી ઝિબિસ્કો લશ્કરમાં દાખલ થવા ગયો. પણ એ ભીમકાયને જોઈ હેબકાઇ ગએલા દાક્તરે દાખલ ન કર્યો! એટલે એણે શરીરબળ ઉપર જીવવાનો નિશ્ચય કરી યૂરપ અને અમેરિકાના બલવીરોમાં દિગ્વિજયાર્થે ભ્રમણ શરૂ કર્યું. અને ગોરી પ્રજાના સર્વોત્કૃષ્ટ મલ્લોમાં અનેકવાર વિજયશ્રીએ એના કંઠમાં વરમાળ આરોપી.

યૂરપ ને અમેરિકામાં કુશ્તીના ઇતિહાસમાં 'ફાર્મર' બર્ન્સ મલ્લવિદ્યાનો પિતા ગણાય. છ હજાર કુશ્તીમાં માત્ર એણે સાત જ ન જીતેલી. એના પટ્ટશિષ્ય ગૉશની સાથે ઝિબિસ્કો ૧૯૧૦ની પંદરમી નવેમ્બરે લડ્યો. ગૉશે શરત કરેલી કે એક કલાકમાં બે વખત ઝિબિસ્કોને હું ચિત ન કરું તો મારે હાર કબૂલ કરી લેવી. પણ ઝિબિસ્કો ચિત ન જ થયો! ગૉશ કહેતો કે વિશ્વમાં માત્ર બે જ કુશ્તીબાજો મેં જોયા છે: હૅકન્શ્મિટ અને યુસુફ મહમુદ નામનો તુર્ક. પણ આ તુર્કને ય ઝિબિસ્કોએ અમેરિકામાં બે વખત હરાવેલો.



ભારતનો મલ્લશિરોમણિ ગામા

પણ વિજયશ્રી લક્ષ્મીની ચંચળતા ધરાવે છે. યૂરપ અમેરિકાના પહેલવાનોને હિંદના પહેલવાનોના હાથનાં પાણી ચાખવાનો ઝાઝો અવસર મળતો નથી. ઝિબિસ્કોના કરમમાં એ ભોગવવો લખેલો. ૧૯૧૦ની દસમી સપ્ટેમ્બરને શનિવારે લંડનના સ્ટેડિયમથી એટરમાં પંજાબકેસરી ગામા ને ઝિબિસ્કો ભેગા થયા. ત્રીસ હજાર પ્રેક્ષકોએ દુનિયાની આ અપ્રતિમ કુસ્તી જોઇ. જોતજોતાંમાં ગામાએ ઝિબિસ્કોને જમીન ઉપર નાખી દીધો, જ્યાંથી અઢી કલાક સુધી એ ઊભો થઇ શક્યો નહિ! ગામા કરતાં ઝિબિસ્કો ભારે શરીરવાળો હોવાથી ગામા એને ચિત ન કરી શક્યો, એટલે કુસ્તીનું પરિણામ નિશ્ચિત ન થયું. બીજા શનિવારે ફરીથી કુસ્તી કરવાનું નક્કી થયું. પણ ઝિબિસ્કોએ તો બીજે જ દિવસે ઇગ્લંડ છોડયુ !

પહેલા યૂરપીય મહાયુદ્ધ વખતે ઝિબિસ્કો રશિયનોના હાથમાં કેદી બન્યો. પૂરતા ખોરાક અને યોગ્ય વ્યાયામના અભાવે એનું શરીર નિર્બળ થએલું. તે વખતે આબર્ગ નામના પ્રથમ શ્રેણીના રશિયન પહેલવાનને એ જીતે તો કેદમાંથી છોડી મૂકવાનું એને વચન મળ્યું, જેને યોગે આ લેખની શરૂઆતનો બનાવ બન્યો. બે કલાકના ભયંકર યુદ્ધને અંતે કેવળ કઠોર નિશ્ચયબળથી જ ઝિબિસ્કો પ્રતિમલ્લને મહાત કરી શક્યો ને જીવના જોખમે છુટકારો મેળવવા પામ્યો.

૧૯૨૧માં ઝિબિસ્કો અમેરિકા ગયો, ને સ્ટ્રૅન્ગ્લર લ્યૂઈ પાસેથી ત્રીસ મિનિટમાં ચૅમ્પીઅનશિપ જીતી. પણ તે એ જ વર્ષના અંતે લ્યૂઇએ ફરીથી પાછી મેળવી. ૧૯૨૫ના ફેબ્રુઆરીમાં વેમન મૂન નામના પહેલવાને લ્યૂઇને હરાવ્યો અને એ જ વર્ષના સપ્ટેમ્બરમાં ઝિબિસ્કોએ મૂનને હરાવી ચૅમ્પીઅનશિપ બીજીવાર મેળવી.

ભૂતકાળની હાર ન વિસરવાથી ગામા સામે ૧૯૨૭ના ફેબ્રુઆરીમાં ઝિબિસ્કો અહીં આવ્યો. હિંદુસ્તાનની કુસ્તીનું સમરાંગણ પંજાબકેસરી રણજિતસિંહના સમયથી એકધારું ખેલાતું આવ્યું છે. ૪૦૦ રતલના પ્રચંડ શરીરધારી રમજુ સરફુદ્દીને વડોદરામાં આ સમરાંગણને શોભાવ્યું હતું. હજુ તો મૂછનો દોરો ફૂટતો હતો એવી ઊગતી જવાનીમાં બૂટાએ રમજુના હાથમાંથી એ સૌભાગ્યકંકણ હરી લીધું હતું. બાવળના ઝાડને બાથમાં મારી ઉખાડી નાખનાર સીઆલકોટનો ભીમકાય શીખ કીકડસિંહ તથા અમૃતસરનો ગુલામ અલિયા જયશ્રી વરવા પચાસ હજાર પ્રેક્ષકો સન્મુખ ઝૂઝેલા. રહીમ અને કરીમબક્ષ જેવા મહારથીઓની વીરહાકના પડકારની સ્મૃતિ હજુ પણ એ ક્ષેત્રમાં ઉત્સાહ ને ઉન્માદનાં પૂર ઉછાળે છે. આર્ય સંસ્કૃતિના આ દેશના પ્રથમ વહેણના સમયથી સરળ ચાલતી આવેલી મલ્લવિદ્યાનો અર્વાચીન સ્વામી ગામા; અમૃતસરનો અહમદબક્ષ, જાલંધરનો ગમ્મુ વગેરેની સાથે રહી ઈંગ્લંડ અને અમેરિકાના પહેલવાનોનો નશો ઉતારી નાખનાર એ ગામાના નામથી જગતના કુસ્તીબાજો ત્રાસી ઊઠેલા. કૃષ્ણચંદ્રે કેળવેલી, કૌન્તેય ભીમ, જરાસંઘ, હનુમાન અને જામ્બુવાનાદિએ સજીવ રાખેલી મલ્લવિદ્યાનું ગૌરવ હિંદમાં ગામાને હાથ છે.'

પહેલા પાના પર શ્રી દેશળજી પરમારના આવતા ભાવનાલેખોમાંના આ અંકમાંના લેખ 'મહત્ત્વાકાંક્ષા'માંથી પ્રેરક તારવણી આ સામે ચોકઠામાં આપી છે.


બાળપણથી જ માણસમાં મોટા થવાની અભિલાષા જાગે છે. 'હું મોટો થઇશ ત્યારે આમ કરીશ ને આવો થઇશ' એ આકાંક્ષા દુનિયાના એકેએક બાળકના હૃદયમાં પ્રગટયા વિના રહેતી નથી.

પણ કુમારજીવનના એ કોડ જીવનમાં ઉતારનારા તો વિરલ જ નીકળે છે. ઊછરતી વયે મહત્ત્વાકાંક્ષાઓ ઘડનારા ઘણા યુવાનો જીવનમાં પડયા પછી અલ્પસંતોષી બની રહે છે. કેમકે મહત્ત્વાકાંક્ષા સેવવી એ એક વાત છે અને એને જીરવવી ને જીવવી એ જુદી જ વસ્તુ છે. અલ્પ વસ્તુઓથી રાચવું એ મહેચ્છુકોનું લક્ષણ ન હોય. મહાપ્રાણ મનુષ્ય તો દૃઢતાથી ભીષ્મ કર્મયોગમાં ઝૂઝે ને આગળ ધપે.

અને એવાને કાજે તો મહત્ત્વાકાંક્ષા સંજીવની સમી, કો પ્રેરણાની દેવી જશી છે. દુનિયાની કપરી ઠોકરોના ઘા એ રૂઝાવે છે ને એનો નશો માણસને ઊંચે ને ઊંચે જવા હર પળે મત્ત રાખે છે. માણસમાં એ કામની ઝનૂન પ્રગટાવે છે, વિકટમાં વિકટ વિપત્તિઓ સામે બાથ ભીડવાનું શૂર ને બલ પ્રેરે છે ને પોતે વિજય કરવાને માટે જ નિર્માયો **છે એવી અચલ શ્રદ્ધા જન્માવે છે.**

ઊર્ધ્વારોહણ અને આત્મવિકાસ એ બે મહત્ત્વાકાંક્ષાની પાંખો છે; સિદ્ધિ ને જય એ બે એનાં સંતાનો છે. –દે.પ.

અને હવે થોડી બુદ્ધિની કસરત—પ્રાચીન છતાં એટલી જ અર્વાચીન: ૨૦૦૦ વર્ષ પૂર્વે ગ્રીકો અને રોમનો જેમાં ભેજાં થકવતા તે રમત અહીં આપી છે. તે ઇ. પૂર્વે ૩૦૦ વર્ષ પહેલાં આર્કીમીડિસ નામના ગ્રીક ગણિતશાસ્ત્રીએ શોધેલી. વચલા કાળમાં તે ભુલાઈ ગઈ હતી, પણ બ્રિટિશ ભૂસ્તરશાસ્ત્રી ડૉ. ઑલ્ડહામની શોધખોળથી તે એક પ્રાચીન ચર્મપત્ર ઉપર ઉતારેલી મળી આવી છે.




બે સરખા ચોરસથી બનતા એક લંબચોરસમાં, ઉપર બતાવ્યા પ્રમાણે ચૌદ આકૃતિઓ પાડેલી છે. તે એવા હિસાબસર છે કે તેમાંથી અસંખ્ય પ્રમાણો મળી શકે. અને ઉપરાંત માણસ, પશુ, પક્ષી, ઘર, વહાણ વગેરે પુષ્કળ આકૃતિઓ પણ બનાવી શકાય. ડૉ. ઑલ્ડહામે બનાવેલા થોડા આકારો નમૂના તરીકે આ નીચે આપ્યા છે. તમે પણ એ રમતનો આનંદ મેળવો.'



દુનિયાના દેશો

[૨] લીબિયા



બહુ ઊજળી આશાઓ સાથે શરૂ થએલી, પણ સ્વાર્થ અને મુત્સદ્દીગીરીની અથડામણોના અખાડા જેવી બની ગએલી સંયુક્ત રાષ્ટ્ર સંઘની સંસ્થા 'યૂનો' એ તેની છ વર્ષની કારકીર્દીમાં જો કોઈપણ ગણનાપાત્ર કામ કર્યું હોય તો તે, ગઈ ૨૪મી ડિસેંબરે થએલો લીબિયાના નવા રાજ્યનો ઉદ્‌ભવ.

નકશામાં બતાવ્યા મુજબ, આફ્રિકાને ઉત્તરકિનારે, ઇજિપ્તની અડોઅડ, ભૂમધ્ય સમુદ્રને અભિમુખ એ નવું રાજ મૂળ તો ઇટાલીનું સંસ્થાન. તેની બરોબર સામે, ભૂમધ્ય સમુદ્રની પાર ઈટાલી ને તેનો ટાપુ સિસિલી આવેલો છે. વર્ષોથી તે રાષ્ટ્રીય સ્વતંત્રતા મેળવવા મથતું હતું. એવામાં બીજું મહાયુદ્ધ આવ્યું અને તેમાં ઇટાલીની હાર થઈ. તેના પરિણામે ઈટાલીના સામ્રાજ્યને વિલીન કરવાનું ઠર્યું અને તેમાં રશિયા-ફ્રાન્સ-બ્રિટન-અમેરિકાએ સત્તાની જે હરીફાઈઓ માંડી તેનો લાભ લીબિયાની સ્વાતંત્ર્ય-મહેચ્છાને મળી ગયો, અને સંયુક્તરાષ્ટ્ર સંઘની નિગેહબાની હેઠળ તેનું સાવભૌમ સ્વતંત્ર રાજ્ય રચવાનો ૧૯૪૯ની ૨૧મી નવેમ્બરે યૂનોની મહાસમિતિએ ઠરાવ કર્યો. તેમાં ત્યાંના સાઇરેનાઈકા, ટ્રિપોલીટાનિયા અને ફેઝાન એ ત્રણ પ્રાંતોના પ્રતિનિધિઓએ મળીને પોતાનું બંધારણ ઘડી ૧૯૫૨ની પહેલી જાન્યુઆરી સુધીમાં રાજ્યની સ્થાપના કરવાનું ઠરાવ્યું. તે અનુસાર ગઇ ૨૪મી ડિસેમ્બર ૧૯૫૧ના રોજ એ રાજ્યનો ઉદય થયો, ને સાઇરેનાઈકાના અમીર મુહમ્મદ સૈયદ ઇદ્રિસ-અલ-સેનુસી તેના સુલતાન થયા છે.

સાડા સત્તર લાખ ચોરસ કિલોમીટરના વિસ્તારના એ પ્રદેશમાં માત્ર સાડા અગિયાર લાખની વસતિ છે. શિક્ષણ તો એટલું કંગાલ છે કે ત્યાંની પ્રાથમિક શાળામાં ફક્ત ૩૯૦૦૦ બાળકો ભણે છે, ને હાઈસ્કૂલોમાં તો માત્ર થોડાક સો વિદ્યાર્થીઓ માંડ જતા હશે.

ફેઝાન

એ રાજ્યના ત્રણ પ્રાંતો પૈકી ફેઝાન સૌથી મોટામાં મોટો છે (૮ લાખ ચોરસ કિલોમીટર), પણ વસતિ ત્યાં ઓછામાં ઓછી છે: માંડ પચાસ હજારની! તેનો યે પાંચમો ભાગ તો ભટકતી જાતિઓનો છે. પ્રજા અરબ, પણ ઉત્તર તરફ ગોરા બર્બરોની અસર ખરી. રણપ્રદેશમાં આવેલા છુટાછવાયા જળસ્થાન ટાપુઓમાં ખજૂર, ઘઉં, બાર્લી, બાજરી વગેરે પાકે છે, જેમાં મોટો પાક ખજૂરનો બધી મળીને દસેક લાખ ખજૂરીઓ ત્યાં દર વરસે ૧૫ હજાર ટન ખજૂર આપે છે, પણ તેની જાત હલકી હોવાથી પરદેશ નિકાસ થતી નથી; અને પાણીની એટલી તંગી છે કે એ પાકને સુધારી કે વધારી શકાતો નથી. ખનીજ ત્યાં માત્ર એક જ પ્રકારનું નીકળે છે: નેટ્રાન (સોડિયમ કાર્બોનેટ). તેય એટલું જૂજ કે વર્ષે માંડ ૧૦૦ ટન નિકાસ થાય છે.

ટ્રિપોલીટાનિયા

ત્રણ પ્રાંતોમાં સૌથી નાનો—અઢી લાખ કિલોમીટરના વિસ્તારનો, છતાં પેદાશે અને વસતિએ સમૃદ્ધ આ પ્રાંત આઠ લાખની વસતિ ધરાવે છે, જે પૈકી સવા સાત લાખ અરબો છે. બાકીના પોણા લાખમાં અરધોક લાખ ઇટાલિયનો અને બીજા યહૂદીઓ ગ્રીકો વગેરે. આનો યે મોટો ભાગ રણ હોવા છતાં એકાદ મોટો પટ્ટો ઘાસના બીડનો છે અને થોડા ભાગમાં પાણીની અનુકૂળતા હોવાથી એટલો ભાગ તો આખા લીબિયામાં સૌથી ફળદ્રુપ ગણાયો છે. ત્યાં થતી ખેતી ને ઢોર-ઉછેર ઉપરાંત, આ પ્રદેશને દરિયાકાંઠો હોવાથી મચ્છીમારીનો ઉદ્યોગ પણ ચાલે છે, અને એસ્પર્ટો ઘાસ તથા બાર્લીની ખેતી ઉપરાંત લીંબુ, નારંગી, દ્રાક્ષ, ઓલિવ, બદામ વગેરે ફળોની વાડીઓ પણ ઉછેરાય છે. ભૂમધ્ય સમુદ્ર પરનું મોટું બંદર ટ્રિપોલી પણ અહીંનું જ. ઈટાલીએ આ પ્રદેશને ખીલવ્યો યે ખરો, ને શોષ્યો યે ખરો.

સાઇરેનાઇકા

વિસ્તારમાં બીજા નંબરનો—સાત લાખ કિલોમીટરનો આ પ્રાંત પણ જોકે છે તો મોટે ભાગે રણપ્રદેશ; પણ પાણીની તંગીથી ન પીડાતો હોત તો ખેતીમાં સારો ખીલવી શકાત. ત્રણ લાખની તેની વસતિ મોટે ભાગે અરબની છે અને અહીંના જ એક માન્ય ઈસ્લામી સંપ્રદાય સેન્નુસીના વડા મુહમ્મદ સૈયદ ઇદ્રિસ લીબીયાના રાજા ચુંટાયા છે. તથા ભૂમધ્ય સમુદ્ર પરનું અહીંનું બંદર બેનગાઝી કદાચ આ નવા રાજ્યની રાજધાની બનશે. ઉત્તરની સમુદ્ર-કિનારાની આખી પટ્ટી ખેતીલાયક ઉચ્ચ પ્રદેશની બનેલી છે અને તેના ઢોળાવ પર ચરાણનાં બીડ છે. કિનારાના પટ્ટા પર આધુનિક ખેતી-પદ્ધતિએ ઘઉં, તથા ઑલિવ, દ્રાક્ષ, ઍપ્રીકૉટ વગેરે ફળોનો પાક હવે લેવાવા માંડ્યો છે અને યોગ્ય સહાય મળે તો તે સમૃદ્ધ થઈ શકે.

જોકે એ નવા રાજ્યની સ્વાતંત્ર્ય-મજલ સરળ નથી. આપમેળે પોતાનો નિભાવ કરી શકે એટલી ત્યાંની ભૂમિમાંથી કોઇ પેદાશ થતી નથી. ને ત્રણ પ્રાંતો વચ્ચે પ્રાંતાભિમાની હરીફાઈઓ ઘણી છે. ત્યાંનો ઘણોખરો પ્રદેશ સુક્કાભઠ રણનો છે, જેમાં નથી કશી ખેતી થઇ શકતી કે નથી કોઈ જીવ જેવી ખનીજ-સંપત્તિ નીકળતી. આજ સુધી તો જે સત્તાઓ ત્યાં શાસન કરતી તે એને નિભાવતી. એટલે હવે યુનો તરફથી તેને જો કોઇ (પણ જાતના સ્વાર્થી અંચળા વિના) સતત ને પૂરી આર્થિક મદદ નહિ મળ્યા કરે તો એ નવું રાજ્ય પગભર નહિ થઈ શકે.



રણની વીંઝાતી રેતી ઊડીને આંખ-મોંમાં પેસી ન જાય તે માટે લીબિયા (ફેઝાન)ના વતનીઓ મોં પર આવો લિથામ નામે પોશાક પહેરે છે.

બકુલ ત્રિપાઠીની નિર્બંધિકા પતંગરંગ



પતંગ ચગાવવો એ શાસ્ત્ર છે કે કલા? એ કલા હોય તો શાસ્ત્ર કેમ નહિ? અને શાસ્ત્ર હોય તો કલા કેમ નહિ? એ બેઉ હોય તો એમાં શાસ્ત્રનું પ્રમાણ કેટલું અને કલાનું પ્રમાણ કેટલું? અને આત્માને ઉન્નત કરવાને પતંગને ઉન્નત કરવો જોઇએ કે નહિ અને વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ કરવામાં પતંગનું ઊર્ધ્વીકરણ કંઈ ફાળો આપી શકે કે નહિ?

તમે જો વિચાર કર્યા કરવાને બદલે, કાર્ય કરવામાં માનતા હો તો આ બધી ચર્ચામાં પડ્યા વિના, પહેલાં તો સ્વસ્થ ચિત્તે, પતંગનું કલ્યાણ સાધવાના ઉદ્દેશથી, પતંગોના આખા ઢગલામાંથી છેક નીચેના એકાદ પતંગ પર દૃષ્ટિ ઠેરવી, ઉપરના પતંગોની થોકડી ઊંચી કર્યા વિના જ જોરથી એ પતંગ ખેંચી લો. હવે હાથમાં લઇને એનો ઢઢ્ઢો વાળી જુઓ. બે હાથે પતંગને માથેથી અને ફૂમતેથી પકડીને વાળી જુઓ. હં; વાળો, હજી વાળો; હજી... અરરર, ઢઢ્ઢો ભાંગી ગયો? વાંધો નહિ. 'મેં તો માત્ર મારી ફરજ બજાવી છે' એવો સંતોષ મોં પર ફરકાવી બીજો પતંગ લો.

પતંગ પસંદ કર્યા પછી બીજો કંઈ પણ વિચાર કર્યા વિના કન્ના બાંધવાનું કાર્ય હાથ ધરવું. કન્ના કેવી રીતે બાંધશો? 'આ બે કાણાં ઉપર પાડ્યાં. બે કાણાં નીચે પાડ્યાં, દોરી બાંધીને ગાંઠ મારી' એવી ઊડઝૂડિયા રીત અપનાવવી એ શોભાસ્પદ નથી. કન્ના બાંધવા માટે તો પહેલાં પતંગને આંખથી બરાબર દોઢ ફૂટના અંતરે પકડી રાખવો જોઇએ. પછી... પણ ના, તે પહેલાં એક લોખંડનો સળિયો તૈયાર રાખો. પોલાદ નહિ હોય તો ઘડતર લોખંડ ચાલશે. સળિયો અણીદાર હોવો ખાસ જરૂરી છે.

હવે એક હાથે પતંગને માથેથી અદ્ધર પકડી રાખીને, બીજા હાથમાં પેલો સળિયો લઇ, પતંગથી અગિયાર ઇંચ દૂર રાખો. હવે ભગવાનનું નામ લઈ, ઢઢ્ઢા અને કમાનના સંગમસ્થાન પર, એક બાજુ—કહો કે જમણી બાજુ—સળિયો ખોસી દો. શાબાશ! આરપાર ખોસી દીધો ને? તમારામાં જોર જબરું છે હોં! ઠીક, હવે સળિયો ધીમેધીમે બહાર ખેંચી લો.

પરંતુ ઈશ્વરે આપણને બે હાથ આપ્યા છે, બે કાન આપ્યા છે, બે આંખ આપી છે, બે નાક... નહિ, પણ બે પગ આપ્યા છે, તો પતંગનાં કાણાં પણ બન્ને બાજુ શા માટે ન પાડવાં જોઇએ? એટલે પેલા સળિયાની અણી ઘસીને ફરી ધારદાર બનાવો અને હવે સંગમસ્થાનની ડાબી બાજુએ એક બીજું કાણું પાડો. ફરીથી ભગવાનનું નામ લઇ, પતંગને સળિયાથી સાડાબાર ઈંચ દૂર રાખી ઢઢ્ઢાના નીચલા છેડાથી પોણા નવ આડા જવને અંતરે, ઢઢ્ઢાની બે બાજુ બીજાં બે કાણાં પાડો. આમ કુલ ચાર કાણાં પડશે. આ રીતે કાણાં પાડતાં પતંગ ફાટી જાય તો મોં પર ફરીથી પેલું શાંત સ્મિત ફરકાવી એ ફાટેલા પતંગને બાજુ પર મૂકી દો. એ હવે પછી કાણાં પાડતાં ફાટી જનારા સંખ્યાબંધ પતંગો સાંધવાના કામમાં આવશે.

કાણાં પાડ્યાં પછી દોરીનો એક ટુકડો લેવો. અરે નહિ, નહિ, કપડાં સૂકવવાની દોરી નહિ; અને કૂવામાંથી પાણી ખેંચવા વાપરીએ છીએ એવું કે ગજગ્રાહ માટે અખાડાવાળા વાપરે છે એવું દોરડું તો પાછું મોંઘુ પડી જાય. એટલે શીવવાના દોરાનું રીલ આવે છે ને, તે જ લઈ આવો. એ ન જડે તો પછી માંજો પાયેલી પાકી દોરીથી પણ ચલાવી લેવાય. ઘણા આળસુઓ બીજી દોરી પસંદ કરવાની આળસે આવી જ દોરી વાપરે છે.

હવે બુદ્ધિપૂર્વક વિચાર કરો કે આ પતંગ અને દોરાનું શું કરવું? વિચાર કર્યો ને? બસ, તો એ મુજબ દોરીનો એકએક છેડો ઉપર-નીચેનાં બબ્બે કાણાંમાં પરોવી ગાંઠ વાળી દો. પછી એ દોરાને મધ્ય ભાગેથી પકડી પતંગનું તોલન કરો,—કાછિયો શાક જોખે છે તેવી અદાથી. (કેટલાક દીર્ઘસૂત્રીઓ તો સોની સોનું જોખવાનો કાંટો જે ચોકસાઇ, સાવચેતી ને ગાંભીર્યથી ધરી રાખે છે તેવી ચિકાશથી પતંગને સ્થિર કરવા મથે છે.) હવે તમારી ચપટીથી સવા પાંચ આંગળ નીચે એ દોરીને ગાંઠ બાંધો. આ કન્ના તૈયાર થઈ.

કન્ના બાંધ્યા પછી એનો છેડો બીજી લાંબી દોરીને છેડે બાંધી દો. લાંબી દોરી પછી એક ફિરકી પર વીંટાળી દો. હવે એ ફિરકી લઇને અગાશી પર ચડી જાઓ. પતંગની ચિંતા કરતા નહીં. એ તો એની ગરજે પાછળ પાછળ આવશે. નહિ આવે તો બેટમજી જશે ક્યાં?

રાજકારણની જેમ પતંગ ચગાવવામાં પણ પવન કઈ દિશાનો છે એ જાણવું ખૂબ આવશ્યક છે. પણ મોટી મુશ્કેલી જ આ છે ને! પવન કઈ દિશાનો છે એનું જ્ઞાન પામવું કેવી રીતે?

એ જાણવા માટે સારામાં સારો ઉપાય તો એક જ છે. એક પથ્થર લઇને અગાશીમાંથી નીચે ફેંકો (નીચે કોઈ ઊભું હોય તો વધુ સારું—ન ઊભું હોય તો પણ ચાલે.) એ ફેંકેલો પથ્થર જે બાજુ પડે એ બાજુનો પવન સમજી લેવો. ઉત્તર બાજુ પડે તો ઉત્તરનો પવન દક્ષિણ બાજુ પડે તો દક્ષિણનો, પૂર્વે તો પૂર્વનો ને પશ્ચિમ તો પશ્ચિમનો. પથ્થર જો સીધો જ નીચે પડે તો એ કળિયુગનો પ્રભાવ માનજો.

પવનની દિશા કઈ બાજુની છે એ જાણી લઇને તમારા નાના ભાઇને (કે ચિરંજીવીને) એ બાજુ પતંગ છોડાવવા મોકલો. અરે, ન શું જાય? તમે વડિલ થયા છતાં તમારું કહ્યું ન માને એ તે કંઈ વાત છે? ધમકી આપ્યા છતાં ન માને તો પછી એને રામલક્ષ્મણની વાર્તા કહો. લક્ષ્મણ રામનું કેવું કહ્યું માનતો હતો એ એને સમજાવો. અને છતાં ય ન માને તો... જવા દો એને! આપણે એનું કામે ય શું છે, હેં?

ઠીક, તો કોઈ છોડાવનારું ન મળે તો પવનનો ઝપાટો આવે એની રાહ જુઓ. કઠેરા પર સૂકવેલું ગોદડું ઊડવા માંડે એટલે પવનનો ઝપાટો આવ્યો એમ સમજવું. પવનની લહેર આવે એટલે ઠુમકો લગાવી પતંગને ઊંચો લો. ના, ભઈ, ના. પગનો ઠમકો નહિ, હાથનો ઠુમકો.

ઘણા ઠુમકો લગાવતી વખતે ગાળ દે છે. ઠીક છે; લઘુ ગ્રંથી વાળો પતંગ હશે તો ગાળ સહન પણ કરી લેશે. બીજા કેટલાક લોકો વળી ઠુમકો લગાવતી વખતે જાતે પણ કૂદે છે—કદાચ એમ માનીને કે દેખાદેખીથી પતંગને ય કૂદકા લગાવવાનું મન થઇ જાય. એક મિત્ર જ્યારે પતંગ નથી ચડતો ત્યારે હોઠ બીડીને એની સામે તાકી રહે છે, જાણે એ દુષ્ટ પતંગને કહેતા ન હોય કે 'આ તો તું છે એટલે જવા દઉં છું, બીજો હોય તો મારીમારીને હાડકાં ખોખરાં કરી નાખું.' અને પછી ફરી બેચાર વાર તક આપ્યા છતાં ન ચડે તો ત્યાં ને ત્યાં પતંગ ફાડી નાખી, નીચે જઇ છોકરાંને વઢવા મંડી પડે છે. એક વાર ખૂબ પ્રયત્ન કરવા છતાં પતંગ ન ચડ્યો ત્યારે મેં ઉપવાસ પર ઊતરવાની (અને કાર્યકર્તાઓએ આપેલી ખાત્રીઓને બહાને પણ ઉપવાસ નહિ છોડવાની) ધમકી આપી હતી. અને માનશો? પતંગ ચડી પણ

ગયો હતો, દોઢેક કલાકને અંતે. એટલી ધીરજવાળા માણસોએ પતંગ ચડાવવા માટે અપવાસનો ઉપાય પણ અજમાવવા જેવો છે.

પણ પતંગ ચડચ્યે કંઇ ઓછું કામ પતી જાય છે? આ સંસારમાં જન્મ લીધો એટલે જીવવાની એક પછી એક ઉપાધિઓ આવ્યે જ જવાની. કેટલાક પતંગ એવા હોય છે કે પહેલાં તો એકદમ આકાશમાં ચડી જાય, તમે રાજી-રાજી થઇ જાઓ, પણ જરા મોજ-માં આવીને એકાદ ઠુમકો જોરથી મારો ત્યાં ચત્તોપાટ થઈ, તરતો-તરતો, હૈયું ભાંગી પડ્યું હોય એમ હળવેથી નિશ્વાસ નાખીને જમીન પર પડે. તમે ગમે તેટલી દોરી ખેંચો ઠુમકા લગાવો, પણ બસ, 'અબ જી કે ક્યા કરે, જબ દિલ હી તુટ ગયા!' કરીને એ તો ધરતી સરસો જઇને પડવાનો.

ક્યારેક વળી જીવનશક્તિથી ઊભરાતા કો'ક પતંગો તો તમે સહેજ દોરી છોડો કે ઊંચે ચડી જાય છે. વધુ દોરી અને વધુ ઊંચે. હજી વધુ દોરી ને હજી વધુ ઊંચે. પણ તમે સહેજ અટકો, દોરી છોડવાનું બંધ કરો, એટલે ફુંફાડા મારતો આગ તેમ ધૂમે, ચાસો પાડે, કલ્પાંત કરે, ને છતાં ય દોરી ન છોડો તો જમીન પર માથું પછાડીને આપઘાત કરે,—જાપાનીઓની જેમ હારાકીરી કરી નાખે.

અને કો'ક વળી ભક્ત પતંગો ય હોય છે. ભક્તો જેમ ઈશ્વરને ચરણે જાતને ધરી દઈ નિશ્ચિંત થઈ જતા, એમ આ પતંગો ય બીજા કોઈ પતંગની દોરી પર લટકી પડે છે, ને તમે ગમે તેટલાં પ્રલોભનો એને આપો તોય એ આધાર છોડતા જ નથી.

એ તો પતંગે પતંગે જુદી ગતિ. જગતમાં કોઈબે મનુષ્યો સંપૂર્ણ સરખા નથી, તેમ કોઇ બે પતંગો પણ પૂરેપૂરા સરખા સ્વભાવના નથી હોતા. પતગ ચગાવનારે તો દરેકનો સ્વભાવ ઓળખી એને અનુરૂપ ઢીલ ખેંચ મૂકવી. ઑફિસોમાં કેટલાક મિજાજી સાહેબોને વશ રાખવા એમનાં છોકરાં રમાડવાનો ઉપાય અજમાવવામાં આવે છે, ત્યારે કેટલાક ઢીલા સાહેબોને તો માત્ર ખિસ્સામાં અર્ધું બહાર દેખાય એવું રાજીનામું બતાવ્યા કર્યાથી જ કાબુમાં રાખી શકાય છે; તેમ પતંગનું પણ છે. સામાન્ય રીતે પતંગનું માથું ઉપર હોય ત્યારે ઢીલ મૂકવી ને દોરી જવા દેવી, અને માથું નીચે આવે કે તરત દોરી ખેંચવી, ખૂબ ઝડપથી!

પેચ લેવાની દાનતવાળો કોઇ પતંગ આસપાસ દેખાય તો તો તરત આપણો પતંગ ઉતારી જ લેવો. હા વળી, નથી ચડાવવો આપણે પતંગ કાલે ચડાવશું. અને છતાંય હજી આપણે ઉતારી લઇએ તે પહેલાં જ પેચ થઈ જાય તો? તો શું? નો પણ પતંગ તો ખેંચ્યે જ રાખવો. કારણ આ વાત તો લગ્ન જેવી છે. પરણ્યા પછી સારી પત્ની મળે તો સુખી થઇ જવાય ને ખરાબ મળે તો ફિલસૂફ બની શકાય. એમ, પેચ થતાં જ આપણો પતંગ ખેંચી લેવાને લીધે પણ બે ફાયદા થાય છે. પતંગ સલામત પાછો આવશે તો સાથે બીજા પતંગ ને લેતો આવશે; ને કપાઇ જશે તો દુઃખ સહન કરવાનો મહાવરો પડશે; ને થોડીક દોરી બચશે એ વધારા-માં. એટલે આ સિદ્ધાંત તો ભૂલવો જ નહિ: પેચ થયો કે ખેંચ પતંગ; પેચ થયો કે ખેંચ પતંગ.

આટલું કર્યા છતાં જો પતંગ સલામત પાછો આવે તો એ પતં-ગને દેવી પતંગ ગણીને ફરીથી ચ-ગાવવાના કામમાં લેવાને બદલે રોજ સવારે એની પૂજા કરવી.

ને ત્યાર પછી, ફરીથી ઉત્સાહ-નું મોજું આવે એટલે, બીજા કોઇ પતંગનું કલ્યાણ કરવાના શુભાશયથી, પતંગના ઢગલામાંથી નીચેના એક પતંગને, કમાનો ચોકડીઓ ઊંચી કર્યા વિના ખેંચી કાઢવો અને એનો ઢઢ્ઢો વાળવાથી કામ શરૂ કરવું......

સુભાષિત

· અનુષ્ટુપ ·

कर्तव्यः संचयो नित्यं कर्तव्यो नाति संचयः।
पश्य संचयशीलोऽसौ धनुषा जंबुको हतः॥

કરવો સંઘરો નિત્યે, અતિસંગ્રહ ના કદી,
સંગ્રહે સક્ત આ ભાળો, મર્યો જંબુક કામઠે.

[વિવરણ: સંસ્કૃત સાહિત્યમાં નીતિશાસ્ત્રની જે અનેક વાતો કહી છે એમાંની એક વાત છે કે એક વખત એક શિકારી હરણ મારીને લઈ જતો હતો. એવામાં એક ભયંકર સુવર સામું આવ્યું. સુવરને બાણ મારતાં સુવરે શિકારીને દાંતી મારી અને બન્ને ભોંય પડચા ને મરણ શરણ થયા. આ બન્નેના પડવાથી એક મોટો સાપ પણ દબાઇને મર્યો. આ બધું એક લોભી શિયાળ જોઈ રહ્યું હતું. એને લાગ્યું કે આજે મોટા ભાગ્યનો દિવસ છે. શિકારીના શરીરનું ભોજન એક માસ ચાલશે; સુવર અને સાપનું બે મહિના ચાલશે. માટે આજે તો એ બધાંને ન અડતાં માત્ર કામઠા (ધનુષ)ની તાંતને ખાઈ લઉં. એમ વિચારી તાંતને કરડવા જતાં ધનુષનો બંધ તૂટ્યો અને એના છેડાની અણી શિયાળના તાળવામાં વાગતાં શિયાળ ત્યાં જ મરણ પામ્યું.

દુનિયામાં પૈસાનો સંગ્રહ જ કર્યા કરે, ને એને વિવેકથી વાપરે નહિ એની આવી ગતિ થાય છે એ અનુભવની વાત છે. આપણાં શાસ્ત્રો કહે છે કે દ્રવ્યની ત્રણ ગતિ છે: દાન, ભોગ અને નાશ. સૌથી ઉત્તમ તો દાન. એનાથી ઊતરતો ભોગ. ભોગમાં ખર્ચ કરનાર છેવટે પોતે ભોગવી અન્યને કમાવાની તક આપે છે. પણ આ બન્ને ન કરનારના સંગ્રહનો છેવટે કુદરત પોતે જ નાશ કરે છે. સંગ્રહખોર કંજુસને માટે એક કવિ મજાકમાં કહે છે કે:

कृपणेन समो दाता न भूतो न भविष्यति।
अस्पृशन्नेव वित्तानि यः परेभ्यः प्रयच्छति॥


ના થયો ને નહીં થાશે દાતા કંજુસના સમો,
અડક્યા વિણ એ પૈસો અન્યને નિત્ય આપતો.

અર્થાત્ કંજુસ જેવો દાતાર કોઈ નથી! કેમકે તે સંગ્રહ કર્યા જ કરે છે ને અંતે અડકચા વગર જ બીજાને આપી દે છે-એટલેકે તે સંગ્રહ તેને પોતાની પાછળ જીવનાર માટે મૂકી જવો પડે છે; યા તો ઘણી વાર એવો પૈસો વકીલો ને કચેરીઓમાં ખવાઈ જાય છે.—ર.શી.]

ટિકિટ-સંગ્રહ (અનુસંધાન પૃ. ૨૫થી) પશ્ચિમ એમ ચાર દિશાઓ નિર્દેશી તેના જે પ્રથમાક્ષરો મૂકચા છે તે આખી દુનિયાનો મેળો દર્શાવવાના ઉદ્દેશથી. બીજીમાં શતરંજ-ના મ્હોરાને વીંટળાએલી, જુગોસ્લાવિયાના પ્રથમાક્ષર Jની આકૃતિની પટ્ટીમાં એ મેળા-માં ભાગ લેનાર દેશોના રાષ્ટ્રધ્વજોનાં ચિત્રો છે. ત્રીજીમાં, દુનિયાનાં બધા દેશો દર્શાવતા પૃથ્વીના ગોળાને પડખે શતરંજની બાજી બિછાવેલી છે. રૂપરંગ, વિચારનાવીન્ય અને ચિત્રાત્મકતાની દૃષ્ટિએ આ ટિકિટો બહુ વિશિષ્ટ છે. દિલ્હીમાં મળેલી છેલ્લી કૉંગ્રેસ માટે ઊભા કરેલા 'સત્યવતી નગર'ની ટેમ્પ-રરી પોસ્ટ ઑફિસે તત્કાલ પૂરતી કાઢેલી રદ્દીકરણની ભાઈ રાજેન્દ્રે મોકલેલી છાપ આ અંકના છેલ્લા પાને આપી છે.

ઊંડી (ચાલુ) ઊંડીનું ફળ વામક ને રેચક છે. તેનાં બીજમાંથી મળતું તેલ ખસ મટાડે છે. પરમિયામાં પણ તે ઉપયોગી ગણાય છે સંધિવામાં માલિશ તરીકે તથા ચામડીનાં દર્દો પર લગાડવા તે વપરાય છે. કોઢમાં દુઃખ ઓછું કરવા શુદ્ધ કરેલું તેલ Intra-muscular ઈન્જેકશનથી આપે છે. જાવા-માં ઊંડી મૂત્રવર્ધક હોવાનું મનાય છે.

માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા : લેખાંક ૪૩



ઊંડી
[નાગચંપો]

લેખક
પ્રો. જયંતીલાલ દેવશંકર ઓઝા
એમ.એસસી.

કુદરતની લીલા અજબ છે! ક્યારેક તે, આપણી પેલી કહેવતની માફક 'સોનું ને સુગંધ' ભેગાં કરે છે; તો ક્યારેક તે રુક્ષ નાળિયેળની નીચે અમૃત જેવું મીઠું પાણી સંતાડે છે; અને ક્યારેક ઈન્દ્રવરણાના મનોહારી સૌંદર્યની ચેઝર જેવી કટુતા મૂકે છે.

આ માસમાં સુંદર, સફેદ ને સુગંધી ફૂલોથી શોભી ઊઠતા 'ઊંડી'ના ઘેઘૂર વૃક્ષનું પણ કંઈક એવું જ છે. ગમે તેવી પાનખરમાં પણ કદી બધાં પાંદડાં ખરીને ઉઘાડું ન થતું એવું સદાપર્ણી, લીલાં કુંજાર પાંદડાંથી શોભતું, ખારસું ભરાવદાર, મધુરીમધુરી મ્હેકવાળાં ફૂલ ને રૂપાળાં પીળાં ગોળ ફળવાળું આ ઝાડ, રૂપેગંધે મોહક, પણ આસ્વાદ્ય નહિ; અને આસ્વાદ્ય ભલે નહિ પણ ઔષધીય ગુણે પૂરું.

નામ પણ એનું જરા અજાણ્યું લાગે: 'ઊંડી' નામ બહુ ઓછા જાણતા હશે; પણ નાગચંપો કહીએ તો? કેટલું પ્રિય નામ? એ જોયું નહિ હોય, પણ નામ તો ઘણાએ સાંભળ્યું હશે.

સંસ્કૃતમાં એને નાગચંપો જ કહ્યો છે. ઉપરાંત, પુન્નાગ ને સુરંગી પણ કહ્યું છે. 'ઊંડી' નામ તો હિંદીમાં ને મરાઠીમાં વધારે. એમ તો હિંદીમાં સુલતાન ચંપો પણ કહે છે; અને મરાઠીમાં પણ એને 'નાગચંપો' તથા 'સુરંગી' કહે છે. અંગ્રેજીમાં Alexandrian Laurel નામથી તે ઓળખાય છે. તેનું શાસ્ત્રીય નામ Calo Phyllum ino phyllum, Linn. ગ્રીક શબ્દ કેલોફાઈલમ્‌નો અર્થ 'સુંદર પાનવાળી વનસ્પતિ' એવો થાય છે. 'ઇનોફાઇલમ્' તેના પાનના પોત અને શિરાઓ માટે વપરાયું છે. એનું વેપારી નામ Poon છે.

હિંદના મુખ્યત્વે દરિયાકાંઠાના પ્રદેશમાં, બ્રહ્મદેશ તથા આંદામાન ટાપુઓમાં, તેમજ સિલોન, પૂર્વ આફ્રિકા, મલાયા, ઑસ્ટ્રેલિયા અને પૉલીનેશિયામાં તેની પેદાશ. દેખાવે ખૂબ મનોહર હોઈ તે ઠેરઠેર ઉગાડાય છે.

મધ્યમ કદના, ભરાવદાર ને સદાપર્ણી આ ઝાડની છાલ લીસી રાખોડી રંગની હોય છે. **પાન સાદાં, ઘેરાં લીલાં ૩થી૭ ઈંચ લાંબાં અને ૩થી૪ ઈંચ પહોળાં, તળિયે સાંકડાં પરંતુ ટોચે** ગોળ, ચળકતાં, જાડાં અને ⅜ થી ⅝ ઇંચ લાંબી મજબૂત સપાટ દાંડીવાળાં હોય છે.

ડિસેમ્બર અને જાન્યુઆરીમાં એને ફૂલ આવે છે. ધોળા બારતા જેવાં, સુવાસિત અને પત્રકોણમાંથી એકાકી નીકળતી ૪ થી ૬ ઇંચ લાંબી ફૂલદાંડી પર નાના સમૂહમાં ફૂટેલાં એ ફૂલના વજ તથા ફૂલમણિ ચાર પાંખડીનાં બનેલાં હોય છે. પુંકેસર અનેક હોય છે, પરંતુ એ બધા તંતુ ૪થી૬ જૂથમાં જોડાએલાં હોય છે. સ્ત્રીકેસરની ટોચ મોટી અને બિલાડીના ટોપના આકાર જેવી હોય છે.

એનું ગોળ લીલું ફળ વ્યાસમાં ૧ થી ૧½ ઇંચ, લીસું અને પાકે ત્યારે પીળું થાય છે. તેમાં ગર્ભ તો જૂજજાજ હોય છે. બાકી બી: એ બીજ વડે ઊંડી ઊગે છે. તે નાગપુષ્પાદિ (Guttiferæ) વર્ગની વનસ્પતિ છે.

બીજમાંથી ઘેરી લીલાશ પડતું ચીકણું તેલ કાઢવામાં આવે છે. તે Pinnay, Domba, Laurel nut, Dill, Poonseed તેલ વગેરે નામથી ઓળખાય છે. તેલની વાસ તેમજ સ્વાદ બંને અપ્રિય, પણ સાબુની બનાવટ માટે તે ઉત્તમ છે. કેમકે તેમાં ઑલિક, લીનોલિક પામિટિક અને સ્ટીઅરિક તેજાબો રહેલા છે. એમ તો દીવા માટે બાળવાના તેલ તરીકે પણ તેનો સારા પ્રમાણમાં ઉપયોગ થાય છે. પણ તેમાં રહેલાં ગીનચરબીવાળાં વિષમય પદાર્થોને લીધે ખાવા માટે તે તદ્દન બીનઉપયોગી. વળી તેલમાં ૧૦ થી ૩૦ ટકા રાળ (resins હોઇ વાર્નિશ તરીકે પણ તે ખૂબ ઉપયોગી ગણાય છે. બીજમાંથી તેલ કાઢી લીધા પછી રહેલો ખોળ કડવો હોય છે એટલે ખાવામાં નહિ પણ ખાતર તરીકે ઉપયોગી.

ઊંડીની છાલમાં ૧૧·૯ ટકા ટેનિન હોય છે. તેમાંથી સુવાસિત, પીળાશ પડતો, લીલો, રાળ જેવો ગુંદર ઝરે છે. કેટલીક જગ્યાએ તેનો ઉપયોગ અત્તર તરીકે થાય છે. તેમાંથી ઊડણ તેલ મળે છે. તેનાં પાનમાં 'સેપોનિન' તેમજ 'હાઇડ્રોસ્યાનિક તેજાબ' હોઈ માછલાં મારવાં માટે તેનો ઉપયોગ થાય છે.

આ ઝાડનું લાકડું રાતું-ભૂરું, સાધારણ કઠણ ને ખૂબ ટકાઉ. તેના એક ઘનફુટનું વજન ૩૮ થી ૫૮ રતલ હોય છે. થાંભલા, વહાણના સઢના થંભ, વહાણ, હોડી, હોડકાં, ત્રાપા, લોઢવાના ચરખા, હાથશાળ, તેલની ઘાણી, શેરડીના કોલુ, વગેરે સાંચાકામ, ઘરબાંધકામ, રેલવેના ડબા, તેમજ સ્લિપર્સ માટે તેનો ઉપયોગ થાય છે. ફર્નિચર અને કૅબિનેટ-કામ માટે તો તે ઉત્તમ ગણાય છે.

ઊંડીની છાલ તીક્ષ્ણ સ્વાદવાળી, ઉષ્ણ અને ગ્રાહી છે. તે ગૂમડાં અને આંખના સોજા મટાડે છે, કફ તેમજ વાતનો નાશ કરે છે અને બાધક હોવાથી આંતરિક રક્તસ્રાવમાં ઉપયોગી ગણાય છે. છાલનો રસ રેચક ઔષધ તરીકે અને તેનો ઉકાળો હઠીલાં ચાંદાં પર લોશન તરીકે વપરાય છે. માડાગાસ્કરમાં વાટેલી છાલ કળતર પર ચોપડવા માટે અને તેના મૂળનો ઉકાળો ચાંદાં ધોવા માટે વપરાય છે. છાલમાંથી ઝરતો ગુંદર ઘામાં દુઃખ ઓછું કરનાર અને ઘા મટાડનાર ગણાય છે. ચાલમોગરા તેલ સાથે મેળવી તે સંધિવા પર ચોપડાય છે. આર્ચિપેલેગો તેમજ માડાગાસ્કરમાં ઊંડીનાં પાન આંખનો સોજો મટાડવા માટે મુકાય છે અને કૅમ્બોડિયામાં તે આધાશીશી તેમજ ચક્કરમાં નાસ માટે વપરાય છે. ઉંડીનાં પાન, છાલના ટુકડા અને છાલમાંથી મળતો ગુંદર પાણીમાં પલાળી રાખતાં જે તેલ સપાટી પર તરી આવે છે તે પણ આંખના સોજા પર લગાડવા માટે ઉપયોગી છે, તેમજ હઠીલાં ચાંદાં માટે પણ તે ઉપયોગી ગણાય છે. ઊંડીનાં પાનની પતરાળીઓ બને છે. (અનુ૦ સામેના પાનાને છેડે)

ટિકિટ-સંગ્રહ


સંસારવ્યાપી શોખ
કેળવવા વિષેની
માહિતી આપતો
વિભાગ



દેશદેશની સામાન્ય માહિતીનું માત્ર જ્ઞાન જ નહિ, પણ દુનિયામાં આકાર લઈ રહેલા નવા વિચારો તથા પ્રવૃત્તિઓના પ્રચાર માટે પણ ટપાલની ટિકિટો એક સમર્થ સાધન છે. આ દૃષ્ટિએ, સંયુક્તરાષ્ટ્રસંઘ (યૂનો) એ કાઢેલી ટિકિટોના અનુસંધાનમાં આ પાનાની નીચેની પટ્ટીમાંઆપેલી ટિકિટો સવિશેષ મહત્ત્વની છે. યૂનો સંસ્થા કરતાં યે તેની પેટા-સંસ્થા યુનેસ્કો (યુનાઇટેડ નેશન્સ ઇકનૉમિક, સાયન્ટિફિક ઍન્ડ કલ્ચરલ ઑર્ગેનિઝેશન—સંયુક્ત રાષ્ટ્રસંઘની આર્થિક, વૈજ્ઞાનિક અને સાંસ્કારિક સંબંધો વધારનારી સંસ્થા)ની કામગીરી વધુ રચનાત્મક નીવડી છે. જોકે એ સંસ્થાએ પોતાની આગવી ટિકિટો નથી કાઢી, પણ બેલ્જિયમ, ફ્રાન્સ, ઈટાલી, લેબૅનન અને મૅક્સિકોએ તેવી ટિકિટો કાઢી છે, જે પૈકી બેલ્જિયમની 'સર ટૅક્સ'વાળી ત્રણ નીચે આપી છે. પહેલીમાં લૅબૉરેટરીમાં કામ કરતો વૈજ્ઞાનિક, બીજીમાં હબસી બાળકોમાં જ્ઞાનપ્રચાર કરતો શિક્ષક ને ત્રીજીમાં શાંતિનું કપોત હૈયે ધારી રહેલી 'શાંતિ' દર્શાવ્યાં છે. દરેક પર તેની કિંમત ઉપરાંત +ના ચિહ્ન વડે દર્શાવેલી વધારાની આવક એ સંસ્થાની પ્રવૃત્તિઓના ફાળામાં જશે.

અમદાવાદના ભાઈ રાજેન્દ્ર રમણિકલાલ ઈનામદારે મોકલેલો મથાળાનો ટિકિટસમૂહ ત્રણ વૈવિધ્ય ધરાવે છે. શરૂની બે ટિકિટો જપાને છેલ્લા કરેલા 'શાંતિકરારો'ના નિમિત્તની છે, જેમાં પહેલીમાં ગુલદાવદીનું મોટું ફૂલ અને બીજીમાં ઊગતા સૂર્યથી અંકિત એ દેશનો રાષ્ટ્રધ્વજ છે. ટિકિટની બહાર ડાબી બાજુની પટ્ટીમાં તેના મોકલનાર પત્રમિત્રે જપાની લિપિમાં તેનો પરિચય લખ્યો છે. તેની નીચેનો સમૂહ ગઇ ૨૧મી ઑક્ટોબરે ફિન્લૅન્ડે કાઢેલી પોતાનાં ત્રણ પંખીની ટિકિટોનો છે; ને તેની નીચે વળી નવું વૈવિધ્ય છે. યુગોસ્લાવીઆએ ૧૯૫૦માં ઑલિમ્પિક રમત-ઉત્સવના સ્મરણમાં કાઢેલી એ ત્રણ ટિકિટોની ચિત્રાત્મકતા વળી રસભરી છે. સામાન્યત: ઑલિમ્પિક ટિકિટો પર મેદાની રમતગમતોનાં ચિત્રો હોય છે, ત્યારે આ ત્રણે પર ગૃહછાયામાં રમાતી શતરંજની રમતને પ્રતીક તરીકે લીધી છે. તે પૈકી પહેલીમાં એ દેશના નકશાની ભૂમિકા પર શતરંજનો પટ તથા એક મહોરું મૂકીને, ઉત્તર, દક્ષિણ, પૂર્વ,

(જુઓ પૃ. ૨૩ ૩૫૨)



અવસર ચૂકયા મેહુલા(અનુસંધાન પૃષ્ઠ ૯થી) એ માટે પડાપડી થતી આલેખું અને સૂરજીશેઠ તથા ચાંપશી એ બે બાપ દીકરાને ભાગે એક જ ઈન્જેકશન આપું. સૂરજીશેઠનું પાત્ર આપરખા, આપમતલબી, નિષ્ઠુર પિતા તરીકે આલેખું, અને હાથ આવેલું એક જ ઈન્જેકશન દીકરાને આપવાને બદલે પોતે જ વાપરી નાખેલું–પોતાની જાતને સલામત રાખવા માટે–એ રીતે કથાપ્રવાહ આગળ વધારું તો અંત વધુ વેધક ન બને? એ રીતે, પેલા વિવેચકો જેને 'પોએટિક જસ્ટિસ' કહેતા, એવો કવિન્યાય પણ સૂરજીશેઠને મળી રહે...

'કાં ભાઈ, હમણાં બગબગું થાશે. બિસ્તરો બાંધો નહિતર એક્સપ્રેસમાં ઊભવાની ય જગ્યા નહિ મળે.' પેલા ગૃહસ્થે મને કહ્યું: 'ઊંઘ આવી જ નથી કે શું ?'

'ના; આજે અજંપા જેવું થઈ ગયું. સ્થળફેર થયો તે આંખ ન મીચાય.'

'મને ય એવું જ થયું છે. પાંપણ ભારે થાતી જ નથી.' 'પણ તમારે શું? તમે તો જાગતાંજાગતાં ય મનમાં વાર્તા ગોઠવતા હશો—'

'ગોઠવવી તો છે, પણ એની બરોબર ઘડ બેસતી નથી.'

'કેમ ભલા? મેં કીધી એ વાત માન્યામાં નથી આવતી?'

'જરાક વિચિત્ર વાત છે. વાચકને ગળે બરોબર ન પણ ઊતરે. અને અમારા વિવેચકોને વળી એમાં અસંભાવ્યદોષ પણ દેખાય.'

'પણ વાત સાચી છે એમાં શંકા નથી.' પેલા ગૃહસ્થે ધીમે અવાજે કહ્યું. અને પછી મારા કાન નજીક મોં લાવીને ઉમેર્યું: 'સૂરજીશેઠ બીજો કોઈ નથી, હું પોતે જ છું. મારા જ દીકરાની આ વાત છે. મારી સાથે અબોલા લઈ બેઠો છે.'

હું ફાટી આંખે એની સામે જોઈ રહ્યો. લાંબી વાર સુધી અમે બંને મૂગા જ રહ્યા. એના હૃદયમાં કોઈ ભયંકર વલોપાત ચાલી રહ્યો હતો એ તો એની હરક્ષણે પલટાતી જતી મુખમુદ્રા જ કહી આપતી હતી.

હજી મારા મનમાં આ ઘટના એક કલાકૃતિનો આકાર પામી શકતી નહોતી. જાણેકે એમાં કોઈક જગ્યાએ એકાદ કડી ખૂટતી હતી.

'જરાક ઉતાવળ કરી એમાં જિંદગીભરનો પસ્તાવો રહી ગયો...' પેલા ગૃહસ્થ–ના, હવે તો સુરજીભાઈ–બોલતા હતા.

'ઉતાવળ? શાની ઉતાવળ?' મેં પૂછ્યું. મારી કલ્પના એવી હતી કે પોતાને ભાગે આવેલું એક જ ઈન્જેકશન પુત્રને આપવાને બદલે પોતે લઈ લીધું એવો સ્ફોટ સૂરજીભાઈ કરશે. પણ અફસોસ, સત્ય વસ્તુ હમેશાં કાલ્પનિક વસ્તુ કરતાં વધારે વિચિત્ર, વધારે વિસ્મયકારી, અરે વધારે આઘાતજનક પણ હોય છે.

'ઉતાવળ ન કરી હોત તો બાપ–દીકરો બેય હેમખેમ હિન્દુસ્તાનમાં આવી પહોંચ્યા હોત. આ છતે છોકરે વાંઝિયા જેવા હાલ ન થયા હોત.' સૂરજીભાઇનું અંતર વધારે ને વધારે વલોવાતું હતું. આખરે તેમણે કબૂલાત કરી જ: 'છોકરાનો જીવ તાળવે ચોટયો હતો. છતાં જાણીજોઇને હું એને જંગલમાં મૂકતો આવ્યો હતો. મને થયું કે આમે ય હવે આ કેસ ખોટો છે, દીકરો જીવવાનો તો નથી જ, તો ઠાલો હું શું કામ રોકાઇને જોખમમાં મુકાઉં? દીકરાના જીવ કરતાં મારો જીવ મને વધુ વહાલો લાગ્યો. પણ ભાવિ મિથ્યા કેમ થાય? બે ય વચ્ચે છેટાં પડી ગયાં. કાળ જાય ને કહેણી રહી જાય એવું થયું.'

મારે વાર્તામાં વેધકતા આણવા વિભાવાદી સામગ્રીમાં જે તત્ત્વ ખૂટતું હતું એ મળી ગયું. પણ આખી ય ઘટનાએ મને એવો તો અસ્વસ્થ કરી મૂક્યો કે આ કથાવસ્તુ પર કદી વાર્તા ન લખવી એવી મનમાં ગાંઠ વાળી. બીજે કાને પહોંચાડવામાં પાપગણાય એવી અતિ નાજુક, અતિ રહસ્યમય અતિ પવિત્ર એ કબૂલાત હતી.*

*લેખકના પ્રગટ થનાર વાર્તાસંગ્રહ 'તેજ અને તિમિર'માંથી.



સ્વ. વિદ્વદ્વર્ય બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર

બ. ક. ઠા.ના નામાક્ષરોથી ગુજરાતી સાહિત્યમાં સુપરિચિત, ગદ્ય તેમજ પદ્ય બંને પ્રકારોમાં પોતાના નામને સાર્થ કરતું (બલવંત) સાહિત્યસર્જન કરનાર અને ગુજરાતની જૂની પેઢીના સાક્ષરોના છેલ્લા અંકોડા રૂપ વિદ્વાન દીવાન બહાદુર બલવંતરાય કલ્યાણરાય ઠાકોરનું, આ બીજી જાન્યુઆરીના દિવસે પોણા અગિયાર વાગ્યે જમતાં જમતાં અચાનક હૃદયના દર્દથી અવસાન થઈ ગયું એ સમાચાર, અમારા જેવા એમના વારંવાર સંપર્કમાં આવનાર સૌકોઇને સાંભળતાંવેંત તો પ્રથમ માનવામાં જ ન આવ્યા; કેમ કે ૮૨મે વર્ષે પણ કંઇક જુવાનોને શરમાવે એવાં, ઉદ્યમ, એકાગ્રતા ને ઉત્સાહપૂર્વક હજુ એ પોતાનું વાચન–લેખનનું કામ એકધારું કરતા હતા, એટલું જ નહિ પણ પગની બે વખતની ઇજા કે આંખનો કપરો નીવડેલો મોતિયો વગેરે જેવાં દેહદુઃખ એમના કાર્યાગ્રહ કે આરોગ્ય કશાંને ખળભળાવી શક્યાં ન હતાં;—બલ્કે છેલ્લેછેલ્લે તો કામ વધુ વેગથી ચાલતું શરૂ થયું હતું. ઉપરાંત કરકસરથી પ્રકાશન કરતી 'ધી બી સેહની પ્રકાશન બિરાદરી લિમિટેડ' નામની નવી સંસ્થા શરૂ કરીને પોતાના કાવ્યસંગ્રહ(લાંબી કવિતાઓ સિવાયના નિઃશેષ સંગ્રહ) 'ભણકાર'ની તાજી આવૃત્તિ તથા બીજાં બેએક પુસ્તકો બહાર પાડ્યાં હતાં. હજી છેલ્લા મળ્યા ત્યારે તો, પોતાના ઓરડામાં બેત્રણ ટેબલો ઉપર જુદાજુદા વિભાગોમાં ઢગલીઓ કરીને પાથરી રાખેલાં પુસ્તકો, હસ્તપ્રતો વગેરે બતાવી કોઇનું સંશોધન, કોઈનું સંપાદન, કોઇનું સમારકામ, કોઇનું મંડાણ વગેરે જે અનેકવિધ કામ ચાલતાં હતાં તેની લાંબા ગાળાની યોજનાઓ જે ઉત્સાહપૂર્વક કહી સંભળાવી તે પરથી તો સો વર્ષથી યે વધુ જીવવાની તૈયારી હોય એવો એમનો નિરધાર જણાતો હતો. એટલે જ, સાંભળતાંવેંત તો માન્યામાં પણ ન આવ્યું કે ખખડધજ વટવૃક્ષ જેવો પ્રૌઢ ગંભીર ને વિશાળ, ગઈ પેઢીના સાક્ષરોનો એ છેલ્લો અવશેષ આમ અચાનક વિલીન થઈ જાય.

દેહાકૃતિએ અને સ્વભાવે બહારથી જોતાં નાળિયેળના જેવા રુક્ષ પણ અંદરખાનેથી પિતાની મમતા યાદ અપાવે એવા વત્સલ, એક જ વાર જે એમના પરિચયમાં આવી જાય તેમના વડિલ જેવા બની રહીને ઉમળકાથી સંબોધાતા એ 'બલુકાકા' મધ્યમ વય વટાવેલા અમસરખાઓના જ માત્ર નહિ, પણ લેખનકાર્યમાં 'પા પા પગલી' પાડતા અનેક નવોદિત કવિલેખકોના પણ હૂંફ અને પ્રેરણાના સ્થાન હતા. કાચી કૃતિ જોતાં જ ઉશ્કેરાઇને ઉશેટી દે, ઝાંસાં કાઢે, ધમકાવે-ધુત્કારે, મતભેદ કે ચર્ચાઓ વખતે ટેબલ પર મુક્કીઓ પછાડીને બરાડા પાડે,– એવું અનેકાનેક વાર બને, છતાં એમની સોડમાં ગયા વિના ચેન ન પડે એવું હેતાળ એમનું માર્ગદર્શન, સલાહસૂચના ને સદ્‌ભાવ હતાં. અને વાતોમાં તો, છંદરચનાના પ્રયોગોથી માંડીને અપભ્રંશ સાહિત્ય, કૉંગ્રેસનું અર્થશાસ્ત્ર, લિપિની સુધારણા, ગાંધીજી સાથેનો અભ્યાસકાળ, ઐતિહાસિક તત્ત્વચર્ચા, પર્લ બકની નવી નવલકથા, માલ્ટેડ મિલ્ક અને તાજા દૂધનાં પોષક તત્ત્વો વચ્ચેનો ફેર, યુનિવર્સિટી-કેળવણી, મુદ્રણનાં બીબાંની અમુક ખૂબીઓ, જગતના રાજકારણનાં વલણો, કે જોવાજેવી છેલ્લી સીનેમા ફિલ્મ સુધીના વિશાળ વૈવિધ્ય-વિસ્તારમાં એવી ચોકસાઈ, એવી સચોટતા અને માહિતીઓનો સંભાર હોય કે સાંભળ્યા જ કરીએ. મતભેદ પડ્યે જેવા ઉગ્ર એવા જ ગુણપૂજાએ ઉદાર એમના દિલનો એક નાનો દાખલો : બે વરસ પર 'કુમાર'માં આવી ગએલો શ્રી રાજેન્દ્ર શાહનો પાંચ સૉનેટોનો ગુચ્છ 'આયુષ્યના અવશેષે' એક મિત્રે વંચાવીને અભિપ્રાય પૂછતાં કહે 'આ સોનેટ પંચક એવું સર્વાંગસંપૂર્ણ છે કે રેશમના પરદા ઉપર લખીને સામી ભીંતે ટીંગાડી રાખવું ઘટે!'

ત્રણ સુખી પુત્રોની 'લીલી વાડી' મૂકી ગએલા, ને ગુજરાતી સાહિત્યની વાડીમાં યે જૂનાં વૃક્ષોનાં ખાતર-નિંદામણ તથા ઉછેર, મિષ્ટ ફળફુલ આપતા અનેક પુષ્ટ વૃક્ષોનો ફાલ તથા નવી કલમોના પ્રયોગો કરી ગએલા, આજના સમસ્ત સાહિત્યજગતના એ વડિલ ને વિદ્વાનનું અવસાન, આપણી પરંપરાગત માન્યતા પ્રમાણે તો, ભાગ્યશાળીને યોગ્ય ગણાય. છતાં એમની વત્સલ હૂંફ ગુમાવનારા નિકટવર્તીઓને તેમજ એમના જેવા સર્વતોમુખી પ્રતિભાવાળા વિદ્વદ્વર્ય અને વિચારક

ગુમાવી બેઠેલા ગુજરાતી સાહિત્યને જે ખોટ પડી છે તે તો અણપુરાએલી જ રહેશે.

ગુજરાતી સાહિત્યમાં વિચારભાર વાળી કવિતા અને સૉનેટપ્રકારના એ આદિ પ્રવર્તક. સાહિત્યવિવેચનમાં એમની બુદ્ધિ સૂક્ષ્મ ને રસદૃષ્ટિ ઊંચી. એમનાં ગદ્ય-પદ્ય બંનેમાં ભાષા અને વિચાર બલિષ્ઠ ને ચોટદાર. કંઈક અડવી લાગે એવી એમની લેખનશૈલીમાં એક વિશિષ્ટ પ્રકારનો ઓજ હતો, હથોડા જેવો ઠોક અને પ્રતીતિકર પ્રભાવ હતો.

'પંચોતેરમે' નામે પુસ્તકમાં પોતાની એ આયુર્મર્યાદા સુધીનાં સંસ્મરણો આપકથા રૂપે જે એમણે નોંધ્યાં છે તે પરથી તારવેલી એમની જીવનરેખા અમે 'કુમાર'ના ૨૭૨મા (ઑગસ્ટ ૧૯૪૬ના) અંકમાં આપી ગયા છીએ.

કવિ, સાહિત્યકાર, નવલિકા નાટ્યલેખક, વિવેચક, ઇતિહાસકાર, કેળવણીકાર, વિચારક (ને રાજનીતિજ્ઞ પણ), એવા બહુવિધ બુદ્ધિવિકાસવાળા એમના જીવનમાં કોઈ સનસનાટીભર્યા આરોહ-અવરોહ નથી. સમધારણ ને શાન્ત વહેતું રહેલું એ જીવન એકધારા અધ્યયન-અધ્યાપનમાં જ વીત્યું છે:

ઈ. ૧૮૬૯ની ૨૩મી ઑક્ટોબરે ભરૂચમાં જન્મ. પિતાની નોકરી રાજકોટમાં હોઈ પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ ત્યાં લઈ ભાવનગરની સામળદાસ કૉલેજમાં અભ્યાસ કરીને પૂનાની ડૅક્કન કૉલેજમાંથી ૧૮૮૯માં સેકંડ ક્લાસમાં બી.એ. થઈ એલિસ સ્કૉલરશિપ મેળવી અને ત્યાં જ ૧૮૯૨-૯૩માં દક્ષિણા ફેલો નિમાયા. ૧૮૯૩માં 'થોરલે માધવરાવ પેશ્વા' વિશે અપ્રકટ સાધનો દ્વારા નવા પ્રકાશ સાથે ઐતિહાસિક થીસિસ (મહાનિબંધ) લખવા માટે માણેકજી સુવર્ણચંદ્રક મળ્યો. ૧૮૯૪-૯૫માં બહેરામજી મલબારીના અંગ્રેજી પત્ર 'ઇંડિયન સ્પેક્ટેટર'માં ઉપતંત્રી થયા. તે પછી થોડો સમય ઍક્ટિંગ પ્રોફેસર રહ્યા બાદ સરકારી કેળવણીખાતામાં નિમાયા, ને ત્યાં પ્રથમ પ્રૉવિન્શ્યલ (પ્રાંતિક) અને પછી ઇંડિયન (અખિલ હિંદ) એજ્યુકેશનલ સર્વિસ (આઈ.ઈ.એસ.)માં કાયમી પ્રોફેસર તરીકે તા. ૧૩-૧૦-૧૮૯૬થી તા. ૨૩-૧૦-૧૯૨૪ સુધી—લાગટ અઠ્ઠાવીસ વર્ષ રહ્યા, જે દરમ્યાન અજમેરની ગવર્નમેન્ટ કૉલેજ, રાજકોટની રાજકુમાર કૉલેજ તથા પૂનાની ડેક્કન કૉલેજમાં પ્રોફેસર તરીકે તેમજ કાઠિયાવાડ એજન્સીના એડ્યુકેશનલ ઈન્સ્પેક્ટર તરીકે કામ કર્યું. ઉપરાંત એ દરમ્યાન પંદર વર્ષ સુધી મુંબાઇ યુનિવર્સિટીની સેનેટના સભ્ય, નવ વર્ષ સુધી ઇન્ડિયન હિસ્ટૉરિકલ રેકર્ડ્ઝ કમિશનના સભ્ય, તેમજ મુંબાઇ યુનિવર્સિટી કૉલેજ ઈન્સ્પેક્શન કમિટીના સભ્ય અને મુંબાઇ, બનારસ, નાગપુર તથા કર્વે યુનિવર્સિટીઓની બી.એ.ની પરીક્ષાઓમાં ત્રીસ વરસ સુધી પરીક્ષક રહ્યા હતા. ૧૯૨૪માં પેન્શન લીધા પછી વડોદરા કૉલેજમાં કામચલાઉ પ્રોફેસર તરીકે તથા વડોદરા-યુવરાજ પ્રતાપસિંહરાવના શિક્ષકમંડળમાં કામ કર્યું. ૧૯૩૭થી મુંબાઇમાં કાયમી નિવાસ કરી લેખન-વાચનના વ્યવસાયમાં જ રત રહેતા. રાજકોટમાં હતા ત્યારથી ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યમાં રસ લેતા થઈ, ત્યાં ભરાએલી ત્રીજી સાહિત્ય પરિષદના અને પછી પરિષદની ભંડોળ કમિટીના મંત્રી તરીકે લાંબો કાળ રહ્યા બાદ પરિષદના બંધારણના ઝગડાને કારણે તેનાથી અલગ થએલા.

પોતાની એક વર્ષગાંઠે લખેલા, 'મધ્યમતાષ્ટક' નામના આ સાથે ઉતારેલા કાવ્યમાં પોતાનાં જીવન અને માન્યતાઓનો જાણે કે સાર, સાદા ભુજંગી છંદમાં એમણે કહી દીધો છે. ધમપછાડા કરતી કોઇ ગગનગામી મહત્વાકાંક્ષાઓના નહિ પણ સ્વસ્થ 'મધ્યમતા'ના જ એ ચાહક હતા. અને કાવ્યમાં કહે છે કે 'આટલું લાંબું જીવવાની યે આશા ન હતી; કે આટલી સેવા, ફતેહ કે નામનાની યે આશા નહોતી. બધો માર્ગ આપમેળે જ વહ્યો છે. ડાળમાંથી ડાળ ફૂટે એમ એકમાંથી બીજાં કર્તવ્યો સધાતાં સદા દીઠાં છે. થોડાંથોડાં કલા, જ્ઞાન ને ભક્તિ યે આવી મળ્યાં છે: ભલેને ચાંગળું, પણ મારા જેવા જંતુને તો એટલાંયે ઘણાં. કોઇ સામટા કે અસહ્ય ઘા નથી પડ્યા, તેમ તવાયો-છુંદાયો કે બાપડો બીચારો પણ બન્યો નથી. ઝાઝા મિત્રો કે ઝાઝી લક્ષ્મી મળી નથી; મોટાં સુખો કે કાંઈ બીજું પણ 'મોટું' મળ્યું નથી; જે કાંઇ મળ્યાં તે ય કાળે હરી લીધાં (જેવી એની મરજી) અને આ સંસારની ક્ષુદ્રતા સમજાવી દીધી. ભાવનાની પ્રભા વધતી દીઠી છે, તેમ દેશમાં પ્રજામાં ને સંસ્કૃતિમાં છિદ્રો ને સુચારિત્ર્યનો હ્રાસ પણ દીઠાં છે—એવાં કે જેથી ભવિષ્ય ઘેરું લાગે છે. એ એક જ દુઃખ અનુભવ્યા કર્યું છે અને એ કારી શલ્યના જેવું ખૂંચ્યા કર્યું છે. ભરજુવાનીમાં પણ સત્તા, સમૃદ્ધિ કે કીર્તિના મોહમાં ફસ્યો નથી કે ક્વચિત્ કુમાર્ગે સરી જતાં પણ ટેક ચૂક્યો નથી ને ઠેશો ખાઇને તરત ટટ્ટાર થઈ ગયો છું. એક પૂજ્યપાત્ર દીઠું છે, એક હદ્દા દીઠી છે. સત્યને સદા વંદતો રહ્યો છું અને સૌન્દર્ય તથા શોભાને ચાહ્યાં છે; અને માગું છું કે એ વંદના અને ચાહના જીવું ત્યાં સુધી ટકે ને વધતાં રહે. એ જ મારે મન મોક્ષ છે. જીવનભર મધ્યમનાં જ મીઠાં ફળ મેં વાંછ્યાં છે અને શુદ્ધ બુદ્ધિથી સરસ્વતીનો ઉપાસક બની રહ્યો છું; અને ચાહું છું કે હવે પછીનું જે કાંઈ લાંબું કે ટૂંકું આયુષ્ય રહ્યું હોય તે એવી મધ્યમતામાં જ વહો.'

કેટલો નિખાલસ એકરાર અને નિર્વ્યાજ આકાંક્ષા! સ્વસ્થ ને શાન્ત જીવન ગાળવાને માર્ગદર્શક બની રહે એવી એ પંક્તિઓ છે.

મધ્યમતાષ્ટક

ન આશા હતી આટલું જીવવાની,
ન સેવા ફતે(હ) નામના આટલાંની;
વહ્યો માર્ગ જે જે બન્યો તે જ આપે,
ન ધાર્યાં વિકાસે સુખોલ્લાસકારી. ૧

થતાં એક કર્તવ્ય બીજાં સદા યે
દિઠાં, ડાળ ફૂટે યથા ડાળમાંથી;
કલા જ્ઞાન ભક્તિ ય આવી મળ્યાં છે!
ભલે ચાંગળૂં, જંતુને તો ઘણેરાં! ૨

નથી ઘા પડ્યા સામટા કે અસહ્ય,
તવાયો છુંદાયો બન્યો બાપડો ના;
વધંતી જ દીઠી પ્રભા ભાવનાની,
ન મુશ્કેલિ ઝાઝી પડી ચિત્ત-તોશે. ૩

મળ્યા મિત્ર ઝાઝા ન, ઝાઝી ન લક્ષ્મી,
ન મોટાં સુખો કે મળ્યું કાંઈ મોટું;
મળ્યાં તે ય કાળે હર્યાં,—મોજ એની!
દિધી સાન સંસારની ક્ષુદ્રતાની. ૪

વધંતી જ દીઠી પ્રભા ભાવનાની,
દિઠાં છિદ્ર દેશે, પ્રજા, સંસ્કૃતિએ;
દિઠું ભાવિ ઘેરૂં, સુચારિત્ર્ય-હ્રાસઃ
લહ્યૂં એક એ દુઃખ, એ શલ્ય કારી. ૫

જુવાની વિશે યે ન સત્તા સમૃદ્ધિ
ન કીર્તિ તણે મોહ મોહ્યો ફસ્યો કે;
કુમાર્ગે સરંતાં ય ના ટેક ચૂક્યો,
થયો છૂં ટટાર, કદી ખાઈ ઠેશો. ૬

દિઠૂં એક પૂજ્ય, દિઠી એક હદ્દાઃ
નમૂં સત્યને; ચાહું સૌન્દર્ય શોભા;
શ્વસૂં ત્યાં લગી વંદના ચાહના એ
ટકો ને બઢોઃ મોક્ષ દેખૂં ન બીજો. ૭

મધ્યમ સુફલ જ વાંછ્યાં,
શુદ્ધ બુદ્ધિએ બન્યો ભગત વિદ્યાનો;
અનલ્પ અલ્પ ગમે તે
રહ્યૂં આયખૂં વહો જ મધ્યમતામાં. ૮

બ. ક. ઠા.

અવનીન્દ્રનાથ (અનુ૦ પૃ. ૫થી) એક ખૂણામાં તેલભર્યા કોડિયામાંથી એક દીવાની વાટ ઝાંખો પ્રકાશ આપી રહી છે. શરદીના ભયને



લીધે ત્રણ બારીઓ ઉપર પરદા નાખેલા છે. ઘરમાં એક ખાટલો છે અને તેના ઉપર એક રંગીન મચ્છરદાની ફેલાયેલી પડી છે. ઘરમાં પ્રવેશ કરવાનો દરવાજો એવડો મોટો છે કે ત્યાં સુધી દીવાનો પ્રકાશ પહોંચી શકતો નથી. ત્યાં આગળથી ઘરમાં અંદરના ભાગમાં શું છે તે દીવાના ઝાંખા પ્રકાશમાં કંઈ સ્પષ્ટ જણાતું નથી. પણ દીવાની પાસે જતાં જણાય છે કે, પદ્મ દાસી એક રૂપાના વાડકામાં દૂધની વાડકીમાંથી ગરમ દૂધ ઠંડું કરવા માટે વારંવાર ઠાલવી રહી છે. દાસીનો કાળો હાથ દૂધ ઠારવાને તાલે તાલે ઊંચો નીચો થઇ રહ્યો છે. ચારે દિશાએ સુમસામ છે. માત્ર દૂધની ધાર પડવાનો અવાજ સાંભળું છું. બારીના પરદાની પેલીપાર ઘણે દૂરના દરવાજાની પાસે નંદ પહેરાવાળાનું ઘર છે. તે એક, બે, ત્રણ, ચાર, એમ સમય દેખાડનારા ઘંટ વગાડયા કરે છે. થોડી વારમાં અર્ધું ઠંડું કરેલું દૂધ મને આપીને અને ખાટલા ઉપર ત્રણ ઓશીકાની વચ્ચે સુવાડીને ઊંઘાડવાનો પ્રયત્ન કરતી મારી દાસી ચાલી ગઈ, અને તેને તાલે તાલે તેના કાળા હાથની હીલચાલની સાથે સાથે જાણે હું નિદ્રાને ખોળે પોઢી ગયો.

રાત્રિના અંધકાર જેવી મારી દાસી કાળી હતી. તે પાસે બેસીને મને ઊંઘાડતી, પરંતુ તે અંધકારમાં દેખાતી નહિ. તે મને જણાતી નહિ પણ વચ્ચે વચ્ચે તેનો આભાસ જણાતો. કોઇકોઇ વાર રાત્રે તે મોડે સુધી જાગીને શેકેલા ચોખા ચાવતી અને તાડપત્રનો પંખો હલાવીને મચ્છર ઉડાડતી. તે છે એટલું માત્ર અવાજથી જ જણાતું. મને જાગેલો જાણતાં દાસી છાનીમાની મચ્છરદાની ઊંચી કરીને એક નાળિયેર અંધારામાં જ મારા મોંએ ધરી દેતી. રોજના ખોરાક ઉપરાંત મારે માટે આ નાળિયેરના પાણીની વ્યવસ્થા રાખવામાં આવતી હતી.

ચારે બાજુએ મચ્છરદાનીથી ઘેરાયેલા એ વિશાળ બિછાનામાં મને ઓશિકાં પહાડ–પર્વત જેવાં દેખાતાં ને મચ્છરદાની આકાશ પથરાયેલું હોય તેવી જણાતી; અને તેની આરપારથી, ચિતપુર રસ્તાથી શરૂ થતી જે ગલી અમારા દરવાજા સુધી પહોંચતી હતી તે તદ્દન જનશૂન્ય લાગતી હતી. બે નંબરના મકાન આગળ તે વખતની મ્યુનિસિપાલિટીએ મૂકેલો તેલનો એક દીવો ટમટમી રહ્યો છે, અને એ જ દીવાને આધારે, પુરાણા શિવમંદિરના બારણા આગળથી એક ભૂત જેવો લાગતો માણસ બે હાથ ફેલાવીને જાણે શિકારની શોધમાં ચાલ્યો જાય છે. તેનું રહેઠાણ તંટલામાં જ જણાતું હતું. એક માટીના નળમાંથી બે નંબરના ઘરનું મેલું પાણી પડવાથી દિવાલ વિશેષ કાળી પડી ગઇ હતી. બરાબર તેની નજીકમાં જ અર્ધા ભાંગેલા એક નાનકડા ઘોલકામાં તે રહેતો. દિવસે પણ તે જગાએ અંધકાર રહેતો.

બધાં ભૂતોમાં એ ભયંકર હતો. તેના પેટમાં નર્યું અંધારું હતું. એને આંખો નહોતી અને તેના બન્ને મોટા હાથ જાણે શિકાર શોધી રહ્યા હતા. વળી એક બીજા પ્રકારનો ભય પણ થતો. તે જાણે ઘરના છાપરામાંથી આગનો ભડકો થઇને ધીરે ધીરે મારી છાતી ઉપર આવીને સવાર થતો. કોઈ કોઈ વાર તો ઊનાઊના સ્તન જેવો એ અગ્નિગોળો મારા મોંની તદ્દન નજીક આવતો, અને તેની ઝાળ મોંએ અને આંખોએ લાગતી! ત્યાર પછી તે ગોળો ધીરે ધીરે મને છોડીને ચાલ્યો જતો અને ચડેલા શ્વાસે હું જોતો તો જણાતું કે સવાર થયું છે, કપાળ ગરમ છે ને મને તાવ આવ્યો છે. દસબાર વરસ સુધી આ ઉપગ્રહ તાવનો દૂત થઈ આવીને મને અસ્વસ્થ કરી જતો. એનાથી બચવાનો ઉપાય મેં શોધી કાઢ્યો હતો. લાલ શાલ અને તેની ઉપર એક ચાદર ઓઢીને હું ગોટપોટ થઇને સૂઈ જતો અને તે એવી રીતે કે દાસી મને બિછાનામાં જોઇ શકે નહિ. પછી તે બૂમ પાડે ને શોધ કરે કે 'અરે, ભાઈલા! તું તે કયાં ગયો?' અને શોધ કરતી કરતી તે થાકી જાય ત્યારે પદ્મદાસીના પદ્મહસ્તની કેટલીક થાપટો ખાઇને જાદુગરની પેઠે હું સવારના પ્રકાશમાં એ ગોટપોટ કપડાંમાંથી એકદમ બહાર આવી જતો.

વિક્રમ સંવત ૧૯૨૭ની જન્માષ્ટમીને દિવસે ૧૨ વાગવા ઉપર ૧૧ મિનિટથી શરૂ કરીને કેટલાંક વરસો સુધી રૂપ, રસ. શબ્દ, ગંધ ને સ્પર્શની મારી પૂંજી માત્ર એક દાસી, એક ઘર, એક ખાટલો, એક દૂધની વાડકી, એવી કેટલીક સામાન્ય ચીજોમાં જ સમાઈ રહેલી હતી. સૂવું ને ખાવું એ સિવાય બીજી કોઇ બાબત સાથે મારે સંબંધ નહોતો. ઉપરાંત શિયાળાની રાત્રિના અંધકારમાં કેટલાંક ભૂતોના ચહેરા, દિવસને વખતે પણ અંધારામાંથી સંભળાતો અવાજ—બારણાંનો અવાજ અને (સ્ત્રીવર્ગના સાળુને છેડે બાંધેલા) ચાવીના ઝૂડાના ઝણઝણાટનો અવાજ, આટલું જ યાદ છે; બીજું કંઇ જ નહિ.

પશ્ચિમ દિશાના એક ખુલ્લા ઘરમાંથી ઉપરના ભાગમાંથી દીવાનો પ્રકાશ આવ્યા કરે છે અને તે જગ્યાએ મારી કાળી દાસી અને રમા નામની એક સ્થૂળકાય સુંદર ચાકરડી વાતો કરે છે તે હું સાંભળું છું. હું તેમની વાત સમજતો નથી, માત્ર અવાજ અને હાથપગની હીલચાલથી લાગે છે કે બન્ને દાસીઓને ઝગડો થયો છે. પીંજરાના પંખીની જેમ હું બહારની તરફ જોઉં છું કે શું થાય છે. અકસ્માત જોયું કે મારી દાસી એક ધક્કો ખાઇને દિવાલ ઉપર પછડાઈ પડી. તે પાછી ઊભી થઇને બાજુના ઓરડા તરફ ગઇ. તે વખતે તેના કાળા કપાળમાંથી લોહી વહેતું હતું ને વાળ લોહીથી ભીંજાયા હતા. તેનો ચહેરો ગુસ્સાથી ભયંકર થઇ ઊઠયો હતો. તે જાણે સિંદુરથી ભીંજાયેલી કાળા પથ્થરની ભૈરવી મૂર્તિ લાગતી હતી. હું બૂમ પાડી ઊઠયો: 'મારી નાખી રે, મારી દાસીને મારી નાખી!' લોકો ભેગા થઇ ગયા. દાક્તર આવ્યા. એક પાતળા કપડાનો પાટો દાસીના કપાળે બાંધીને તે ગયા.

દાસીને મેં એ છેલ્લી જ જોઈ. ત્યાર પછી મેં દાસીને જોઇ નથી, પણ તેના વિષે મનમાં ભાવના રહી છે કે દેશમાંથી રમકડાં લઇને દાસી પાછી આવશે. રોજ ને રોજ હું એ આવશે તેની વાટ જોતો. કયા ગામનું કયું ઘર છોડીને અંધકાર જેવી કાળી મારી પદ્મદાસી આવી હતી! પદ્મ નામ તેને બંધબેસતું નહોતું. એ તેનું કોઈક અપરિચિત નામ લઇને જ અમારે ઘેર આવી હતી. ગુસ્સે થઈ છે, વાતો કરી છે, ઝગડો કર્યો છે, કામ પણ કર્યું છે ને મનુષ્ય બનાવવા બદલ સોનાનો હાર બક્ષિશ લીધો છે, અને રક્ત વહાવતી ઘણા દિવસથી ચાલી પણ ગઇ છે. જાણે તે કોઇ અન્ય દેશમાં પોતાની વાર્તા કહેવા ચાલી ગઇ છે. પરંતુ કોઈ કોઇ વાર એ પંચાણુ વરસની દાસીને હું દૂધ ઠંડુ કરતી જોઉં છું અને તે મારે માટે તૈયાર કરી રહી હોય તેમ લાગે છે!...

દાસીની સોબતમાં પંદર કે પચીસ માસ કયાંના કયાં ચાલ્યા ગયા તેની મને કશી ખબર નથી. પરંતુ મારા ઉપર મારી દાસીનો અદ્ભુત સ્નેહ હતો. (ચાલુ)



મધુકરી

સાગર સારી, ઝંઝા ઝીલી ઘટઘટ કીધી ફેરી,
આખરના એક વિરામ માટે ના દીઠી કહીં દેરી;
નવલખ તારા, આત્મમિનારા જેબ ગગનની ઘેરી,
સરવરતીરે નદી સમીરે વાટ લીધી ગિરિ કેરી;
હીરલા ધોળ્યા, વિષ વાગોળ્યાં તેજ કિરણનાં જાળાં
નવગ્રહ ખૂંદ્યા, જાળી ઉકેલ્યાં પાતાળે પરવાળાં :
રે જીવ ના જંપે મારો.

(સંસ્કૃતિ) —ચન્દ્રવદન મહેતા

સ્વ. દરબારશ્રી ગોપાળદાસ

બ્રિટિશ રાજના ખોફ સામે પોતાની રિયાસતને હોડમાં મૂકીને પણ દેશની આઝાદીની લડતમાં ભાગ લઇ ભારતનાં અન્ય રજવાડાંઓ સામે અનુકરણીય ઉદાહરણ મૂકી જનાર દરબારશ્રી ગોપાળદાસ અંબાઇદાસ દેસાઇનું ૫મી ડિસેમ્બરે રાજકોટમાં અવસાન થયું.

વડોદરા રાજ્યના અંબાઈદાસ દેસાઇને સાવલી તાલુકામાં એક ગામનો ગરાસ હતો. તેમાં પાછળથી સૌરાષ્ટ્રનાં ઢસા અને રાય તથા સાંકળી ગામ ઉમેરાયાં. પણ એમને પોતાને એકે પુત્ર ન હોઈ પોતાની પુત્રીના નાના દીકરાને દત્તક લીધો. એ દૌહિત્ર તે દરબાર ગોપાળદાસ. એમનો જન્મ વિ. સં. ૧૯૪૪ના પોષ સુદ પાંચમે ચરોતરમાં વસો નજીક એક ગામડામાં થએલો. અભ્યાસ પણ એમણે મોસાળમાં જ રહી વસો અને વડોદરામાં કરેલો. આટલી જમીન-જાગીરના તાલુકદાર બનવા છતાં મૂળથી જ સાદાઈ અને ઉચ્ચ આદર્શોને વરેલા એમના સૌજન્યભર્યા વ્યક્તિત્વમાં ઊંચી માનવતા હતી. આથી પ્રજા અને તેમના વચ્ચેનું અંતર ઘટી જઇ તેમના ખેડૂતો તેમની પાસે પોતાનાં સુખદુઃખ કહેવા નિઃસંકોચ જઈ શકતા. એ એક જ રાજવી એવા હતા જે પોતાના પુરજનો સાથે રાસ સુદ્ધાં રમતા.



દરબારશ્રી ગોપાળદાસ (ફોટો · સુમનભાઈ ર. શેઠ)

સ્વ. મોતીભાઇ અમીન જેવાના હાથ નીચે શિક્ષણસંસ્કાર પામેલા દરબાર સાહેબમાં એ કાળે પણ અનેક નવી દૃષ્ટિઓનો ઉગમ થએલો. સ્વ ગિજુભાઈએ ગુજરાતમાં પ્રચલિત કરેલી મૅડમ મૉન્ટેસોરીની બાળશિક્ષણપદ્ધતિનો ગુજરાતમાં સૌ પહેલો અભ્યાસ કરી એ પદ્ધતિની વસોમાં બાળશાળા કાઢનાર એ. સ્વ. શ્રી ગિજુભાઈ બધેકાને પણ એમણે જ તેનો પરિચય કરાવેલો. એમના જેવાને અંગ્રેજ રાજ્યની ધૂંસરી ખૂંચે એમાં નવાઈ નથી. એવામાં ઈ. ૧૯૧૮માં આવેલા ખેડા સત્યાગ્રહે અને ૧૯૧૯માં રોલેટ ઍક્ટે એમની એ વૃત્તિઓને ખળભળાવી. ગાંધીજીનાં લખા-



માસમાસનાં પંખી

[૭૨] માર્ટિન

રેલવે ટ્રેનની બારીમાંથી દેખાતાં તારનાં દોરડાં પર, કોટને કાંગરે કે મંદિર-મસ્જિદની અગાશીની પાળે બેઠેલાં સ્વૉલો ઘણાંએ જોયાં હશે. એ સ્વૉલો જેવી જ આકૃતિ, ગુણ વગેરે વાળાં બે પંખી આપણે ત્યાં થાય છે. તેમાંનું એક તે ઉપર આપેલું ક્રૅગ માર્ટિન. ટૂંકી બુઠ્ઠી પૂંછડીવાળાં, મેલા કાળા કે ધુમાડાના રંગનાં, ચકલી જેવડાં આ પંખી સ્વભાવે એકલપેટાં. પાણી પાસે રહેવાની એની ટેવ, તોપણ કદીક વસતિ વચ્ચે પણ માળા બાંધે છે. છતાં મોટે ભાગે તો કોઈ રડ્યાખડ્યા ખડકની એકાદ બહાર પડતી કરાડ કે જરીપુરાણા ખંડેરની કૉર્નિસમાં, ભીના કાદવના લોંદા ચોંટાડી, નીચેથી અણિયાળા કોડિયા જેવા આકારના માળા તે બનાવે છે, અને તેમાં કૂણાં ઘાસ-પીછાંની બિછાત કરી તે પર જાન્યુઆરીથી ઑક્ટોબર સુધીમાં બે વાર પ્રજનન કરે છે. ને દરેક વેળા તેરાતાં છુંદણાંવાળાં ૩થી૪ સફેદ ઇંડાં મૂકે છે. મોટે ભાગ છૂટક છૂટક જ બંધાતા તેમના માળાનું ક્યારેક નાનકડું જૂથ પણ જોવા મળે ખરું. ઊડતાં ઝીણાં જીવડાં એ તેનો આહાર. ઊડતું ઊડતું જ તે એ મેળવી લે છે.

બારે માસ આપણે ત્યાં રહેતાં આ અતિ વ્યાપક પંખીની 'સૅન્ડ માર્ટિન' નામનો ચકલીથી યે નાનાં કદની બીજી એક જાત આપણે ત્યાં થાય છે. તેના શરીરનો રંગ ગંદાડી જેવો ભૂખરો ને પેટનો ભાગ સફેદ હોય છે. મોટે ભાગે જળાશય પાસે તેનાં નાનાં ટોળાં જોવા મળે છે. નદી કે તળાવને કિનારે ભેખડમાં બેત્રણ ફૂટ ઊંડાં દર ખોદી, તેમાં તળિયે ઘાસપીછાંનો માળો બનાવી, શિયાળામાં તેમાં ચોખ્ખા દૂધિયા રંગનાં ત્રણ ઈંડાં તે મૂકે છે. ['વનેચર'ના લેખ ઉપરથી]

લોએ એ ગાંઠ મજબૂત કરી અને વઢવાણમાં ગાંધીજીનો પ્રત્યક્ષ પરિચય સાધી ૧૯૨૧માં તો એમણે અસહકારની લડતમાં ઝંપલાવ્યું. તેમની આ બધી પ્રવૃત્તિ સરકારની દાઢમાં જ હતી. તેનું પરિણામ પણ દરબારશ્રી જાણતા જ હતા, પણ તેની તેમને પરવા નહોતી. સરકારને બહાનું જોઈતું હતું ને ૧૯૨૨માં તે મળી ગયું. મુંબાઈના ગવર્નરની કાઠિયાવાડની મુલાકાતના માનમાં ભરાએલા દરબારમાં હાજર રહેવાનું અને એ ભરાય ત્યાં સુધી વઢવાણ ન છોડવાનું તેમને ફરમાન થયું. તેનો તેમણે સાફ ઈન્કાર કર્યો અને પરિણામે જુલાઈની જપ્તીએ તેમની જમીન-જાગીર જપ્ત થઈ. ત્યારથી રાષ્ટ્રની સેવામાં એમણે જીવન સમર્પી દીધું. રાજકારણમાં વલ્લભભાઈને કાઠિયાવાડના પ્રશ્નોની દોરવણી તેઓ જ આપતા. વડોદરા રાજ્ય પ્રજા પરિષદ તેમજ કાઠિયાવાડ રાજકીય પ્રજાપરીષદનું સુકાન પણ તેમણે જ સંભાળેલું અને હરિપુરા કૉંગ્રેસના તેઓ સ્વાગત પ્રમુખ નીમએલા. આઝાદીની લડતના પ્રત્યેક તબક્કે એમણે જેલવાસ પણ ભોગવ્યો. આમ, છેક ૧૯૪૭માં આઝાદી મળી અને એમની જાગીર એમને પાછી સોંપાઇ ત્યાં સુધીનાં લાગટ ૨૫ વરસ એમણે દેશવટે રહી દેશસેવામાં જ ગાળ્યાં, અને જાગીર મળ્યા પછી પણ તુરત જ તેનો વહીવટ તેમણે પ્રજાના જ હાથમાં સોંપી દઇ પોતે તો એ જ સાદું આદર્શપરાયણ જીવન ચાલુ રાખી પોતાની સર્વ શક્તિઓ દેશને ચરણે દીધી. અવસાન સમયે તેઓ સૌરાષ્ટ્રની કૉંગ્રેસ કમિટીના જ પ્રમુખ હતા.

શેરડી

શેરડી આપણા દેશમાં છેક પાંચ હજાર વર્ષથી બહુ મૂલ્યવાન અને શરીરને અનેક પ્રકારે પોષણ આપતો પદાર્થ ગણાયો છે. વૈદકશાસ્ત્રમાં શેરડીને શુક્રશોધક અને શ્રમહર કહી છે. આપણે ત્યાં તેની (૧) પોચી (૨) સખત અને (૩) ચાસિયા એમ ત્રણ જાત ગણાય છે. ગુજરાતમાં સહેજ પીળાશપડતી સફેદ પોચી શેરડી અને સૌરાષ્ટ્રમાં સખત લાલ શેરડી થાય છે.

શેરડીનો રસ બીજાં બધાં બજારૂ પીણાં કરતાં શ્રેષ્ઠ છે. તે પિત્તને શમાવનાર, મધુર, સ્નિગ્ધ, બલ્ય, મૂત્રશુદ્ધિ કરનાર, કાંતિકર અને રક્તદોષ તથા રક્તપિત્તને મટાડનાર છે. હવે શેરડી આવવી શરૂ થઈ છે, તેનો લાભ સૌએ બને તેટલો લેવો જોઈએ.

શેરડી પિલાવીને રસ પીવો, ગોળ ખાવો, કે ખાંડનું શરબત બનાવી પીવું, એ સઘળા પ્રકારોમાં શ્રેષ્ઠ પ્રકાર દાંતે છોલીને ટુકડા ચાવી રસ ચૂસવો તે છે. એના જેવી ગુણકારી રીત એકે ય નથી. કફ પ્રકૃતિ વાળા શેરડી પિલાવતાં આદુનો ટુકડો વચમાં મુકાવે, અને જેમને મંદાગ્નિ છે તે આદુ અને લીંબુનો રસ ભેળવીને લે. ચારથી દસ વરસનાં સૂકાં દુબળાં સેંકડો બાળકો મેં જોયાં છે જેમનાં હૃદય ખાસ કશા પણ કારણ વગર ધડકતાં હોય છે. સાથે ચહેરાની ફિકાશ અને શરીરનો તપારો હોય છે. આવાં બાળકોને સવારે નરણે કોઠે બેત્રણ કાતળી નિયમિત ચૂસવા આપવાથી એમને ઘણા પ્રકારનાં ગ્લુકોઝ મળે છે. એથી લોહી સ્વચ્છ થઇને પોષણ મેળવે છે. હૃદયને સારી મદદ થવાથી તે સ્થિતિસ્થાપક બને છે, બાળક પોષાતું પોઢાતું રક્તકણોથી ઓપતું બને છે, તપારો ઓછો થાય છે અને તપેલું ભ્રામક પિત્ત શાન્ત થાય છે. માત્ર બાળકો જ શા માટે ? દુબળા, સુક્કા, ઉધ્ધણતાવાળા, ચા-બીડીઓ પીપીને બળુંબળું થઈ રહેલા હરકોઇ ઉમરનાં સ્ત્રીપુરુષોને આ રીતે નિત્ય ચૂસવાથી સારા પ્રકારનાં ઔષધો ખાવાથી જે લાભ ન થાય તે થાય છે.

કમળાના દરદીને આંતરડામાં થતો પિત્તસ્રાવ બંધ થાય અને ઉબકા-ઊલટી શરૂ થઈ પેટમાં કાંઈ પણ ટકતું ન હોય, ત્યારે શેરડીનો રસ ચૂસવાથી સારૂં પોષણ મળે છે. લોહીમાં ઓછા થતા ગ્લુકોઝની જગ્યા શેરડીનો રસ પૂરે છે અને દરદીને ટકાવી રાખવા માટે પૂરક ખોરાક તરીકે એ વખતે શેરડી જે મદદ કરે છે તે અપૂર્વ હોય છે. એ જ રીતે લોહીમાં આવી ગએલી ફિકાશને કારણે દરદી પાન્ડુવર્ણો જણાતો હોય ત્યારે તાજી પરિપક્વ શેરડી રોજ ચૂસવાનો મહાવરો રાખે તો ફિકાશ ઓછી થતી જાય છે.

સૂકી ખાંસીમાં શેરડીને ભરસાડ ઉપર શેકીને ચુસાડવાથી કફ સહેલાઇથી નીકળી જાય છે. રક્તપિત્તનું લોહી છાતીમાંથી નસકોરા વાટે અથવા ગુદા માર્ગે પડતું હોય ત્યારે શેરડીનો રસ અતિશય લાભ કરે છે. પેશાબ છૂટથી ન આવતો હોય એમને શેરડી ચૂસવા આપવાથી પેશાબ ખુલાસાથી આવે છે. પેશાબ વધારનારી અન્ય વસ્તુઓમાં શેરડી ઉત્તમ છે.

અતિ કફના દરદી, દમવાળા અને મધુમેહના રોગીએ શેરડી અથવા શેરડીનો રસ ચૂસવો ન જોઈએ. જે બાળકોને વારંવાર કફ થઇ ફેફસાંનું દર્દ થઇ આવતું હોય તેને શેરડી આપવી સારી નથી.

(ગુજરાત સમાચાર) —વૈદશાસ્ત્રી જાદવજી નરભેરામ

નવું વન

૧૮૭૮માં સ્થપાયેલી અને આજે દર વર્ષે રૂપિયા પચીસ લાખને ખર્ચે સરકાર તરફથી નિભાવાતી દહેરાદૂનની વન-સંશોધન સંસ્થાએ પોતાની પ્રગતિથી વિદેશોમાં નામના મેળવી છે. પણ ખુદ ભારતના લોકો એને વિશે ઓછું જાણતા નથી.

દહેરાદૂન શહેરથી પાંચેક માઇલને અંતરે, ૧૧૦૦ એકરના જે સ્થાન ઉપર આજે એ સંસ્થા વસેલી છે તેનું નામ એના કાર્યકરોએ 'નવું વન' રાખ્યું છે. પચીસ વરસ પહેલાં જ્યાં ઉજ્જડ વગડો હતો ત્યાં આજ અનેક જાતનાં વૃક્ષો પદ્ધતિસર ઉગાડવામાં આવે છે, એમનાં લાકડાં ઉપર જાતજાતના પ્રયોગો થાય છે અને નવુંનવું સંશોધન થતું રહે છે.

સંસ્થાનાં ૩૦૦૦ કર્મચારીઓ અને તેમનાં કુટુંબો માટે લગભગ સવા કરોડ રૂપિયાને ખરચે મકાનો બંધાયેલાં છે. 'નવા વન'માં સાત માઈલની પાકી સડકો છે ને તેની બન્ને બાજુ હરિયાળાં વૃક્ષોની હારમાળા છે, લીલાંછમ ઘાસનાં મેદાનો છે. બહારથી આવનાર માનવીને સૌથી વધુ રસ સંસ્થાનાં સંગ્રહસ્થાનોમાં પડે છે. લાકડાનું આખું શાસ્ત્ર સામાન્ય માણસને સમજાય તે રીતે ત્યાં રજૂ થયેલું છે. સંગ્રહસ્થાનમાં દેવદારના જે એક ઝાડનો કટકો પડયો છે તે ૬૭૦ વરસની અવસ્થા સુધી જીવેલું! ૧૨૧૫ની સાલમાં દિલ્હીના શહેનશાહ કુતુબમિનાર ચણાવતા હતા ત્યારે એનો જન્મ થયેલો!

સંસ્થાના ગ્રંથાલયમાં જગતભરના દેશોમાંથી આવેલાં ૩૦,૦૦૦ પુસ્તકો ને ૪૦૦ સામયિકો છે. પણ મને તો એથી યે વધુ રસ પડયો લાકડાંની લાયબ્રેરીમાં. પહેલી નજરે તો એ ખંડના ઘોડા-અભેરાઇઓ ઉપર ચોપડીઓ જ ગોઠવેલી લાગી. પણ પછી ખબર પડી કે એ બધા આ દેશનાં તેમજ દુનિયાભરનાં લાકડાંના નમૂના હતા. ત્યાં સંગ્રહાયેલા ૧૧,૦૦૦ નમૂનામાંથી ૭,૫૦૦ ભારતના જ હતા. અમેરિકાની યેલ યુનિવર્સિટી અને બ્રિટનની ઑક્સફર્ડ યુનિવર્સિટી પછી લાકડાંના નમૂનાઓનો આટલો મોટો સંગ્રહ દુનિયામાં બીજે ક્યાંય નથી.

આ લાકડાં-લાયબ્રેરીમાં મેં જગતનું સૌથી હળવું લાકડું જોયું. એનું મોટું તોતીંગ બીમ જોઇને મને થયું કે મારાથી એ હલી-ચલી પણ નહિ શકે. પરંતુ એ તો એટલું હલકું હતું કે હું એને ટચલી આંગળીથી જ ઉપાડી શકયો. એ હતું દક્ષિણ અમેરિકાનું બાલ્સા વૃક્ષ. હવે સિલોનમાં પણ એને ઉગાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. ભારતમાં બનતાં લાકડાંમાં સહુથી હલકાનું નામ પાપિટા છે.

પૃથ્વીનું સૌથી હળવું લાકડું ભલે ભારતમાં નથી બનતું. પણ સૌથી ભારે બને છે. ચંદ્રા નામના ઝાડનું એ લાકડું મુંબઈ પાસે થાણાનાં જંગલોમાં થાય છે તેની ખુદ મુંબઈવાસીઓને ય જાણ નહિ હોય.

ભારતમાં બનતાં ૭,૫૦૦ જાતનાં લાકડાંમાંથી ૧,૧૦૦ તો વન-સંસ્થાની જમીન ઉપર જ ઉગાડાય છે. તે ઉપરાંત, દેશના બીજા ભાગોમાં ઊગતાં અનેક જાતનાં વૃક્ષોનાં લાકડાં ત્યાં પ્રયોગો માટે આવતાં રહે છે. સંસ્થાની કૉલેજમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ જંગલ-ખાતાની કામગીરીની તાલીમ પામે છે. બે વરસના અભ્યાસને અંતે સરકારી જંગલખાતામાં એમને કામ સોંપવામાં આવે છે.

(મિલાપ) —હોમી તાલિયારખાન

સો વરસ પરનું પ્રવેશપત્ર

આ વરસે ભરાએલા બ્રિટનના (શતાબ્દી) મહોત્સવની મુલાકાત માટે દાખલ થવા સારુ ઈંગ્લંડની બે સ્ત્રીઓએ, સો વરસ પહેલાં ૧૮-૫૧માં ભરાએલા મહોત્સવ સમયની ટિકિટો (પ્રવેશપત્રિકા) વાપરી હતી! તેમની દાદીમાઓએ સો વર્ષ પર ૧૮૫૧નું પ્રદર્શન જોવા માટે ખરીદેલી ટિકિટો (જે તેમના કુટુંબમાં બે પેઢીથી જળવાતી આવેલી તે) તેમણે જતનપૂર્વક સાચવી રાખેલી; અને પ્રદર્શનના સત્તાવાળાઓ પાસેથી તે વાપરવાની પરવાનગી મેળવેલી! આ મામૂલી લાગતા સમાચાર પાછળ મહત્ત્વ તો એ વાતનું છે કે સો સો વરસ સુધી નજીવી લાગતી વસ્તુઓનું જતન કરનાર એ કુટુંબો જીવનમાં નાની વસ્તુઓ માટે પણ કેવી ચોકસાઈ રાખતાં હશે? પ્રજાઓના ચરિત્ર્યના પહેલ આવા અસંખ્યાત નાના પ્રસંગોથી જ પડે છે.

મકાઈનાં ભજિયાં

તાજી મકાઈ અથવા મકાઈના સૂકા દાણા બે વાટકી લઈ, ગરમ પાણીમાં ૩૦ મિનિટ પલાળી રાખવા. પછી ચોખા ૦। વાટકી આખી રાત પલાળી રાખવા, ને સવારે થોડું થોડું પાણી મેળવી વાટી નાખવા.

મકાઈના પલાળેલા દાણાને પણ બારીક વાટવા, ને પછી વાટીને તૈયાર કરેલા ચોખા સાથે ભેગા કરી ખૂબ હલાવવું. આ મિશ્રણને સાધારણ ભજિયાંના મિશ્રણ જેવું બનાવી, તેમાં આદુ, મરચાં, બારીક કાપેલા કાંદા, મીઠું તથા થોડું જીરું નાખવું. ઉપરાંત એક ચમચી સોડા અથવા ગરમ કરેલું તેલ થોડું નાખવું.

સોડા નાખ્યા બાદ હળદર ન નાખવી, નહિ તો રંગ લાલ બની જશે. આ મિશ્રણને તૈયાર કરી એનાં ભજિયાં ઉતારવાં. ગરમ ગરમ ખાવાથી ખૂબ મજાના લાગે છે. (લોકનાદ)


હૃદયના ધબકારાનું ધ્વનિ-આલેખન

તબીબી વિદ્યાર્થીઓને હૃદયના ધબકારાનું શિક્ષણ આપવા હવે હૃદયના ધબકારાની રેકર્ડ ઉતારી લેવાય છે. સામાન્ય રીતે તો, તબીબો સ્ટેથોસ્કોપનું ભૂંગળું કાનમાં જોડી હૃદયના ધબકારા સાંભળે છે. પણ આ રીતે, દરેક વિદ્યાર્થીએ હૃદયના ધબકારા સાંભળ્યા છે કે નહિ એની કોઈ ખાતરી થઈ શકતી નથી.

પણ હવે રેકોર્ડ ઉતારવાથી એનો અવાજ અચૂક સૌથી સાંભળી શકાય છે, અને એ રીતે, એકી સાથે અનેક વિદ્યાર્થીઓને શિક્ષણ આપી શકાશે. હૃદય ઉપર એક ખાસ બનાવટનું ધ્વનિવાહક યંત્ર (માઈક્રોફોન) મૂકી પટ્ટી પર એનું ધ્વનિ-આલેખન કરી લેવામાં આવે છે. પછી લાઉડ સ્પીકર પર આ રેકોર્ડ મૂકી સાંભળવાથી સ્ટેથોસ્કોપ મારફત સંભળાતા અવાજ જેવો જ અવાજ સંભળાય છે.

ધાતુની ધોલાઈ

'મેટલ લૉન્ડ્રીઝ ઍન્ડ ડી-રસ્ટિંટ લિ.' નામે એક કંપનીએ હમણાં ધાતુની જૂની વસ્તુઓ, સાંચાકામ વગેરેને સાફ કરવાની એક અજબ



ને સરળ પદ્ધતિ શોધી કાઢી છે. એક ખાસ બનાવટના આલ્કલી સોલ્યુશન (દ્રાવણ)થી ભરેલી ૩૦૦૦ ગૅલનની કુંડીમાં ૪૦૦૦ ઍમ્પી-અરનો વિદ્યુત્ પ્રવાહ દાખલ કરવાથી તેમાં ફીણ ને પરપોટા ઉડાડતો હાઇડ્રોજન ગૅસ ઉત્પન્ન થાય છે. એ દ્રાવણમાં ધાતુની કોઈ પણ વસ્તુ બોળવાથી તેમાં ભરાએલો કાટ, કચરો, કસ્તર બધું સાફ થઈ જઈને થોડી વારે બહાર કાઢતાં જાણે તે કારખાનામાંથી પૉલિશ થઈને નવી બહાર પડી હોય એવા રૂપે નીકળે છે. ખૂબી તો એ છે કે આમાં ટચુકડી ચાકીથી માંડી મોટાં રેલવે એન્જિનો સુધીની વસ્તુઓ સાફ કરી શકાય છે, અને તે પણ એ સાંચાને જરા પણ ખોલ્યા વિના! દ્રાવણ એ સાંચાના બારીકમાં બારીક ખૂણા ખાંચરામાં પહોંચી જઈને ત્યાંથી કચરો સાફ કરી નાખે એટલું તેજ હોય છે ને છતાં ગમે તેવી છિદ્રાળુ ધાતુને પણ આ દ્રાવણથી જરા પણ જફા પહોંચતી નથી. ઉપરના ચિત્રમાં એ રીતે દ્રાવણની કુંડીમાં બોળી સાફ કરીને બહાર કાઢેલું એક 'ઍડિંગ મશીન' (ટાઈપરાઈટર જેવું સરવાળા કરતું યંત્ર) તથા એક ત્રીકમ દર્શાવ્યાં છે.

સૂકાં અંજીર

શિયાળો બેસતાં જ સૂકાં અંજીર આવવાં શરૂ થયાં છે. તેમાં સૂકા અંજીરમાં લોહતત્ત્વ સારા પ્રમાણમાં છે. એમાંનું ગળપણ પણ ઉચ્ચ પ્રકારનું છે. જેને વારંવાર કફ થતો હોય, અશક્તિ જણાતી હોય, શરીર ફિક્કું રહેતું હોય; દૂધ પીવાથી વાયુ થતું હોય તેણે સૂકાં અંજીર દૂધ સાથે ખાવાથી વધારે લાભકારક નીવડે છે. કફના દર્દીએ દૂધ સાથે અંજીર ખાવાની ટેવ રાખવી.

નાનાં બાળકોને મિઠાઈ વધુ પ્રિય હોય છે, તેને બદલે સૂકાં અંજીર આપવામાં આવે તો દાંત સ્વચ્છ રહે છે, અને બાળકનું શરીર સશક્ત ને લાલઘૂમ બને છે; કેમકે સૂકાં અંજીર શક્તિવર્ધક, લોહી વધારનાર અને બળદાયક છે.

આ માસ(જાન્યુઆરી)ઇતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: મહારાણી લક્ષ્મીબાઇ



અપૂર્વ શૂરાતન, અપ્રતિમ રણકૌશલ તથા અડગધૈર્યપૂર્વક પ૭ની ક્રાંતિમાં ઝૂઝનાર, એની યુદ્ધદેવતા રાણી લક્ષ્મીબાઇનો જન્મ, કાશીમાં ચિમાજી અપ્પાના દીવાન મોરોપંતને ત્યાં શકે ૧૭૫૭ના પોષ સુદી ૧૩ને દિવસે થયો હતો. તેનું મૂળ નામ મનુબાઇ હોવા છતાં નાનપણમાં આકર્ષક બાંધા અને પાણીદાર સ્વભાવને લીધે તે 'છબિલી' કહેવાતી. સત્તાવનના બળવાના બીજા નેતા નાનાસાહેબ પેશ્વા સાથે જ તેનો ઉછેર થયો હોઇ રણયોગ્ય મરદાની ખેલોમાં તે નિપુણ થએલી. ૧૮૪૨માં ઝાંસીના મહારાજા ગંગાધરરાવ સાથે તેનાં લગ્ન થયાં. પણ '૫૩માં ગંગાધરરાવનું અવસાન થયું અને તેમના સ્પષ્ટ વસિયતનામાને કોરે મૂકીને તથા તેના દત્તકને અમાન્ય ગણીને અંગ્રેજોએ રાણી લક્ષ્મીબાઈ પાસેથી ઝાંસી ખૂંચવી લઇ ખાલસા કર્યું. ત્યારથી તેણે અંગ્રેજો વિરુદ્ધ હૃદયમાં આગ ભારી રાખી હતી જેને '૫૭ના બળવાએ પ્રજ્જ્વલિત કરી. મીરતમાં સ્વાતંત્ર્યયુદ્ધની જાગગરી ચંપાતાં જ તેણે હુમલો કરી ઝાંસી પાછું લઇ લીધું. તેને સ્ત્રી અને તે યે નાની ઉંમરની જાણી ગંગાધરરાવના એક સગા સદાશિવે તથા ઓરછાના દીવાન નથ્થેખાંએ તેની વિરુદ્ધ બંડ કર્યું, પરંતુ એ બંનેને કુશળતાથી સખત હાથે દાબી દઇ રાજ્યમાં તેણે ઉત્તમ વ્યવસ્થા સ્થાપી. ત્યાં તો ૧૮૫૮ની ૨૦મી માર્ચે સર હ્યુ રોઝે ઝાંસી ઘેર્યું. બિનકેળવાએલ અને ઓછા સૈનિક તથા મર્યાદિત રણસામગ્રી દ્વારા પણ રાણીએ તેને સત્તર દિવસ સુધી લડાઇ આપી. અંતે દારૂગોળો ખૂટવા આવવાથી પાછા જવા તૈયાર થતા રોઝને કોઈએ ગુપ્ત માર્ગ બતાવી દેતાં ઝાંસી પડ્યું. અંગ્રેજ સેનાની વચ્ચેથી રાણી નાઠી અને કાલ્પીમાં પેશ્વા તથા તાત્યા ટોપેને જઈ મળી. હ્યૂ રોઝે ત્યાં યે ઘેરો ઘાલ્યો. ત્યારે ગલોલી મુકામે સામે ધસી જઈ તેણે અંગ્રેજી તોપોનાં મોં બંધ કરી દીધાં. પણ બળવાના નેતાઓએ તેને એક સ્ત્રી લેખવીને તેની વ્યૂહરચનાને અવગણી અને પરિણામે કાલ્પી પડ્યું. ફરી તેણે ગ્વાલિયરમાં કેન્દ્ર સ્થાપવા સૂચવ્યું અને વિરોધ કરતા સિંધિયાને જેર કરીને પણ પોતે અગ્ર રહી ત્યાંનો મોરાર કિલ્લો જીતી આપ્યો. અહીં પણ હ્યુ રોઝ ચડી આવ્યો અને ૧૮મી જૂને જનરલ સ્મિથે પણ તેની સાથે મળી જંગી હુમલો કર્યો, ત્યારે રાણીએ, ત્રેવીસ વર્ષની કાચી વયે, પીઠે પોતાનો દત્તક બાળક, બે હાથમાં નાગી તલવાર અને મોંમાં ઘોડાની લગામ લઇ, લશ્કરને મોખરે રહી જે અલૌકિક પરાક્રમ બતાવ્યું તેનો જોટો જગતભરના ઈતિહાસમાં નથી. પણ આખરે તેનાં મર્યાદિત માણસો અને સાધનો ન ટકી શકતાં તે નાઠી. દુશ્મનો પાછળ પડ્યા અને એક આડા આવેલા વોંકળાને તેનો ઘોડો ન ઠેકી શકતાં તે ઘેરાઇ ગઇ. અહીં પણ તેણે એકલી હોવા છતાં બહાદુરીથી સામનો કર્યો, પણ આખરે માથે અને છાતીએ ઘા પડતાં, એ મારનારને કાપી નાખીને રાણી ઢળી પડી.

દિનવિશેષ

તા. ૨ ગ્રૅનેડાના યુદ્ધમાં મૂરોનો પરાજય: યુરોપ પરની ઈસ્લામી સત્તાનાબૂદ થઈ, ૧૪૯૨

તા. ૩ પોર્ટુગીઝ ગવર્નર અલ્બુકર્કે કાલીકટ પર હલ્લો કરી ઝામોરીનનો મહેલ સળગાવ્યો. હિંદમાં પહેલો પરદેશી પગદંડો ૧૫૧૦.

તા. ૪ સુરત શહેરને ભસ્મીભૂત કરનારી ભીષણ આગ ત્યાં લાગી, ૧૮૯૧.

તા. ૭ પાણીપતનું ત્રીજું યુદ્ધ, જેમાં અહમદશાહ દુરાનીએ મરાઠાઓને સજ્જડ હાર ખવરાવી, ૧૭૬૧.

તા. ૧૨ સ્વામી વિવેકાનંદનો જન્મ, ૧૮૬૩.

તા. ૧૫ જાનમાલની અસીમ ખુવારી કરનારો બિહારનો કરાળ ધરતીકંપ થયો, ૧૯૩૫.

તા. ૧૮ લૉર્ડ અર્વિનના હાથે નવું દિલ્હી ખુલ્લું મુકાયું, ૧૯૨૭.

તા. ૧૯ જગતની સાંસ્કૃતિક ઉત્ક્રાંતિમાં મોટો ફાળો આપનાર વરાળયંત્રના શોધક જેમ્સ વૉટનો જન્મ, ૧૭૩૬.

તા. ૨૩ તાલીકોટના યુદ્ધમાં દખ્ખણનું હિંદુ સામ્રાજ્ય વિજયનગર ભાંગ્યું, ૧૫૬૫.

તા. ૨૮ વ્યોમેશચન્દ્ર બેનરજીના પ્રમુખપદે મુંબાઈમાં હિંદી રાષ્ટ્રીય મહાસભા(કૅાંગ્રેસ)-ની પહેલી બેઠક ભરાઇ, ૧૮૮૫.

તા. ૨૯ નિષ્ણાત યુનાની હકીમ, દિલ્હીની તીબિયા કૉલેજના સ્થાપક, હિંદુ-મુસ્લિમ ઐક્યના પુરસ્કર્તા તથા દેશભક્ત હકીમ અજમલખાનનું અવસાન, ૧૯૨૭.

નવેમ્બર (૧૯૫૧)ની તવારીખ

તા. ૪ ફિલિપાઈન્સના કેમિગ્વિન ટાપુમાં હિબોક નામનો જ્વાળામુખી ફાટીને તેના ધગધગતા લાવા રસમાં ૨૦૦૦ વતનીઓનાં મરણ; **તા. ૫** ભારતીય કલાના પુનરુદ્ધારક ડૉ. અવનીન્દ્રનાથ ઠાકુરનું અવસાન; દરબાર શ્રી ગોપાળદાસ દેસાઇનું અવસાન; **તા. ૧૫** ઇંગ્લંડે હુંડિયામણના સોદા પરથી અંકુશ ઉઠાવી લેતાં ત્યાં વાયદાના સોદાની શરૂઆત; **તા. ૨૦** કીનિયાની ધારાસભાએ સખત વિરોધ છતાં મુસ્લિમ અને બિનમુસ્લિમ એશિયાવાસીઓ માટે આફ્રિકામાં પણ અલગ મતાધિકારનું ઝેર દાખલ કરતો ખરડો પસાર કર્યો. **તા. ૨૫** ઉત્તર આફ્રિકામાં આવેલા ઇટાલીના સંસ્થાન લીબિયાને રાષ્ટ્રસંઘની નિગેહબાની હેઠળ સ્વાતંત્ર્ય મળ્યું અને તે પૂર્ણ સાર્વભૌમ રાજ્ય બન્યું.

પ્રસંગવિશેષ: મહમૂદ ગઝનીની સોમનાથ પર ચઢાઇ

વારંવાર હિંદ પર ચડી આવીને લૂંટ ને કતલ ચલાવી પુષ્કળ દ્રવ્ય તથા સંખ્યાબંધ માણસોને કેદી બનાવી લઇ જતા મહમુદ ગઝનીએ છેવટે ઈ. ૧૦૨૬ના જાન્યુઆરીની ૭મી તારીખે સૌરાષ્ટ્રના સમૃદ્ધ જ્યોતિર્લિંગ સોમનાથ પર પણ સવારી કરી ત્યારે સોમનાથ દેવ જ પોતાને ઉગારી લેશે એવી આશાથી પચાસ હજાર માણસોએ મંદિરનો આશરો લીધેલો. તે કમજોર અંધશ્રદ્ધાળુઓની કતલ કરી મહમુદે મંદિર તોડ્યું અને અનેક સદીઓથી મળતી આવેલી ભેટોની અઢળક સમૃદ્ધિ લૂટી. મહાદેવના નવ ફૂટ મોટા લિંગમાંથી પણ તેને પુષ્કળ ઝવેરાત મળ્યું. એ સમયે તો આપણા પર વિધર્મી કે વિદેશી સત્તા પણ કોઈ નહોતી. માત્ર અંધ ધર્મી ઘેલછા અને કદાચ આપણામાંના કુસંપ તથા બેદરકારીને લીધે જ આપણે તેને ન હાંકી શકયા. ગઝનીથી હજાર માઈલ છેટે, અનેક રાજ્યો ને ભયંકર રણ વટાવી તે છેક સૌરાષ્ટ્ર સુધી આવ્યો અને લૂટી ગયો ત્યાં સુધી એની એ લાંબી મજલમાં એનો પૂરવઠો સરખો પણ કોઇ ન તોડી શકયું એ તો આપણા ઇતિહાસની એક ભયંકર અને શરમજનક બીના છે. એના એ આક્રમણે જ અનેક પરદેશી આક્રમણકારોને હિંદુસ્તાનની કમજોરીના આકડે ચોંટેલું સમૃદ્ધિનું મધ બતાવ્યું અને આપણા પર પરસત્તાની પનોતી બેઠી.

જગ ભલે અસત્યે જીતે, જગ ભલે અધર્મ તણાય;
તુજ અંતરતેજ સુરીતે તું જાળવ એ તમ માંહ્ય.

પંડિત સુંદરલાલ જુવાનીમાં એક કૉંગ્રેસ બેઠક વખતે તેની સ્વાગત કચેરીમાં કામ કરતા હતા ત્યાં પોતાનું પ્રવેશપત્ર લેવા આવેલા એક સિંધી પ્રતિનિધિ પંડિતજીની સામે તાકીને જોઈ જ રહ્યા. કારણ પૂછતાં તેણે કહ્યું કે 'તમારા જેવા જ ચહેરાનો મારે પુત્ર છે, જેને ગંભીર માંદગીમાં છોડીને હું આવ્યો છું, તેનો મને ખ્યાલ આવી ગયો.'

બીજે દિવસે એ ગૃહસ્થના નામનો જ તાર કચેરીમાં આવતાં પંડિતજીને શંકા પડી ને તાર ખોલી જોતાં તે સાચી પડવાથી જાતે જ તેમને તાર પહોંચાડી આશ્વાસન આપીને પૂછ્યું 'આપને જે ટ્રેઈનથી જવું હોય તે પર પહોંચાડવા વ્યવસ્થા કરું.' તેમણે જવાબ આપ્યો: 'કૉંગ્રેસ-બેઠક પૂરી થયા વિના હવે પાછો જાઉં તો જે ગામે મને પ્રતિનિધિ બનાવી મોકલ્યો છે તેમનો વિશ્વાસઘાત કર્યો કહેવાય. હવે તો બેઠક પૂરી થયે જ જઈશ.'

અનેકાર્થી શબ્દ: ગો = ગાય; ઇંદ્રિય; વાણી; પૃથ્વી; આકાશ.

ગણિતગમ્મત

૬૦^2–૫૧^2=૯૯૯
૫૬૦^2–૫૫૧^2=૯૯૯૯
૫૫૬૦^2–૫૫૫૧^2=૯૯૯૯૯
૫૫૫૬૦^2–૫૫૫૫૧^2=૯૯૯૯૯૯
૫૫૫૫૬૦^2–૫૫૫૫૫૧^2=૯૯૯૯૯૯૯
૫૫૫૫૫૬૦^2–૫૫૫૫૫૫૧^2=૯૯૯૯૯૯૯૯

ને એમ ગમે ત્યાં સુધી. (નૌતમ વખારિયા)

કહેવતોના અર્થ: 'હલકું લોહી હવાલદારનું'–પોલીસોમાં ઉપરીઓના હુકમનો અમલ (જપ્તી, ધાકધમકી, મારઝૂડ, કેદ વગેરે) કરવાનું કામ હવાલદારને માથે હોય છે. આથી તે જાતે સારો હોય તોપણ કામગીરીને લીધે તે જ વગોવાય છે. એમ, કોઈ નુકસાન કે ખરાબીની જવાબદારી પોતાની ન હોવા છતાં અમુક સ્થાન, ફરજ કે પરિસ્થિતિને લીધે કોઈ બદનામ થતું હોય તે દર્શાવવા આ કહેવત વપરાય છે. એને મળતી બીજી કહેવતો: 'છીંડીએ ચડ્યો તે ચોર'; 'વાઘનું મોં લોહીઆળું'; 'કટકમાં કાણો ઊંટ બદનામ'; 'ચોરને માથે કાગડો'; 'નામીચો શાહુકાર રળી ખાય ને નામીચો ચોર માર્યો જાય'; વગેરે.

ફુદીનો, લીંબુનો રસ, તુલસી ને આદુની ચટણી ખોરાક સાથે લેવાથી મંદાગ્નિ મટશે.



ટાંકને માત્ર પાણીમાં બોળવાથી જ શાહીના અક્ષર લખી શકાય એવી એક યુક્તિ છે. ઉપલા ચિત્રમાં બતાવ્યા મુજબ જાંબલી રંગનો નાનો ગાંગડો જરા ભીંજવીને ટાંકની નીચે ચોડી રાખવો. જ્યારે લખવું હોય ત્યારે ટાંક પાણીમાં બોળવાથી થોડો થોડો રંગ ટાંકમાં ઊતરશે અને લખાશે. લખીને ટાંક લૂછવી નહિ પણ એમ જ સુકાવા દેવી. (૨૫)

દુઃખ આવે તો કદી ગભરાશો નહિ; કેમકે જેણે જન્મીને દુઃખ નથી જાણ્યું તેણે દુનિયા પણ અર્ધી જ જાણી છે.



નવી દિલ્હીમાં હમણાં મળેલી કૉંગ્રેસ બેઠક વખતે કૉંગ્રેસના મંડપ સત્યવતી નગર માટે ખાસ ઊભી કરેલી ટી.પી.ઓ. (હંગામી પોસ્ટ ઑફિસ) માટે યોજાએલી રદ્દીકરણની છાપ. (રાજેન્દ્ર ઈનામદાર)

નવેમ્બર અંકમાં આપેલા અંકજંત્રમાં બીજી આડી હારના ૧લા ખાનામાં મુદ્રણદોષથી ૧૯નો અંક છપાયો છે તે ૧૯૧ જોઈએ.

ફીનલૅન્ડનો પેકોનેન રોજ દોઢ-બે હજાર છીંકો ખાય છે. વચ્ચે એકાદ અઠવાડિયાનો ગાળો પડી જાય છે; પણ ફરી છીંકો આવવી શરૂ થાય ત્યારે વળી બે'ક હજાર આવે!

ટેલીફોન પર અવાજ: આજ મારા દીકરાનું ગળું સળેખમથી પકડાયું છે, એટલે તે નિશાળે નહિ આવી શકે.
શિક્ષક: આ કોણ બોલે છે?
અવાજ: મારા બાપા!



કલાકણિકા: જાપાની જલપાત્ર. જેઈડ નામના પથ્થરનાં તથા ભીનો કરેલી (ઓપ ચડાવેલી) ચીનાઈ માટીનાં ચીન, જાપાન અને કોરિયાનાં વાસણો તેમનાં અભિનવ ઘાટ અને તે પરની નાનાવિધ શોભનકલા માટે દુનિયાભરમાં બહુમૂલ કલારત્નો સમ ગણાય છે. એ દેશોમાં એ કલા હજારો વર્ષથી ઊતરી આવેલી છે તથા પરંપરાગતરીતે સચવાતી આવી છે અને તેની સર્વોત્તમ કલાકૃતિઓ જગતનાં બધાં મોટાં કલા-સંગ્રહસ્થાનોમાં સંઘરાઈ છે. આ પાત્ર ઉપર માછલી, પાણીનાં લહેરિયાં, પરપોટા ને મોજાં વડે સમુદ્રનું આલેખન છે; કેમકે સમુદ્ર એ જાપાની ટાપુનો જીવનદાતા છે.



અમદાવાદના ફોટોકલા-મંડળ 'નિહારિકા'ના ઉપક્રમે ભરાયેલા બીજા આંતરરાષ્ટ્રીય કલાત્મક ફોટોગ્રાફીના પ્રદર્શનમાં રજૂ થયેલી બીજી બે સુંદર કૃતિઓ અહીં આપી છે.

રૂપગર્વિતા

પ્રદર્શનનો રૌપ્ય-પદક પામેલું, ચીની ફોટોકલાકાર ફ્રાન્સિસ વૂ નું જમણી બાજુનું આ ચિત્ર પૂર્વયોજિત હોવા છતાં એ તદ્દન સ્વાભાવિક લાગે એટલી બધી જહેમત કલાકારે એમાં ઉઠાવી છે. ચિત્રની કર્ણરેખાએ આલંગ કરીને ઊભેલા પાત્રના બંને હાથની રચના, બાકીની જગ્યામાં કુદરતી રીતે આવી રહીને ચિત્રનું સમતોલ સંયોજન રચી રહે છે, અને અરીસાવાળો હાથ અંબોડાના જથ્થાની સામે ભારસામ્ય સાધી રહે છે. શણગારના સાધન રૂપ પીંછી પણ ચિત્રની સીમા રચવામાં મદદરૂપ બને છે અને એ હાથની ગતિમયતા એટલી સજીવ લાગે છે કે જોનારની આંખ ચહેરા પર જ સ્થિર થઈ જાય છે. ચિત્રનું આયોજન ઉત્કૃષ્ટ કોટિનું છે અને એમાં ચીની સુંદરીની આત્મગૌરવની લીલા સરસ આલેખાઈ છે.

સ્ટેશનમાં સૂર્યશોભા

અમેરિકન ફોટોકલાકાર ફ્રૅન્ક માઈસ્ટરનું આ નીચલું ચિત્ર ઘેરા વાતાવરણમાં રસળતાં સૂર્યકિરણોનું સૌંદર્ય પ્રકટ કરે છે. એનું પણ આયોજન કર્ણરેખાનું (ડાયાગનલ) છે. સ્ટેશનની ગાઢ પાર્શ્વભૂમિને વિશાળ બારીમાંથી આવતો સૂર્યપ્રકાશ વીંધે છે, ને એ આખા વાતાવરણની સજીવતા સાકાર થાય છે. ઉપલા ડાબા ખૂણામાં વિદ્યુત-દીપનાં વર્તુલો રચી રહેલું ઝુમ્મર પણ, એ ખાલી પડતા ઘેરા ભાગને સમતોલ બનાવવાની સાથે એ સજીવતામાં પૂર્તિ કરે છે.

['નિહારિકા'ના સૌજન્યથી]

